بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧/મે/૨૦૧૬**

શાબાનુલ મુઅઝ્ઝમ–રમઝાનુલ મુબારક
હિજરી સન : ૧૪૩૭

વર્ષ : ૧૩, અંક : ૦૬, સળંગ અંક : ૧૫૦

સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/– |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/– |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/– |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/– |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/– |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/– |


**માનદ તંત્રી**
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | શબે કદ્રની ઈબાદતો | 02 |
| 02 | ખુદા વ રસૂલ તરફથી રમઝાન ઓફરો અને આપણે | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 06 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 09 |
| 05 | અસ્માઉલ હુસ્ના | 11 |
| 06 | હદાઈકે બખ્શિશ | 13 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 17 |
| 08 | ગલતફહમી તથા તેની સુધારણા | 19 |
| 09 | ફિકહે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ | 20 |
| 10 | ઈઝરાઈલ આતંકવાદની માતૃભૂમિ તથા પાઠશાળા | 23 |
| 11 | મોબાઈલથી ઈસ્તેફાદાએ ખબર વડે ચાંદની સાબિતી | 26 |
| 12 | ચાંદની સાબિતીના વિવિધ તરીકાઓ વિશે પ્રશ્નોત્તરી | 29 |
| 13 | રાહે ખુદામાં ખર્ચ કરો દુનિયા વ આખેરતની...... | 32 |
| 14 | ખાતૂને જન્નતની દીન માટે કુર્બાનીઓ અને આપણે | 34 |
| 15 | બ્રિટનમાં રમઝાન ઓફરના નામે હરામ ચીજોનું વેચાણ ! | 40 |
| 16 | બરકાતે ખ્વાજાની ટપાલ | 42 |


**(વિસાલ : ૨૧-રમઝાન) મન્કૂબત દર શાને અલી** رضی اللہ عنہ

(અઝ : આકિબખાન બરકાતી–પેટલાદ)

અન્વારસે ચમકતા મૌલા અલી કા ચેહરા
દિખલા દે મેરે મૌલા, મૌલા અલી કા ચેહરા

હુસ્ને નબી કા જલ્વા મૌલા અલી કા ચેહરા
શકલે ખલીલ જૈસા મૌલા અલી કા ચેહરા

યે ઈન્તેખાબે હક઼ થા કે ફાતિમા કી ખાતિર
મેરે નબી કો ભાયા મૌલા અલી કા ચેહરા

જબ ઝૈનુલ આબેદીંને રખ્ખા કદમ હરમ મેં
કાબે કો યાદ આયા મૌલા અલી કા ચેહરા

સિદ્દીક કી નઝર કા યે હુસ્ને મશગલા થા
ઉલ્ફતસે તકતે રહના મૌલા અલી કા ચેહરા

આઈને પળ ગયે હૈં હૈરત મેં દેખકર કે
ચેહરા હે ગૌષ કા યા મૌલા અલી કા ચેહરા

ઈમાન કી નિશાની "આકિબ" યહ કમ નહીં હે
હમકો બહુત હે પ્યારા મૌલા અલી કા ચેહરા

ખ્વાજા મુઈનુદ્દીં કી શકલે હસીં મેં **"આકિબ"**
દીદાવરોં ને દેખા મૌલા અલી કા ચેહરા

# શબે કદ્રની ઈબાદતો

કાર્યાલય

❖ જેણે શબે કદ્રની રાતમાં ત્રણવાર **લાઈલાહ ઈલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ﷺ પઢયું તો પ્રથમ વાર પઢવાથી રબ તઆલા તેની મગફેરત ફર્માવી આપે છે, બીજીવાર પઢવાથી જહન્નમથી આઝાદ ફર્માવી દે છે અને ત્રીજીવાર પઢવાથી જન્નતમાં દાખલ ફર્માવે છે. (દુર્રતુન્નાસિહીન)

❖ શબે કદ્રમાં આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. જે બંદો એમાં નમાઝ પઢે છે તો અલ્લાહ તઆલા તેની એક એક તકબીર (અલ્લાહુ અકબર)ના બદલામાં જન્નતમાં એવું સાયાદાર ઝાડ અતા કરે છે કે તેની નીચે ચાલનાર ૧૦૦ વરસ ચાલે છતાં તેનો સાયો પૂરો થશે નહીં. અને દરેક રકાતના બદલામાં જન્નતમાં એક મકાન મોતીઓ, યાકૂત, ઝબરજદ અને લૂઅ્ લૂઅ્ (ના પથ્થરો)નુ અતા કરશે. દરેક સલામ ફેરવવાના બદલામાં જન્નતી ચાદરોમાંથી એક ચાદર અતા કરશે. (દુર્રતુન્નાસિહીન)

❖ આ રાત્રે નમાઝની નિય્યતે ગુસ્લ કરશે તેના તમામ ગુનાહ માફ થશે, પગો ધોતા પહેલાં. ❖ રાત્રે જાગી ઈબાદત કરનારને ૨૭ હજાર સાલનો સવાબ મળશે તથા કબ્ર નૂરથી રોશન થશે. ❖ ૭ વાર સૂરએ કદ્ર પઢે તો ૭૦ હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

## શબે કદ્રની નફ્લ નમાઝો

❒ **૪ રકાત નમાઝ** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ત્રણ વાર અને 'કુલ્ હુવલ્લાહ' ૫૦ વાર. સલામ ફેરવ્યા બાદ સજદામાં જઈને ૧ વાર **''સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ અલ્લાહુ અકબર''** પછી જે દુઆ માંગશે તે કબૂલ થશે, ઈન્શાઅલ્લાહ.

❒ **૪ રકાત** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી ૧ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૨૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થશે જાણે કે આજે જ પેદા થયો અને તેને રબ તઆલા જન્નતમાં હજાર મહેલ અતા કરશે.

❒ **૨ રકાત** : બંનેમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૧ વાર અને **'કુલ્હુવલ્લાહ'** ૩ વાર પઢે તો અલ્લાહ તઆલા તેને શબે કદ્રનો સવાબ અતા કરશે અને તેના રોઝા કુબૂલ ફર્માવશે.

❒ **૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૧૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. તેની રબ તઆલા મરતી વેળા સકરાત આસાન ફર્માવશે અને કબ્રનો અઝાબ દૂર કરશે.

❒ **૨ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૭ વાર અને ૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને ઈસ્તિગફાર અને દુરૂદ ૧૦૦ વાર પઢે. રબ તઆલા આ પઢનારને તથા તેનાં મા બાપને બખ્શી આપશે.

❒ **૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી 'અલ્હાકુમુત્તકાસુર' ૧ વાર અને ૩ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો આ નમાઝ પઢનાર પર મૌતની સખ્તી આસાન થશે અને જન્નતમાં ચાર સુતૂન મળશે અને દરેક સુતૂન પર હજાર મહેલ હશે. (ગુન્યતુત્તાલિબીન)

❒ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે : જે શબે કદ્રમાં ઈશાની નમાઝ બાદ ૭ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** પઢશે તો દરેક મુસીબતથી નજાત મળશે અને હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

❒ શબે કદ્રમાં સુબ્હ સાદિકની નજીક ૪ રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં 'અલ્હમ્દ' પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૫ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને સજદામાં જઈ **૪૧** વાર **'સુબ્હાનલ્લાહ'** પઢે તેની તમામ હાજતો પૂરી થશે.

❒ આ રાતમાં સલાતુત્તસ્બીહ જરૂર પઢે, કબ્રસ્તાન જાય, તથા મીઠી ચીજ પર હુઝૂર ﷺ તથા તમામ મુસલમાનોના નામે ફાતેહા કરે અને આ દુઆ કસરતથી પઢે :– **અલ્લાહુમ્મ ઈન્નક અફુવ્વુન કરીમુન તુહિબ્બુલ અફ્વ ફઅ્ફુ અન્ની.**

# ખુદા વ રસૂલ તરફથી રમઝાન ઓફરો
# અને આપણે

તંત્રી લેખ

આ દુનિયા પણ અજબની છે. દુનિયાની કંપનીઓની જાહેરાત પર એવો આંધળો વિશ્વાસ મૂકી દે છે કે છેવટે ઘર પણ વેચવાનો વારો આવે એવા ધંધા લોકો કરી બેસે છે. કહે છે "લાલચ ત્યાં મૌત"ની જેમ એક લાખ આપો અને દર મહિને દસ હજાર મેળવતા રહો અને પાછા તમારા લાખ તો જમા ને જમા ! જ્યારે ચાહો ત્યારે પરત ! આ અને આવી જાહેરાતોમાં મોટાભાગે નાણા રોકનારા એને વ્યાજ નથી સમજતા ! વળી મોટાભાગે લોકો જે દસ હજાર મહિને મળે તેને પણ પાછા જમા કરાવી અધિક લાભ મેળવવાના ખ્વાબ જોતા રહે છે, પણ અસંખ્યવાર અને અનેક શહેરોમાં એવું બન્યું કે લાલચમાં ઘણા બધાં પંછીઓ કેદ થઈ જાય છે અને મોટી રકમ કંપનીવાળા પાસે જમા થઈ જાય છે તો પછી તેઓ રાતોરાત છુ થઈ જાય છે અને તેમનો કોઈ અતો પતો છેડો પણ મળતો નથી ! દુનિયા કમાવાની લાલચમાં ગમે તેવા માણસોની વાતમાં લોકો આવી જાય છે અને ફસાઈ જતાં ન કહેવાય ન સહેવાય જેવી હાલત થઈ જાય છે અને જિંદગી બદથી બદતર થઈ જાય છે. દુનિયાની સ્કિમો હમેશાં ધોકામાં જ નાખતી હોય છે છતાં તેમાં લોકો ફસાતા રહે છે. જ્યારે સૌથી વિશેષ સાચો આપણો રબ અને કદી વાદા ખિલાફી ન કરે તેવો આપણો રબ દીનની રાહ પકડવા અનેક ઓફરો કરે છે, અને સૈયદુસ્સિદીકીન હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ અલ્લાહના પ્યારા નબી હદીષો થકી દીનની રાહ અપનાવી લાભો પામવા સતત ઓફરો કરે છે પરંતુ અફસોસ ! તેનાથી મુસલમાનો ગાફેલ છે. મોટાભાગે દુનિયાદારની વાત તથા વાયદો જૂઠો હોય શકે છે પણ અલ્લાહ વ રસૂલનો વાયદો સદા સાચો હોય છે એના પર તો ઈમાન રાખવું અનિવાર્ય છે, છતાં ઈમાનની કમજોરીની એ હાલત છે કે લોકો દીન પ્રત્યે સુસ્ત વલણ રાખે છે અને દુનિયવી લાભની વાત સાંભળી ચુસ્તીપૂર્વક એ તરફ દોડી જાય છે.

### ★ દોડો ! દોડો ! રોઝાનાં ઈનામો લૂટી લો ! ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂરે અકરમ ﷺનું ફર્માને આલીશાન છે : "કયામતના દિવસે રોઝાદારોના માટે સોનાનું એક દસ્તરખાન રાખવામાં આવશે જેમાં માછલી હશે, રોઝાદાર એ દસ્તરખાનથી ખાતા હશે અને બીજા લોકો એમને જોતા હશે. *(ગુન્યતુત્તાલિબીન, પેજ–૪૬૨)*

આજે સોના તથા રૂપિયાની લાલચમાં દુનિયાવાળાઓ અજબ અજબની સ્કિમોના શિકાર બની પોતાની મૂડી પણ ગુમાવે છે અને દેવાદાર તથા કેટલાક ઘરબાર વિનાના થઈ જાય છે. જ્યારે ઉપરની ઓફર આપણા ખાલિક તથા માલિક અલ્લાહ عزوجلના રસૂલ ﷺ કરી રહ્યા છે, છતાં તરહ તરહનાં બહાનાઓ બનાવી ઘણા લોકો રમઝાનના ફર્ઝ રોઝા છોડી આપે છે, અફસોસ !

### ★ કયામતમાં રોઝાદાર અર્શના સાયામાં ! ★

આજે દુનિયામાં આવી પડેલી કોઈ મુસીબતમાં કોઈ મદદ કરી આપે તો માનવી તેનું એહસાન નથી ભૂલતો અને તે જે કહે તે કરવા તૈયાર થઈ જાય છે, ત્યાં સુધી કે **કોઈ બદઅકીદા વ્યક્તિ તેની મદદ**

**કરી આપે તો તેના માનમાં સુન્નિયતથી પણ ડગુમગુ થઈ જાય છે !** પણ દુનિયાની મુસીબતો શું છે ?! ક્યામતનો એક દિવસ પચાસ હજાર વરસનો હશે ! આજે ૬૦–૭૦ વરસની જિંદગીમાં સુખચૈન માટે તથા માલદાર થવા માટે માણસ શું શું ધંધા નથી કરતો ! પણ ક્યામતનો એક જ દિવસ પચાસ હજાર વરસનો હશે અને અડધો દિવસ તરહ તરહના અઝાબમાં લોકો પસાર કરી દેશે. જમીન તાંબાની, સૂરજ સવા નેજા પર, દરેક પોતાના ગુનાહો પ્રમાણે પોત પોતાના પસીનામાં ડૂબેલા હશે. વિવિધ અઝાબો લોકો ભોગવીને એવા કંટાળી જશે કે કહેશે કે હવે જન્નત મળે કે જહન્નમ પણ અહીંથી છૂટકારો થવો જોઈએ ! હિસાબ કિતાબ શરૂ થવો જોઈએ. સારાંશ કે અકલ્પનીય મુસીબતો હશે, તેવા સમયે જો સહૂલત રાહત જોઈતી હોય તો શું કરવું જોઈએ તે સાંભળો !

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે મદની આક઼ા صلی اللہ علیہ وسلم નું ફર્માને આલીશાન છે. "જ્યારે **રોઝાદાર** પોતાની ક઼બરોએથી નીકળશે તો એમના મોઢેથી મુશ્ક (કસ્તૂરી)ની ખુશ્બુની લહેરો ઉઠશે, **જન્નતનું એક દસ્તરખાન** એમની સામે રાખવામાં આવશે જેમાંથી તેઓ ખાશે અને તેઓ **સૌ અર્શના સાયામાં હશે.** *(ગુન્યતુત્તાલિબીન, પેજ–૪૬૩)*

હે મુસલમાનો ! ક્યામતની ભયાનક આપત્તિઓમાં જન્નતનું દસ્તરખાન મળે અને ભયાનક ગરમીના માહોલમાં અર્શનો ઠંડો સાયો મળે એ ઓછુ મોટુ ઈનામ છે ?! તો પછી આ ક્ષણિક જિંદગીમાં એશ આરામ ખાતર કે મામૂલી રૂપિયા કમાવાની લાયમાં આટલી મહાન ફઝીલતોવાળા રોઝા છોડનાર મૂર્ખ નથી તો શું છે ? હાથે કરીને પોતાને અસહ્ય અઝાબને પાત્ર નથી બનાવતો તો શું છે ? અલ્લાહ નેક તૌફીક઼ બખ્શે.

## ★ રોઝાદારોની મહેમાનનવાઝી રબ ફર્માવશે ! ★

હદીષે પાકમાં છે : જ્યારે ક્યામતમાં અલ્લાહ તઆલા ક઼બ્રવાળાઓને ક઼બરોએથી ઉઠવાનો હુકમ આપશે તો અલ્લાહ عزوجل ફરિશ્તાઓને ફર્માવશે : **"હે રિદ્‌વાન ! મારા રોઝાદારોને આગળ વધીને મળો ! કેમ કે તેઓ મારી ખાતર ભૂખ્યા તરસ્યા રહ્યા. હવે તમો જન્નતની ખ્વાહિશાતની સર્વ ચીજો લઈને તેમની પાસે પહોંચી જાવ".** ત્યારબાદ રિદ્‌વાન જન્નતને જોરથી પોકારીને કહેશે, હે જન્નતના ગિલ્માન તથા વિલ્દાન ! નૂરના મોટા મોટા થાળ લાવો ! ત્યારબાદ દુનિયાની રેતીનાં રજકણો અને વરસાદના ટીપાંઓ અને આસ્માનના તારાઓ અને ઝાડોનાં પાંદડાંઓ બરાબર **મેવાઓ તથા ખાવા પીવાની સ્વાદિષ્ટ ચીજો (જન્નતની !) ભેગી કરીને રોઝાદારો સામે રાખી દેવામાં આવશે અને તેમને કહેવામાં આવશે, જેટલી મરજી હોય ખાવ ! આ તે રોઝાઓનો બદલો છે જે દુનિયામાં તમે રાખ્યા.** *(રૂહુલ બયાન, ભાગ–૨)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! વિચારો ! આજે હોટલમાં દા'વત આપીને કોઈ સ્વાદિષ્ટ ડિશ ખવડાવી આપે તો તેના આભારમાં તમો ઝુકી ઝુકી જાવ છો ! ભલે તે હરામની બનેલી હોય કે હલાલની! કશીય તમીઝ વિના ડિશ પર તમો તૂટી પડો છો ! જ્યારે અહીં તો જન્નતના અકલ્પનીય સ્વાદિષ્ટ પવિત્ર ખાણા વડે રબના હુકમથી તેના ફરિશ્તા, ગિલ્માન તમારી મહેમાનનવાઝી કરશે. તો શું રબની આ ઓફરો તમારા દિલો દિમાગમાં નથી સમાતી કે મામૂલી દુનિયાની લાલચમાં તમો રમઝાનના રોઝા તર્ક કરી દો છો ! ઈમાનનો તકાઝો તો એ છે કે કોઈ હાલતમાં મુસલમાન રોઝો ન છોડે.

## ★ કેવળ એક રોઝાનું મહત્વ કેટલું છે, સમજો ! ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, "શરઈ મજબૂરી વિના

જેણે રમઝાનનો એક રોઝો પણ છોડયો, તો એની ફઝીલત પામવા માટે આખી જિંદગીના રોઝા પણ અપૂરતા છે." *(બુખારી વ તિર્મિઝી)*

વિચારો ! શરઈ મજબૂરી એટલે એવો બીમાર કે રોઝો રાખવાથી અધિક બીમાર થશે. એવી ખાત્રી હોય અને એનો અનુભવ પણ હોય. સામાન્ય તકલીફમાં રોઝો છોડવાની ઈજાઝત નથી. વળી માણસ ૯૨ કિ.મિ. ઉપર સફરમાં નીકળ્યો હોય તેને રજા છે કે પાછળથી કઝા કરી લે. તો હવે જે લોકો જાણીબુઝીને રોઝો નથી રાખતા, તેમણે ગંભીરતાથી વિચારવું જોઈએ અને આટલી મહાન ફઝીલતવાળા રમઝાનના રોઝાને છોડવો ન જોઈએ. સાંભળો ! હુઝૂરે અક્દસ ﷺ શું ફર્માવે છે ?!

ઈબ્ને ખુઝૈમા رضی اللہ عنہએ હઝરત અબૂ મસઊદ رضی اللہ عنہથી એક લાંબી હદીષ રિવાયત કરી. એમાં એ પણ છે કે હુઝૂર રહ્‌મતે આલમ ﷺએ ફર્માવ્યું, "જો બંદાઓને જાણ હોત કે રમઝાન શું ચીજ છે ? તો મારી ઉમ્મત તમન્ના કરત કે કાશ ! આખુ વરસ રમઝાન જ હોય !" એક હદીષમાં છે : "રોઝાદારનું સુવૂં ઈબાદત છે અને એનું ચૂપ રહેવું તસ્બીહ છે, એનો અમલ મક્બૂલ છે."

## ★ આગલા ગુનાહો માફ થઈ જાય છે ! ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે ખુદા علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, "જે શખ્સ ઈમાનની સાથે સવાબની ઉમ્મીદે **રોઝો રાખશે** તો તેના આગલા ગુનાહો બખ્શી દેવામાં આવશે, અને જે ઈમાનની સાથે સવાબની નિય્યતથી રમઝાનની રાતોમાં ક્યામ એટલે **તરાવીહ** પઢશે તો તેના આગલા ગુનાહો બખ્શી દેવામાં આવશે. અને જે ઈમાનની સાથે સવાબની નિય્યતે **શબે ક્દ્રમાં ક્યામ** કરશે તેના આગલા ગુનાહો બખ્શી દેવામાં આવશે." *(મુસ્લિમ શરીફ)*

હે પ્યારા દીની સુન્ની ભાઈઓ ! બહેનો ! પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! આટલી બધી સારી સારી ઓફરો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ તરફથી થઈ રહી છે, તો શું એના પર તમારું ઈમાન નથી ?! જૂઠા દુનિયાદારોની માલ કમાઈ લેવાની ઓફરો પર તો કેવું યકીન કે આંધળા બની તૂટી પડો છો, તો શું આપણા સાચા રબ તથા સાચા રસૂલનાં ફર્માનો તમારા દિલમાં નથી વસતાં ?!

## ★ કેવળ એક નેકીનું મહત્વ જાણો છો ?! ★

જાણો છો ! ક્યામતમાં એક બંદો એક નેકી માટે દર દરની ઠોકરો ખાતો હશે, તેને જન્નતમાં જવા એક નેકી ખૂટતી હશે પણ કોઈ સગુ વહાલુ નહીં આપે, દરેક નફ્સી નફ્સીના આલમમાં હશે. તેવા સમયે કામ લાગે માટે અત્યારે નેકીઓના ઝખીરા કરી લેશો તો કામ આવશે. હા ! તો એ બંદાને એવો બંદો મળશે જેની પાસે ફક્ત એક જ નેકી હતી, બાકી ગુનાહો જ ગુનાહો હતા. તે કહેશે કે મારા માટે જન્નતમાં જવું શક્ય નથી જણાતું, જો આ એક નેકી તને આપવાથી તું જન્નતમાં જાય તો સારી વાત છે ! અને તે એક નેકી તેને આપી દેશે. તો રબ ફર્માવશે પેલા બંદાને કે તું અને તને જેણે નેકી આપી બંનેવ જન્નતમાં ચાલ્યા જાવ ! રબનો કરમ તો જુઓ, આ છે એક નેકીનું મહત્વ ! પણ આપણે એક રૂપિયા માટે દોડધામ કરીએ છીએ પણ ઉપર દર્શાવી તેમ ઢગલો નેકીઓ પામવાથી મેહરૂમ રહીએ છીએ. અલ્લાહ તઆલા તેના હબીબ ﷺના સદકામાં સૌને નેક સમજ આપે અને રમઝાનથી તથા સર્વ નેક અમલોથી મહોબ્બત કરવાની તૌફીક આપે. વધુ માટે વાંચો કિતાબ **"માહે રમઝાન કૈસે ગુઝારે ?"** તથા **"બરકાતે રમઝાન વ મસાઈલે ઝકાત"** વગેરે.

કાર્યાલય

## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન


અઝ : **આ'લા હઝરત**
**ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન**
**આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ


**સૂરએ બકરહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

لِلَّذِيْنَ يُؤْلُوْنَ
مِنْ نِّسَآئِهِمْ تَرَبُّصُ اَرْبَعَةِ اَشْهُرٍۚ فَاِنْ فَآءُوْ
فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝٢٢٦ وَاِنْ عَزَمُوا الطَّلَاقَ
فَاِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ۝٢٢٧ وَالْمُطَلَّقٰتُ يَتَرَبَّصْنَ
بِاَنْفُسِهِنَّ ثَلٰثَةَ قُرُوْٓءٍؕ وَلَا يَحِلُّ لَهُنَّ اَنْ
يَّكْتُمْنَ مَا خَلَقَ اللّٰهُ فِيْٓ اَرْحَامِهِنَّ اِنْ كُنَّ
يُؤْمِنَّ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِؕ وَبُعُوْلَتُهُنَّ اَحَقُّ
بِرَدِّهِنَّ فِيْ ذٰلِكَ اِنْ اَرَادُوْٓا اِصْلَاحًاؕ وَلَهُنَّ
مِثْلُ الَّذِيْ عَلَيْهِنَّ بِالْمَعْرُوْفِ۪ وَلِلرِّجَالِ عَلَيْهِنَّ
دَرَجَةٌؕ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ۝٢٢٨ اَلطَّلَاقُ مَرَّتٰنِ۪
فَاِمْسَاكٌۢ بِمَعْرُوْفٍ اَوْ تَسْرِيْحٌۢ بِاِحْسَانٍؕ وَلَا يَحِلُّ
لَكُمْ اَنْ تَاْخُذُوْا مِمَّآ اٰتَيْتُمُوْهُنَّ شَيْئًا اِلَّآ اَنْ
يَّخَافَآ اَلَّا يُقِيْمَا حُدُوْدَ اللّٰهِؕ فَاِنْ خِفْتُمْ اَلَّا
يُقِيْمَا حُدُوْدَ اللّٰهِۙ فَلَا جُنَاحَ عَلَيْهِمَا فِيْمَا
افْتَدَتْ بِهٖؕ تِلْكَ حُدُوْدُ اللّٰهِ فَلَا تَعْتَدُوْهَاۚ
وَمَنْ يَّتَعَدَّ حُدُوْدَ اللّٰهِ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ۝٢٢٩

## સૂરએ બકરહની તફસીર

તેઓ જે કસમ ખાઈ બેસે છે પોતાની સ્ત્રીઓ પાસે જવાની તેઓને ચાર મહિનાની મેહતલ આપે છે, જો આ મુદ્દત દરમ્યાન ફરી આવે તો અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૨૨૬) અને જો છોડી દેવાનો ઈરાદો પાકો કરી લીધો તો અલ્લાહ સાંભળે જાણે છે[૧૮૭] (૨૨૭) અને તલાકવાળીઓ પોતાના જીવને ત્રણ હૈઝ સુધી રોકી રાખે[૧૮૮] અને તેણીઓને હલાલ નથી કે છુપાવે તે જે અલ્લાહે એમના પેટમાં પેદા કર્યુ[૧૮૯] જો અલ્લાહ અને કયામત પર ઈમાન ધરાવતી હોય[૧૯૦] અને તેણીઓના પતિઓને આ મુદ્દતની અંદર ફરી રાખી લેવાનો હક પહોંચે છે જો મેળાપ ઈચ્છતા હોય (તો)[૧૯૧] અને સ્ત્રીઓનો પણ હક એવો જ છે જેવી એમના પર છે શરીઅત મુજબ[૧૯૨] અને પુરૂષોને એમના પર શ્રેષ્ઠતા છે અને અલ્લાહ ચઢિયાતો હિકમતવાળો છે (૨૨૮) આ તલાક[૧૯૩] બે વાર સુધી છે, પછી રોકી લેવું ભલાઈની સાથે[૧૯૪] અથવા છોડી દેવું ભલમનસાઈથી[૧૯૫] અને તમને જાઈઝ નથી કે જે કંઈ સ્ત્રીઓને આપ્યું[૧૯૬] તેમાંથી કંઈ પાછુ લઈ લો[૧૯૭] પણ જ્યારે બંનેને બ્હીક હોય કે અલ્લાહની હદો કાયમ નહી કરી શકીએ[૧૯૮] પછી અગર તમને બીક હોય કે તે બન્ને બિલ્કુલ એ જ હદો પર નહીં રહે તો તેઓને કંઈ ગુનોહ નથી એમાં કે જો સ્ત્રી બદલો આપીને મુક્તિ મેળવે.[૧૯૯] આ અલ્લાહની હદો છે એનાથી આગળ ન વધો

فَإِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهُ مِنْ بَعْدُ حَتّٰى تَنْكِحَ
زَوْجًا غَيْرَهُ ۗ فَإِنْ طَلَّقَهَا فَلَا جُنَاحَ عَلَيْهِمَا أَنْ
يَتَرَاجَعَا إِنْ ظَنَّا أَنْ يُقِيمَا حُدُودَ اللّٰهِ ۗ وَتِلْكَ
حُدُودُ اللّٰهِ يُبَيِّنُهَا لِقَوْمٍ يَعْلَمُوْنَ ﴿٢٣٠﴾

*અને જે અલ્લાહની હદોથી આગળ વધે તો તે જ લોકો જાલિમ છે (૨૨૯) પછી જો ત્રીજી તલાક઼ તેણીને આપી તો હવે તે સ્ત્રી તેને હલાલ નહીં રહે જ્યાં સુધી કે બીજા પતિ પાસે ન રહે[૨૦૦] પછી તે બીજો જો તલાક઼ આપે તો એ બન્ને પર ગુનોહ નથી કે ફરી એક બીજા સાથે મળે જાય[૨૦૧] જો અલ્લાહની હદોની મર્યાદા જાળવવાનું સમજતા હો (તો) અને આ અલ્લાહની હદો છે જેને બુદ્ધિમાનો માટે બયાન કરે છે. (૨૩૦)*

## :: સમજૂતી ::

**૧૮૭. શાને નૂઝુલ** : જહાલતના સમયમાં લોકો એવું કરતા હતા કે પોતાની સ્ત્રીઓ પાસે માલ દૌલતની માગણી કરતા. જો તેણીઓ ન આપી શકતી તો એક વરસ, બે વરસ, ત્રણ વરસ અને એનાથી પણ વધારે લાંબી મુદ્દત સુધી તેણીઓ પાસે જતા નહીં અને સંભોગ ન કરવાની કસમ ખાઈ લેતા હતા, અને આ રીતે તેણીઓને પરેશાનીમાં સપડાવી રાખતા હતા. ન તો તેણીઓ બેવા કહેવાતી કે પોતાનું ક્યાંક ઠેકાણું ગોઠવી લે અને પતિએ દૂર કરી હોવાના કારણે દાંપત્યજીવનનું સુખ પણ ન માણી શકતી. ઈસ્લામે આ અત્યાચારને રોક્યો અને આ રીતે ક઼સમ ખાનારાઓ માટે ચાર મહિનાની મુદ્દત નક્કી કરી, જો સ્ત્રી સાથે ચાર મહિના કે તેથી વધુ મુદ્દત સુધી સંભોગ ન કરવાની ક઼સમ ખાઈ લે તો એના માટે ચાર મહિના સુધી રાહ જોવાશે, આ મુદ્દત દરમ્યાન ખૂબ વિચાર કરી લે કે સ્ત્રીને છોડી દેવી તેના માટે સારૂ છે કે રાખી લેવી, જો રાખી લેવાનું ઉત્તમ લાગે અને એ મુદ્દત દરમ્યાન વ્યવહાર ચાલુ ન કર્યો (રજઅત ન કરી) અને ક઼સમ ન તોડી, તો સ્ત્રી તેના નિકાહમાંથી નીકળી ગઈ અને તલાકે બાઈન લાગુ થઈ ગઈ.

**મસ્અલો** : જો પુરૂષ સંભોગ કરવાની શક્તિ ધરાવતો હોય તો પછી રાખી લેવા માટે સંભોગ કરવો જરૂરી છે અને જો કોઈ કારણસર એની શક્તિ ન હોય તો શક્તિ આવ્યા પછી સંભોગ કરવાનો વાયદો પણ રજઅત (પાછી રાખી લેવી) થઈ જશે. *(તફસીરે અહમદી)*

**૧૮૮.** આ આયતમાં તલાક઼ આપેલી સ્ત્રીઓની ઈદ્દતનું બયાન છે. જે સ્ત્રીઓને એમના પતિઓએ તલાક઼ આપી જો તેઓની એમના પતિ સાથે ''ખિલ્વતે સહીહા'' (ધાર્મિક કે શારીરિક કારણ સંભોગ કરતાં અટકાવે નહીં એવું એકાંત) ન થઈ હોય ત્યારે તો એમના પર ઈદ્દત જ નથી, જેમ કે આયત مَا لَكُمْ عَلَيْهِنَّ مِنْ عِدَّةٍમાં ફર્માવ્યું છે અને સ્ત્રીઓને ઉંમર લાયક ન થવાના કારણે અથવા ઉંમર વધારે થઈ જવાના કારણે હૈઝ ન આવતું હોય અથવા જે ગર્ભવતી હોય તેઓની ઈદ્દતનું બયાન ''સૂરએ તલાક઼''માં આવશે. બાકીની જે સ્વતંત્ર સ્ત્રીઓ છે અહીં તેમની ઈદ્દત અને તલાકનું બયાન છે કે તેણીઓની ઈદ્દત ત્રણ હૈઝ છે.

**૧૮૯.** તે હમલ હોય કે પછી હૈઝનું ખૂન હોય, કારણ કે એમના છુપાવવાથી સંતાન અને રજઅત જે પતિનો હક છે તે માર્યો જશે.

**૧૯૦.** અર્થાત એ જ ઈમાનદારીનો તકાદો છે.

**૧૯૧.** એટલે કે તલાકે રજઈમાં પતિ ઈદ્દતની અંદર ફરી પાછો પોતાની પત્નીને રાખી શકે છે.

(રજઅત કરી શકે છે) સ્ત્રી રાજી હોય કે ન હોય, પણ પતિને જો મેળાપ કરવો હોય તો જ એવું કરે. તેણીને મુસીબતમાં મૂકવા આવું ન કરે, કેમ કે જહાલતના સમયમાં લોકો સ્ત્રીઓને હેરાનગતિ પહોંચાડવા આવું કરતા હતા.

**૧૯૨.** અર્થાત જેવી રીતે સ્ત્રીઓ પર પતિના હક્કોનું પાલન જરૂરી છે એવી રીતે પતિઓ પર પણ સ્ત્રીઓના હકોનું રક્ષણ જરૂરી છે.

**૧૯૩.** એટલે કે તલાકે રજઈ.

**શાને નુઝૂલ** : એક સ્ત્રીએ હુઝૂર ﷺની સેવામાં હાજર થઈને કહ્યું કે તેણીના પતિએ તેણીને કહ્યું છે કે તે તેણીને તલાક઼ દેતો રહેશે અને રજઅત કરતો રહેશે. દરેક વખતે જ્યારે તલાક઼ની ઈદ્દત પૂરી થવા આવશે ત્યારે પાછો લોટાવી લેશે. પાછો તલાક઼ આપશે, પાછો લોટાવશે. આવી જ રીતે આખું જીવન કરતો રહેશે, અને તેને જીવનકેદની સજા કરશે, ત્યારે આ આયત ઉતરી અને ફર્માવવામાં આવ્યું કે તલાક઼ે રજઈ બે વાર સુધી જ છે, ત્યારબાદ ફરી તલાક઼ દેવાથી લોટાવી લેવાનો અધિકાર રહેશ નહીં.

**૧૯૪.** રજઅત કરીને.

**૧૯૫.** એટલે કે રજઅત ન કરે અને ઈદ્દત પૂરી થયા પછી સ્ત્રી "બાઈના" થઈ જાય.

**૧૯૬.** એટલે કે મહેર

**૧૯૭.** તલાક઼ દેતી વખતે.

**૧૯૮.** જે પતિ પત્નીના હકો વિશે છે.

**૧૯૯.** એટલે કે તલાક઼ મેળવી લે.

**શાને નુઝૂલ** : આ આયત જમીલા બિન્તે અબ્દુલ્લાહ વિશે ઉતરી. આ સ્ત્રી ષાબિત બિન ક઼ૈસ બિન શમાસના નિકાહમાં હતી. તેણીને પોતાના પતિ સાથે અણગમો હતો. હુઝૂર ﷺની સેવામાં પોતાના પતિની ફરિયાદ લઈને આવી અને કોઈ પણ રીતે પતિ સાથે રહેવા સંમત ન થઈ ત્યારે ષાબિતે કહ્યું કે મેં એને એક બાગ આપ્યો છે. જો એ મારી સાથે રહેવા ન માગતી હોય તો મારો બાગ મને પાછો આપી દે હું એને છોડી દઈશ. જમીલાએ એ વાત મંજૂર રાખી અને ષાબિતે બાગ લઈને તલાક઼ આપી દીધી. આ રીતની તલાક઼ને "ખુલઅ" કહે છે.

**મસ્અલો** : "ખુલઅ" તલાક઼ે બાઈનના હુકમમાં છે.

**મસ્અલો** : "ખુલઅ"માં "ખુલઅ"નો શબ્દ બોલવો જરૂરી છે.

**મસ્અલો** : "ખુલઅ"ની માગણી જો સ્ત્રી તરફથી હોય તો પુરૂષે તલાક઼ બદલે માલ લેવો બિન શરતે મકરૂહ છે.

**૨૦૦. મસ્અલો** : ત્રણ તલાક઼ પછી સ્ત્રી પતિ પર હરામ થઈ જાય છે. હવે ન તો તેણી સાથે રજઅત થઈ શકે છે ન નિકાહ, જ્યાં સુધી કે હલાલો ન થઈ જાય, એટલે કે બીજા પુરુષ સાથે નિકાહ કરે તે સોહબત કરીને તલાક઼ આપે. પછી તેની ઈદ્દત પૂરી થાય ત્યારે.

**૨૦૧.** ફરી વાર નિકાહ કરી લે. .....*(ક્રમશઃ)*


**બુખારી શરીફની શરહ ભાગ-૧ થી ૬ નો સેટ મંગાવો**

નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી, લેખક : **મુફ્તી શરીફુલ હક્ક઼ સાહબ** رحمۃ اللہ علیہ, અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી.** આ કિતાબના કુલ ૬ ભાગો પ્રસિધ્ધ થઈ ગયા છે. ૧ થી ૬ ભાગના સેટની કિંમત **રૂા. ૧૧૫૦/-** છે. (ટપાલ ખર્ચ રૂા. ૧૫૦/- અલગ) જેમાં નબી કરીમ ﷺની મુબારક હદીષો તથા તેની વિસ્તારપૂર્વક સમજૂતી તેમજ હદીષ પરથી બનતા મસ્અલા રજૂ કરવામાં આવ્યા છે. **સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા,** મુા.પો. દયાદરા, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**હદીષ** : હઝરત અબૂ મલીહ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે ફાડી ખાનાર જાનવરોનાં ચામડાની કિંમતને નાપસંદ જાણી[૧]. અને રિવાયત છે અબ્દુલ્લાહ ઈબ્ને હકીમથી[૨] ફર્માવે છે કે અમારી પાસે રસૂલુલ્લાહ ﷺ નો પત્ર આવ્યો કે તમે ન મુરદારની ખાલ (ચામડા)થી નફો ઉઠાવો ન પઠ્ઠાથી[૩]. (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ) હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ મુરદારની ખાલો વડે નફો ઉઠાવવાનો હુકમ આપ્યો, જ્યારે કે પકાવી લેવામાં આવે[૪]. (માલિક, અબૂ દાઊદ)

હઝરત મૈમૂના رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે કુરૈશના કેટલાક લોકો હુઝૂર ﷺ ની પાસે થઈને પસાર થયા જેઓ પોતાની મરેલી બકરીને ગધેડાની જેમ ખેંચી રહ્યા હતા. તેમને હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે તમે એની ખાલ (ચામડુ) લઈ લીધી હોત ! તેઓ બોલ્યા કે આ તો મુરદાર છે ![૫] રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તેને પાણી તથા બાવળનાં પાંદડાં પાક કરી આપે છે[૬]. (અહમદ તથા અબૂ દાઊદ)

હઝરત સલ્મા ઈબ્ને મુહબ્બક઼થી[૭] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જંગે તબૂકમાં[૮] એમના ઘરે તશરીફ લઈ ગયા ત્યાં મશક લટકેલી હતી. આપે પાણી માગ્યું તે બોલ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ આ મુરદારની ખાલ છે. ફર્માવ્યું, એને પકાવી લેવું એની પાકી છે. (અહમદ, અબૂ દાઊદ)

(ત્રીજો વિભાગ) બની અબ્દુલ અશ્હલ رضی اللہ عنہ ની એક બીવી સાહિબાથી રિવાયત છે[૧૦] ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! અમારો મસ્જિદનો રસ્તો ગંદકીવાળો છે, જ્યારે વરસાદ થાય તો અમે શું કરીએ ?[૧૧] ફર્માવ્યું, શું એના પછી એનાથી સારો રસ્તો નથી ? હું બોલી, હા ! ફર્માવ્યું, તો એ એના બદલામાં છે.[૧૨] (અબૂ દાઊદ) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં કૂતરાં મસ્જિદમાં આવતાં જતાં હતાં પરંતુ સહાબીઓ તેના કારણે મસ્જિદ ધોતા ન હતા[૧૩].

## -:: સ....મ....જૂ....તી.... ::-

૧. પકાવવાથી પહેલાં, કેમ કે તે નાપાક છે જેથી તેનું વેચાણ જાઈઝ નથી અથવા પકવ્યા પછી પણ. આ સ્થિતિમાં એ અબૂ મલીહનો પોતાનો મઝહબ છે, સર્વ ઈમામોની નજીક જાઈઝ છે. આ રિવાયત તિર્મિઝીની છે પણ લેખકને ન મળી એટલા માટે તેમણે અહીં સફેદી છોડી આપેલ છે.

૨. આપ તાબઈનમાંથી છે કે હુઝૂર ﷺ નો જમાનો પામ્યો પણ મુલાક઼ાત ન કરી શક્યા. ક઼બીલા બની બાહિલાથી છે. હઝરત ઉમર ફારૂક઼, ઈબ્ને મસ્ઊદ, હઝરત હુઝૈફા رضوان الله تعالى عليهم اجمعين થી મુલાક઼ાત થઈ. કૂફામાં વસવાટ રહ્યો.

૩. કાચા ચામડાને ઈહાબ કહે છે અને પાકેલાને 'જિલ્દ' કહે છે. મુરદારનું કાચુ ચામડુ પણ નાપાક છે અને પઠ્ઠા પણ, કે એનાથી લાભ ઉઠાવવો જાઈઝ ન એનો વેપાર હલાલ. પકવ્યા પછી અને સૂકવ્યા પછી સર્વ કાંઈ જાઈઝ છે, કે મુર્દાના શીંગ, નખો વગેરે જેમાં જિંદગીની અસર નથી હોતી અને જેને કાપવાથી તેને તકલીફ પણ નથી થતી, તેનાથી લાભ ઉઠાવવો મુત્લક઼ન જાઈઝ છે, એ જ સર્વ ઈમામોનો મઝહબ છે.

૪. આ હુકમ અબાહત (મુસ્તહબ હોવાનો) તથા

ઈજાઝતનો છે ન કે વાજિબ હોવાનો. મુરદારથી મુરાદ સુવ્વર તથા માનવ સિવાય અન્ય પ્રાણીઓ છે. યાદ રાખશો કે મુરદારની ખાલ (ચામડુ) તો પાકીને પાક થઈ જાય છે, પણ ઝબહ થયેલ જાનવરની કાચી ખાલ પણ પાક છે, જાનવર હલાલ હોય કે હરામ. હદીષ તદ્દન સ્પષ્ટ છે.

**૫.** તેમનો એ ખયાલ હતો કે કુર્આને પાકનું ફર્માન : حُرِّمَتْ عَلَيْكُمُ الْمَيْتَةُ માં મુરદારની દરેક ચીજ સામેલ છે, કે ન એને ખાવું જાઈઝ અને ન એની કોઈ ચીજનો ઉપયોગ કોઈ રીતે હલાલ. આ ખયાલના લીધે તે એને ફેંકવાના માટે જઈ રહ્યા હતા. જાણવા મળ્યું કે હદીષના વિના કુર્આનની સમજ શક્ય નથી.

**૬.** યાદ રાખશો કે ચામડાની પાકીના માટે તેને ધોવું ફર્ઝ નથી, જેથી અહીં પાણીથી મુરાદ કાચી દબાગત (પકવવું) છે, એટલે ધોઈને સૂકવી લેવું. અને બાવળનાં પાંદડાં અને છાલથી મુરાદ પાકી દબાગત (પકવવું) છે. અને શક્ય છે કે પાણીથી મુરાદ ધોવું જ હોય અને હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ હોવા)નો છે, એટલે કે ચામડુ ધોઈને પકવવું બેહતર છે.

**૭.** આપ સહાબી છે, સીરિયા (શામ)ના રહેવાસી છે. અમુક લોકોએ મુહબ્બક્ની بـ ને ઝેર પઢયું છે, પણ સહીહ ફતહ (ઝબર) છે. આપનાથી ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ વગેરેએ રિવાયતો લીધી છે.

**૮.** તબૂક્ મદીના મુનવ્વરા અને સીરિયા (શામ)ની વચ્ચે એક સ્થળનું નામ છે. ગઝવએ તબૂક્ હિ.સ. ૯માં થયો. આ હુઝૂર ﷺ નો આખરી બાકાયદા ગઝવહ છે.

**૯.** એ લોકોએ પોતાના ખયાલમાં એ મશકને નાપાક ખયાલ કરી હતી, અને તેનું પાણી પીતા ન હતા, બલ્કે ગારા વગેરેમાં વાપરતા હતા. હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે એ પાકવાથી પાક થઈ ચૂકેલ છે. તેનું પાણી પીવું પણ જાઈઝ છે.

**૧૦.** એ બીબી સાહેબાનું નામ તથા જિંદગીના હાલાત માલૂમ ન થઈ શક્યા, પણ કેમ કે સહાબિયા છે જેથી એ બેઈલ્મી નુકસાનકર્તા નથી, કેમ કે સર્વ સહાબા આદિલ છે. રબ ફર્માવે છે : وَكُلًّا وَعَدَ اللّٰهُ الْحُسْنٰى

**૧૧.** એટલે કે સૂકી ઋતુ (વરસાદ સિવાયની)માં તો ત્યાંથી પસાર થવું પણ આસાન અને તેની ગંદકી જોડાઓને લાગતી પણ નથી, પણ વરસાદમાં ગંદકીઓ જોડાઓને લાગી જાય છે, આ સ્થિતિમાં જોડા નાપાક થશે કે પાક ?

**૧૨.** એનો મતલબ અગાઉ વર્ણન થઈ ચૂક્યો છે કે જો ગાઢ (ઘટ્ટ) ભીની નાપાકીઓ જોડા અથવા ચામડાના મોજાને લાગી જાય તો તે સૂકી માટી સાથે રગળવાથી પાક થઈ જાય છે. એ જ અહીં મુરાદ છે. પેશાબ, પાતળી નાપાકીઓ ધોયા વિના પાક નથી થઈ શક્તી. તેમજ કુર્તાનો છેડો તથા પાયજામો ધોયા વિના પાક થશે નહીં. જેથી આ હદીષ સ્પષ્ટ છે. ફિક્હી મસ્અલાની વિરૂધ્ધ નથી.

**૧૩.** એના બે મતલબ થઈ શકે છે : **એક** એ કે પગો જ ધોતા ન હતા, કેમ કે એમાં નાપાકી લાગેલી ન હતી. કેવળ ઉઘાડા પગે ચાલવું અને તેમાં ધૂળ વગેરે લાગી જવું એને નાપાક નથી કરી દેતું. **બીજુ** એ છે કે પગો નાપાક પણ થઈ જતા તો કેવળ પગો ધોઈ લેતા હતા, વુઝૂ કરતા ન હતા. કેમ કે **વુઝૂ હદષથી તૂટે છે ન કે કોઈ અંગમાં જાહેરી ગંદકી લાગવાથી.**

**૧૪.** આ હદીષની શરહ અગાઉ વર્ણન થઈ ચૂકી. એનાથી માલૂમ પડી રહ્યું છે કે કૂતરાનુ શરીર સૂકુ હોય કે ભીનું, નાપાક નથી, અને એના મસ્જિદમાં આવવા જવાના કારણે જમીન ગંદી થશે નહીં. હા ! કૂતરાની લાળ નાપાક છે, અથવા કૂતરો ગંદકીમાં ભીનો થયો હોય તો એનું શરીર નાપાક છે. યાદ રાખશો કે આ હદીષમાં ઈસ્લામના પ્રારંભિક હાલાતનું વર્ણન છે જ્યારે મસ્જિદે નબવીમાં ન દરવાજો હતો ન કોઈ અન્ય આડ હતી, ન મસ્જિદના અહકામ એટલા સખ્ત હતા. પછી બાદમાં મસ્જિદમાં દરવાજા પણ લગાડવામાં આવ્યા, કૂતરુ તો શું ત્યાં નાસમજ બાળકોને લાવવું, નાપાક કપડાં પહેરીને આવવું, ત્યાં સુધી કે જેના શરીરેથી ગંધ આવતી હોય, અથવા જેણે કાચો પ્યાજ તથા લસણ ખાધુ હોય અથવા મોઢામાં દુર્ગંધ હોય તેનો પ્રવેશ સુધ્ધાં મના કરી દેવામાં આવ્યો. જેવું કે બાબુલ મસાજિદમાં આ પ્રકારની ઘણી બધી હદીષો આવશે, જેથી હદીષને જોઈને હવે મસ્જિદોને આડ વિનાની રાખવી અથવા ત્યાં દરેક ગંદા તથા નાપાકને આવવા દેવું દુરુસ્ત નથી. હા ! હુકમ એ જ છે કે જો આકસ્મિક રીતે કૂતરો મસ્જિદમાં ઘુસી જાય જેના શરીર પર ભીની નાપાકી ન હોય તો એને ધોવું વાજિબ નથી.

અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ કાદરી**
*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*
અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

## માલિકુલ્ મુલ્ક مَالِكُ الْمُلْكِ

**(સલ્તનતનો માલિક, સર્વાધિકારી)**

**સમજૂતી :** તે હકીકી બાદશાહ જેની મશિય્યત (મરજી) જેની સલ્તનત પર લાગુ થયેલ છે. તે જેને ચાહે વજૂદ બખ્શે અને જેને ચાહે નષ્ટ કરે છે. જેને ચાહે બાકી રાખે છે જેને ચાહે ફના કરે છે. માલિકનો મતલબ છે, પૂરી કુદરત અને ઈખ્તિયારવાળો. સંપૂર્ણ જગત અને મૌજૂદાત તેની માલિકીમાં છે, ભલે ને અગણિત તથા બેહદ છે. દરેકનો માલિક અને મુખ્તાર છે. તેના માટે સંપૂર્ણ વિશ્વ એક ફર્દની જેમ છે અને વિશ્વના ટુકડાઓ ઈન્સાનના અંગોની જેમ છે.

**દર્સ તથા સબક :** દરેક ઈન્સાનની સલ્તનત તેનું પોતાનું બદન છે. જો ઈન્સાન પોતાના દિલ અને બીજા શારીરિક અંગો પર પોતાની મરજી અને ઈરાદાઓને લાગુ કરે તો ખરેખર તે પોતાની સલ્તનતનો માલિક તથા મુખ્તાર છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ ઈસ્મ (નામ)ની ખાસિયતોમાંથી છે કે તેનું ઝિક્ર કરનાર દરેક જગા પર સન્માન હાંસલ કરશે. જે કોઈ આ મુબારક નામના વિર્દની પાબંદી કરશે, અલ્લાહ તેને માલો દૌલત અતા ફર્માવશે અને તેને બીજાઓથી બેપરવા કરશે.

## ذُوالْجَلَالِ وَالْإِكْرَامِ
## ઝુલ્જલાલિ વલ્ઈકરામ

**(જલાલત તથા ઈઝ્ઝતવાળો)**

એવો જલાલ અને કમાલવાળો કે તેનો જલાલ અને જમાલ હકીકી એવી ઈજ્જત અને શરાફતવાળો કે તેની ઈજ્જત ઝાતી હકીકી, એના સિવાયની તમામ જલાલ, જમાલ, ઈજ્જતો અને શરાફતો તેની અતા કરેલ છે. જેટલી ઈજ્જતો અને શરાફતો દુનિયામાં છે તે તેની ઝાતથી જ નીકળે છે અને આખેરતમાં પણ તેનાથી જ બહાર પડશે.

**દર્સ તથા સબક :** આ બન્નેવ મુબારક નામોથી બંદા માટે દર્સ એ છે કે પ્રતિષ્ઠા અને સન્માન તેને પ્રાપ્ત થાય તેના વડે અલ્લાહના બંદાઓ સાથે કૃપા અને ઈજ્જતનો વ્યવહાર કરે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ મુબારક નામોની ખાસિયતો ઘણી જ અઝીમ છે. આ મુબારક નામોનું ઝિક્ર કરનાર ઈજ્જત, વકાર, દોલત અને પ્રતિષ્ઠાથી માલામાલ થાય છે. હદીષે પાકમાં છે : **يَا ذَا الْجَلَالِ وَالْإِكْرَامِ**નો ઘણો જ વિર્દ કરે, આ અલ્લાહ તઆલાનું ઈસ્મે આ'ઝમ છે.

## અલ્ મુકસિત الْمُقْسِطُ

**(ઘણો જ ઈન્સાફ કરનાર)**

**સમજૂતી :** અલ્લાહની ઝાત દરેક સાથે ઈન્સાફ કરે છે. દરેક મઝલૂમને તેનાથી જ ઈન્સાફ

મળે છે. કાએનાતમાં જ્યાં પણ અદ્‌લો ઈન્સાફ હશે તે મુક઼સિતે હક઼ીક઼ી અને તેની ઈજાઝતથી જ હશે.

**દર્સ તથા સબક઼** : આ મુબારક નામમાં બંદાનો હિસ્સો એ છે કે પહેલા તે પોતાના નફસની વિરૂધ્ધ બીજાઓના હક્ક઼માં ઈન્સાફ કરે, ત્યારબાદ બે બંદાઓ વચ્ચે ઈન્સાફ કરે. પરંતુ પોતાના બીજાના પર ઝુલ્મો સિતમને ઉચિત ન સમજે અને અદલો ઈન્સાફનો દામન છૂટવા ન પામે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામના વિર્દથી બંદાને ઈબાદતમાં બુરા ખયાલોથી છૂટકારો મળે છે. પાબંદીથી વિર્દ કરનારનો એ મક઼સદ જરૂર પૂરો થશે.

## અલ્ જામિઅ الجَامِعُ

**(દરેકને ભેગા કરનાર)**

**સમજૂતી** : તે મુક઼દ્દસ ઝાત અંદરોઅંદર વિવિધ તથા વિપરિત ચીજોને એક સાથે જમા ફર્માવે છે. તેણે જ ઈન્સાનોની દરેક નસ્લ અને ઝાતી, દરેક મુશ્કેલી, નાના, મોટા, કાળા, ગોરા, મોમિન કાફિર, ફાસિક઼ આદિલ, નેક અને બદને જમીન પર ભેગા ફર્માવ્યા. તે જ જામિઅ ઝાત ક઼યામતના દિવસે મૈદાને મેહશરમાં લોકોને જમા કરશે. તે મૌજૂદાત જે પરસ્પર એક બીજાથી મુખાલિફ (વિરૂધ્ધ) છે, જેમ કે આકાશ અને જમીન, સિતારા, હવા, દરિયાઓ તેમજ જમીનની અંદરનાં અલગ અલગ પ્રકારનાં ખનીજ પદાર્થો જેમ કે સોનુ, ચાંદી દરેકને જમા કરનાર અલ્લાહની જ ઝાત છે. તેવી જ રીતે ઈન્સાનના બદનમાં હાડકાંઓ, નસો, માંસ પેશીઓ, પરસેવો, દિમાગ, ચામડી, લોહી તમામની જામિઅ પણ અલ્લાહની જ ઝાત છે, બીજી વિવિધ વસ્તુઓ, જેમ કે ગરમી, ઠંડી, ખુશ્કી, તરીને જાનદારોમાં તે જામિઅએ જ જમા કરી.

**દર્સ તથા સબક઼** : એવો શખ્સ જે પોતાનામાં જાહેરી અદબ અને બાતિની હક઼ીક઼તોનો જામેઅ હોય, અને જેની મઅરેફત મુકમ્મલ અને સીરત બેહતર હોય, તેને જામિઅ કહી શકાય.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે બંદો મુબારક ઈસ્મ الجَامِعُ **''અલ્ જામિઅ''**નું પાબંદીની સાથે ઝિક્ર કરશે તેના મક઼સદો આજુબાજુ ભેગા થશે. જેમ કે : ખોવાયેલ વસ્તુઓવાળાઓ આ નામનુ વિર્દ કરશે તો તે વસ્તુઓ પરત મળશે.


### ★ ''બરકાતે ખ્વાજા''ના ગ્રાહકો વધારો ! ★

પ્યારા દીની સુન્ની ભાઈઓ ! બહેનો ! બરકાતે ખ્વાજા (માસિક) અહલે સુન્નત વ જમાઅતના મઝહબે હક઼્ક઼નુ મસ્લકે આ'લા હઝરતનું ડંકાની ચોટ પર એલાન કરે છે તથા બાતિલ ફિર્ક઼ાઓની સચોટ રદ કુર્આન હદીષથી કરે છે તથા ગુનાહોથી પ્રદૂષિત થઈ રહેલી દુનિયામાં ગુનાહોથી પાક સાફ રહેવાની ઈસ્લાહ સંબંધે અસરકારક લેખો પીરસીને નવયુવાનોને ઈસ્લામ પ્રતિ આકર્ષી રહેલ છે. જે દરેક ઘર કુટુંબમાં વંચાવુ આપને જરૂરી જણાતું હોય તો દીનો સુન્નિયતની રક્ષા કાજે અલ્લાહને રાજી કરવાની નિય્યતે તમારા સર્કલ, સગાં, મિત્રોમાં તેના ફેલાવા માટે ગ્રાહકો કરીને મોકલાવો. **આશ્ચર્યની તથા અફસોસની વાત છે કે ગુજરાતમાં લાખો સુન્નીઓ છે જેમાંથી અમુક હજાર જ કોપી ''બરકાતે ખ્વાજા (માસિક)ની તથા અન્ય સુન્ની માસિકોની પ્રસિધ્ધ થાય છે** ! તો દીન તથા સુન્નિયતના ઈલ્મથી દૂર રહેનારાઓને સમજાવીને ગંભીરતાપણે આ બરકતવંતી બરકાતે ખ્વાજા (માસિક)ની બરકતોને વહેંચવા તનતોડ કોશિશ કરો ! **દરેક ગ્રાહક કેવળ બે બે કે ત્રણ ત્રણ ગ્રાહકો કરીને મોકલે તો પણ ડબલ કે ત્રણ ગણા ગ્રાહકો થઈ શકે છે અને આ કામ મુશ્કેલ પણ નથી** ! તો આજીજીભરી અપીલ છે કે થોડીક તકલીફ સુન્નિયતની રક્ષા કાજે ઉઠાવશો.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
**પટેલ શબ્બીર અલી રઝવી**

**કરનોં બદલી રસૂલોંકી હોતી રહી**
**ચાંદ બદલીકા નિકલા હમારા નબી** ﷺ

*(કરન એટલે જમાનો, બદલી = બદલવું, વાદળનો ટુકડો)*

**અર્થાત :** હઝરત આદમ علیہ السلام થી લઈને હઝરત ઈસા علیہ السلام સુધી નબી આવતા રહ્યા જતા રહ્યા. કોઈ કોઈક જમાનાનો નબી, કોઈ કોઈક વિસ્તારનો નબી, કોઈક કોઈ કૌમનો કે કબીલાનો નબી. એક પછી બીજો, બીજા પછી ત્રીજો ક્રમ ચાલુ રહ્યો. પરંતુ જ્યારે આપણા નબી, આસ્માને નબુવ્વતના સૂર્ય તથા ચંદ્ર બનીને કુફ્રની ઘનઘોર ઘટાઓમાં ચમક્યા તો કુફ્ર તથા શિર્કના અંધકારો નાબૂદ થઈ ગયા અને કયામત સુધી કોઈ અન્ય નબીની નબુવ્વતની જરૂરત બાકી ન રહી. ફર્માવ્યું, "હું નબુવ્વતને ખત્મ કરનારો છું, મારા બાદ કોઈ નબી નથી." અલ્લાહની ગૈરતે ગવારા જ ન કર્યું કે મુસ્તફા કરીમ ﷺ પછી કોઈને નબુવ્વત અતા ફર્માવે.

**કૌન દેતા હૈ દેનેકો મુંહ ચાહિયે**
**દેને વાલા હૈ સચ્ચા હમારા નબી** ﷺ

**અર્થાત :** હુઝૂર ﷺની ઝાતે બાબરકત સિવાય કોણ છે જે દરેક સવાલીને તેની ચાહત કરતાં અધિક અતા કરે ?! કોઈને ઈમાન આપે, કોઈને હિદાયત આપે, કોઈને એકવાર જન્નત આપે તો હઝરત ઉષ્માનેગની رضی اللہ عنہને અઢાર વાર જન્નત આપી દે ! એ કેવળ અલ્લાહના મહબૂબ જ છે જે અલ્લાહની અતાથી દરેકની દરેક હાજત પૂરી ફર્માવી રહેલ છે. કેમ કે "દો જહાંકી નેઅમતેં હૈં ઉન્કે ખાલી હાથમેં !"

**ક્યા ખબર કિતને તારે ખિલે છુપ ગએ**
**પર ન ડૂબે ન ડૂબા હમારા નબી** ﷺ

**અર્થાત :** કોઈને શું ખબર કે કેટલાયે અંબિયાએ કિરામ તથા રસૂલાને એઝામ નબુવ્વતના આસ્માન પર તારાઓની જેમ પોત પોતાના યુગમાં ચમકતા રહ્યા અને જ્યારે તેમની મુદત ખત્મ થઈ તો છુપાઈ ગયા, પરંતુ જ્યારે આપણા આકા ﷺની વારી આવી તો આપ પૂરા આલમને ચમકાવતા સૂરજ બનીને આસ્માને નબુવ્વત પર જલ્વાગાર થયા અને એવા ચમક્યા કે કદી ડૂબવાનો સવાલ જ પેદા નથી થયો.

આ શેઅરમાં ખત્મે નબુવ્વતના અકીદાની સાથો સાથ અંબિયાએ કિરામ علیہم السلامની અધિકતાની તરફ પણ નિર્દેશ છે. 'શર્હે અકાઈદ'માં છે કે કુલ અંબિયાએ કિરામની સંખ્યા એક લાખ ચોવીસ હજાર અથવા બે લાખ ચોવીસ હજાર છે. અલ્લાહ બેહતર જાણનાર છે, પણ અમે તો એટલુ જાણીએ છીએ કે હે અમારા આકા ! :–

*તેરે બગૈર હો ન સકી રૌનકે ચમન –ફૂલોંકો લાખ બાર સજાયા બહારને*

અને એ પણ જાણીએ છીએ કે :–

*કૌનેન બનાએ ગએ સરકારકી ખાતિર–કોનૈનકી ખાતિર તુમ્હેં સરકાર બનાયા*

**મુલ્કે કોનૈનમેં અંબિયા તાજદાર**
**તાજદારોંકા આક઼ા હમારા નબી ﷺ**

અંબિયાએ કિરામ عليهم السلام બંનેવ જહાનોના બાદશાહ હોય છે અને આપણા આક઼ા ﷺનો મક઼ામ તથા મર્તબો એ છે કે આપ બાદશાહોના પણ બાદશાહ છે. કેમ કે :–

*હૈ ઉન્હીં કે દમ ક઼દમસે બાગે આલમમેં બહાર – વો ન થે આલમ ન વો ન હોં આલમ ન હો*

**લામકાં તક ઉજાલા હૈ જિસ્કા વહ હૈ**
**હર મકાનકા ઉજાલા હમારા નબી ﷺ**

ચાંદ સૂરજની રોશની તો જો કે મર્યાદિત છે કે ચાંદ રાત્રે ચમકે છે અને સૂરજ દિવસે ચમકે છે, તેમજ બંનેવ જમીન તથા મકાનને રોશની આપે છે, પરંતુ માહે તયબહ તથા સિરાજમ્મુનીરાની નૂરાનિયતનો આલમ એ છે કે તેના વજૂદના કારણે ફર્શ (જમીન) પણ ચમકયું અર્શ પણ ચમકયું, જમીનો પણ ચમકી. અસ્માનો પણ ચમક્યાં, મકાન પણ ચમક્યાં, લામકાન પણ ચમક્યું.

*માહે અરબ કે જલ્વે ઊંચે નિકલ ગયે–ખુર્શિદો માહતાબ મુક઼ાબિલસે ટલ ગયે*

**સારે અચ્છોંમેં અચ્છા સમઝીએ જિસે**
**હૈ ઉસ અચ્છેસે અચ્છા હમારા નબી ﷺ**

દુનિયામાં જેટલા પણ બેહતરીન તથા સારા લોકો છે આપ એમનામાં સૌથી બેહતરીન તથા સારા છે. આપે ફર્માવ્યું, અલ્લાહે મને શ્રેષ્ઠ લોકોમાં, શ્રેષ્ઠ ખાનદાન, શ્રેષ્ઠ ક઼બીલાઓમાં મોકલ્યો, તેમજ હું તમારા સૌથી બેહતરીન છું નસબ તથા હસબ (વંશ)ના લેહાઝથી પણ અને જાતના એતબારથી પણ.

*સારે ઊંચોંમે ઊંચા સમઝિએ જિસે–હૈ ઉસ ઊંચે સે ઊંચા હમારા નબી ﷺ*

બંને જહાનમાં જેને પણ ઉચ્ચ તથા બુલંદ શાનવાળો કહેશો પણ જ્યારે હુઝૂર ﷺની શાનને જોશો તો યક઼ીન કરી લેશો કે આપ તો એનાથી પણ ઉચ્ચ છે.

*અંબિયાસે કરું અર્ઝ કયૂં માલિકો–ક્યા નબી હૈ તુમ્હારા હમારા નબી ﷺ*

ઘણો જ વજદ આફરિન શેઅર છે ! આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ક઼યામતના દિવસે જ્યારે સર્વ અંબિયા તથા રસૂલો પોતાની ઉમ્મતોની સાથે હશ્રના મેદાનમાં હાજર હશે, ત્યારે હું એક એકની બારગાહમાં હાજર થઈને સવાલ કરીશ, હે મારી જાનના માલિકો ! એક સવાલનો જવાબ તો આપો ! કે તમો સૌ ઉમ્મતોવાળા છો અને દરેકની ઉમ્મત એમને નબી કહે છે, પણ એ તો બતાવો કે જે અમારા નબી મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ છે તે તમારા પણ નબી છે કે નહીં ?! સુબ્હાનલ્લાહ ! એનો જવાબ એના સિવાય શો હશે કે, હા ! અહમદ રઝા ! તારા નબીની શાન તો એ છે કે તે સર્વ ઉમ્મતોના પણ નબી છે અને સર્વ નબીઓના પણ નબી છે !

*યા શફીઅલ વરા સલામુન અલૈક–યા નબીય્યલ હુદા સલામુન અલૈક*
*ઈશ્ફઈ યા હબીબી યૌમલ્ જઝા–અન્ત શાફિઅના સલામુન અલૈક*

**જિસને ટુકળે કિયે ક઼મર કે વહ હૈ**
**નૂરે વહદતકા ટુકળા હમારા નબી ﷺ**

**અર્થાત** : અંબિયાએ કિરામ علیہم السلام માંથી આપણા નબી ﷺ જ તો છે જેમણે ચાંદના બે ટુકડા કર્યા છે, બસ ! એ જ આપણા આક઼ા ﷺની નિશાની છે કે ચાંદના ટુકડા કરનાર નબી ! ﷺ અને સાંભળો ! સાંભળો ! આપણા નબી ﷺ અલ્લાહના નૂરનો જલ્વો તથા પ્રતિબિંબ (અકસ) પણ છે : **هو نور الا نوار والنبی المختار** *(રૂહુલ મઆની)* ટુકડાના શબ્દથી અમુક બદનસીબ ધોકો આપવાની કોશિશ કરે છે ! કહે છે, તેમને પૂછો કે જેવી રીતે તમારા દિમાગમાં ટુકડાનો ખયાલ છે કે જેવી રીતે દોરીના ટુકડા વગેરેના ટુકડા હોય છે, તો શું નૂર એ રીતે ટુકડા થઈ શકે છે ?! જ્યારે નથી થઈ શકતુ ! તો સમજી લો કે ટુકડાથી મુરાદ જલ્વો તથા અકસ તથા પ્રતિબિંબ છે. અને યાદ રાખો ! આ પ્રકારનાં બહાનાંઓ વડે તમે ઝિક્રે મુસ્તફાની વિશાળતાઓ સામે બંધ નહીં બાંધી શકો. તમારા જેવા કેટલાય એવી ચાલાકીઓ કરીને ફના થઈ ગયા પણ હુઝૂર ﷺનો ઝિક્ર બુલંદતર જ થઈ રહ્યો છે, કેમ કે ખુદ રબે ફર્માવ્યું : **ورفعنالك ذكرك** "અમે તમારા ઝિક્રને બુલંદ કર્યું." *(અલમ નશ્રહ, સૂ. ૯૪, આ. ૪)* તો હવે કોણ છે ઘટાડી શકે ?!

**સબ ચમકવાલે ઉજલોંમેં ચમકા કીયે**
**અંધે શીશોંમેં ચમકા હમારા નબી ﷺ**

**અર્થાત** : અંબિયાએ કિરામ علیہم السلام ભણેલા ગણેલા સભ્યતાવાળા નેક લોકોમાં તશરીફ લાવતા રહ્યા, પરંતું આપણા નબી ﷺ જે લોકોમાં તશરીફ લાવ્યા તેઓ કુફ્ર તથા શિર્ક, જહાલત તથા ગુમરાહીની ચુંગાલમાં ફસાયેલા, અતિ અસભ્ય તથા નાફર્માની તથા ગુનાહોના પૂતળાં હતા. પોતાના ગુનાહો પર નાઝ કરનારા, બાળકીઓને જીવતી દાટી દેનારા, મૂર્તિઓની પૂજા કરનારા, જિદ્દી, હઠધરમ, હયા વિનાના લોકો હતા. આવા જાલિમ લોકો (અંધે શીશોં)માં આપણા નબી ﷺ એવા ચમક્યા કે તેઓને પણ ચમકાવી દીધા ! અને જેઓ શરાબી હતા તેઓ સહાબી બની ગયા, જે લૂટારા હતા તે રહબર બની ગયા, બદ કિરદાર નેકોકાર બની ગયા, ખતાકાર પરહેઝગાર બની ગયા, બદકિરદાર વફ઼ા શિઆર બની ગયા. ફઝીલત તો એ છે કે ગૈર પણ ગવાહી આપે ! એક હિન્દુ કહે છે :–

*કિસને ઝર્રોંકો ઉઠાયા ઔર સહરા કર દિયા–કિસને ક઼તરોં કો મિલાયા ઔર દરયા કર દિયા*
*કિસ કી હિક્મતને યતીમોં કો કિયા દુર્રે યતીમ– ઔર ગુલામોં કો ઝમાને ભરકા મૌલા કર દિયા*
*શૌકતે મગરૂરકા કિસ શખ્સને તોળા તિલિસ્મ–મુન્હદિમ કિસને ઈલાહી ! ક઼સ્રા કર દિયા*
*ઝિંદા હો જાતે હૈં જો મરતે હૈં ઉનકે નામ પર –અલ્લાહ ! અલ્લાહ ! મૌતકો કિસને મસીહા કર દિયા*
*આદમીયત કા ગર્ઝે સામાન મોહય્યા કર દિયા–ઈક અરબને આદમીકા બોલબાલા કર દિયા*
*–(પંડિત હરીચંદ)*

કુર્આને પાકમાં છે : وان كانوا من قبل لفى ضلال مبين ''એનાથી (હુઝૂર ﷺની આમદ) પહેલાં તેઓ ઉઘાડી ગુમરાહીમાં (ડૂબેલા) હતા.'' *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૬૪)*

એક અન્ય હિંદુ લખે છે :–

*પ્રેમકી બંસી બજાયી સૈયદે અબરારને–પાપકી કાયા મિટાઈ સૈયદે અબરારને*
*પાપમેં ડૂબે થે જો ઉનકો ડૂબાયા પ્રેમમેં–ખૂબ હી બિગળી બનાઈ સૈયદે અબરારને*

*–(પી. બ્રહમચારી)*

**જિસને મુર્દા દિલોંકો દી ઉમ્રે અબદ**
**હૈ વો જાને મસીહા હમારા નબી ﷺ**

*(અબદ = કાયમી, મસીહા = મુર્દાને જીવંત કરનાર)*

**અર્થાત :** આપણા આક઼ા તથા મૌલા ﷺએ તો તૌહીદે ખુદાવંદીનું એવો સૂર આલાપ્યો કે જે દિલો ગુનાહો કરીને મુર્દા થઈ ચૂક્યાં હતાં તેમનામાં નવી જિંદગી પેદા થઈ ગઈ કે મરીને પણ ઝિંદા રહ્યા. **بل احياء ولكن لا تشعرون** તો ખરેખર આપણા નબી ﷺ જાને મસીહા છે.

**ગમઝદોંકો 'રઝા' મુઝદા દીજિયે કે હૈં**
**બે કસોંકા સહારા હમારા નબી**

*(ગમઝદોં = દુઃખિયારાઓ, મુઝદા = ખુશ ખબર, બેકસ = બેસહારા)*

**અર્થાત :** હે અહમદ રઝા ! ગમના માર્યા બેસહારા ! ગુનેહગાર બીચારાઓ જેમને પોતાના ગુનાહો તથા નાફર્માનીઓની ફિકર સતત સતાવી રહી છે તેમને (મુઝદાએ જાંફિઝા) ખુશખબરી સંભળાવી દો કે તમે એકલા નથી, બલ્કે તમારા ગમખ્વાર આક઼ા ﷺ તમારી સાથે છે જે તમને તમારા ગુનાહોના હવાલે નહીં કરે બલ્કે પોતાની શફાઅતના ખાતામાં નાખી દેશે.


**ચેતવણી :** આનો અર્થ એ નથી કે નબી ﷺની શફાઅત પર તકીયો કરીને ગુનાહો પર ગુનાહ કર્યે જ જાવ ! બલ્કે જે ગુનાહો થઈ ગયા તેનાથી તૌબા કરીને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની ફર્માબરદારી કરે અને હુઝૂર ﷺની શફાઅતથી ગુનાહોની માફીની ઉમ્મીદ રાખે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

❑ ❑ ❑


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*
અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ રૂા.૫૦ અલગ)



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

સંપાદક : **મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

### નમાઝમાં ઈસ્તેગરાક઼ (અતિશય તલ્લીનતા)

દર્શાવેલ મહિનાની ૧૧મી હિ.સ. ૬૫૫ના રોજ ક઼દમબોસીની દૌલત નસીબ થઈ. વાત એ લોકોના બારામાં થઈ રહી હતી જેઓ નમાઝમાં ઈસ્તેગરાક઼ (તલ્લીનતા)ના કારણે પોતે પોતાની પણ ખબર નથી ધરાવતા. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એકવાર ગઝનીથી મેં સફર કર્યો. માર્ગમાં અમુક દુરવેશોને મેં જોયા જેઓ અતિશય યાદે ઈલાહીમાં મશગૂલ હતા. રાતે એમની જ પાસે રહ્યો. જ્યારે દિવસ થયો તો શહેરની પાસે એક હોઝ હતો ત્યાં તાજુ વુઝૂ કરવાના માટે ગયો તો એક દુરવેશને જોયો જે ઘણો જ કમજોર હતો. તેનો હાલ પૂછયો તો ફર્માવ્યું, લાંબા સમયથી મને કોઈ પેટની બીમારી છે, જેના કારણે હું કમજોર થઈ ગયો છું. તે રાત્રે એ દુરવેશની પાસે રહ્યો. રાતના સમયે તેની પેટની બીમારી આધિક જોર પકડી ગઈ, કેમ કે દરરોજ ૧૨૦ રકાત નમાઝ અદા કર્યા કરતો હતો. જ્યારે કઝાએ હાજત (જાજરૂ) માટે જતો તો દરેક વખતે ગુસ્લ કરીને ફરી નમાઝમાં મશગૂલ થઈ જતો. જેમ કે એ રાતે ૬૦ વખત ક઼ઝાએ હાજતના માટે ગયો અને સાઠેવ વખતે નહાયને બે રકાત અદા કરી, અને પોતાનો વઝીફો પૂરો કર્યો. છેલ્લી વખતે જ્યારે ગુસ્લ કરવા ગયો તો પાણીમાં અલ્લાહને પ્યારો થઈ ગયો.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામ ચોધાર આંસૂએ રડી પડયા, અને ફર્માવ્યું કે બંદગીમાં તે દુરવેશ કેવો મજબૂત અક઼ીદાવાળો હતો ! આખરી શ્વાસ સુધી ક઼ાયદાની પાબંદી કરતો રહ્યો, જ્યારે તેને નિભાવી લીધો તો જાન યારના હવાલે કરી દીધી.

### બીમાર તથા ગરીબોના આખેરતના દરજાઓ

પછી ફર્માવ્યું કે જે શખ્સને કોઈ બીમારી એટલે જેહમત કે તકલીફ હોય, સમજી લો કે તેને ગુનાહોથી પાક કરવામાં આવી રહ્યો છે. આ એની ભલાઈની દલીલ છે.

ત્યારબાદ ફર્માવ્યું કે એક દિવસ બુખારામાં શયખ સૈફુદ્દીન હાખઝરી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર હતો. એક શખ્સે આપની ખિદમતમાં હાજર થઈને સલામ કરી અને અર્ઝ કરી કે, હે ઈમામ ! મારી પાસે માલ છે અને ઘણા સમયથી એમાં નુકસાન થઈ રહ્યું છે, તેમજ મારાં અંગોને પણ તકલીફ થાય છે.

શેખ સાહબે ફર્માવ્યું કે હે ભાઈ ! મો'મિનના માલમાં નુકસાન થાય તો સમજો કે તેણે ઝકાત આપવામાં કુસૂર કર્યો છે, અને બીમારી ઈમાનના સહીહ હોવાની નિશાની છે.

પછી એ મોકા પર ફર્માવ્યું કે અસ્હાબે તાબઈન પોતાના આષારમાં લખે છે કે **કયામતના દિવસે ફકીરોને (ગરીબોને) એ દરજાઓ હાંસલ થશે કે સર્વ લોકો એવી આરઝૂ કરશે કે કાશ ! અમે પણ દુનિયામાં ગરીબ હોત, જેથી આ મર્તબાઓ પ્રાપ્ત થાત.** અને બીમારોને પણ તે દરજાઓ અર્પણ થશે કે **સર્વ લોકો એ જ ખ્વાહિશ કરશે કે અફસોસ ! અમે પણ દુનિયામાં બીમાર થતા તો આ મર્તબા હાંસલ કરતા.**

ત્યારબાદ ફર્માવ્યું કે બંદાએ સમજવું જોઈએ કે સર્વ દર્દ તથા મહેનત (તકલીફ) અલ્લાહની તરફથી આવે છે, અને આપણા નફસના તબીબ ખુદ બનવું જોઈએ. પછી અશ્રુમય આંખે આ મષ્નવી પઢી :–

**ભાવાર્થ** : *"હે ઈન્સાન ! તારી પાસે જે તકલીફ તથા દર્દ છે તે એ જ રબની તરફથી છે."*

ત્યારબાદ વાત એના બારામાં શરૂ થઈ કે દરેક હાલતમાં દુરવેશોના હક્કમાં નેક ગુમાન કરવું જોઈએ અને પોતાનો અકીદો દુરુસ્ત રાખવો જોઈએ જેથી કરીને એની બરકતથી હિમાયત હાંસલ થાય.

ત્યારબાદ ફર્માવ્યું કે ઓચ તથા મુલ્તાનનો વાલી શેરખાન મારો અકીદતમંદ ન હતો.

એ જ વરસે થોડાક દિવસો બાદ કાફિરોએ એના શહેરને લૂટી લીધું.

## દુરવેશોની કરામતોનું પ્રદર્શન

પછી ફર્માવ્યું કે એક રોજ સીવિસ્તાનની તરફ હું મુસાફિર હતો. જયારે શયખ અવહદ કિર્માની رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયો તો મારાથી બગલગીર થઈને ફર્માવ્યું, મારી ખુશનસીબી કે તું અમારી પાસે આવી પહોંચ્યો ! આપના જમાઅતખાનામાં બેઠો હતો એવામાં દસ અન્ય સાહિબે નેઅમત દુરવેશો આવ્યા, અને એકબીજા સાથે કરામત પ્રદર્શિત કરવા વિશે વાતચીત કરવા લાગ્યા. ત્યાં સુધી વાત પહોંચી કે જો કોઈ કરામતવાળો છે તો પોતાની કરામત દેખાડે. તેઓએ કહ્યું, પહેલાં આપની કરામત દેખાડો કેમ કે આપ દુરવેશોના સરદાર છો. શયખ સાહબે દુરવેશોને સંબોધીને ફર્માવ્યું કે આ શહેરનો બાદશાહ મારો અકીદતમંદ નથી અને કદી કદી તકલીફ પણ આપે છે, જો મેદાનેથી આજે સલામત આવી ગયો તો ઘણા જ આશ્ચર્યની વાત કહેવાશે ! જેવું આ પ્રમાણે ફર્માવ્યું એવામાં એક જણે આવીને ખબર આપી કે હમણા આ શહેરનો બાદશાહ મેદાનમાં દડાથી રમી રહ્યો હતો એવામાં ઘોડા પરથી પડી ગયો અને તેની ગરદનનો મણકો તૂટી ગયો અને તુરત જ મૃત્યુ પામ્યો.

પછી દુરવેશોએ મને કહ્યું, તમે પણ કોઈ કરામત દેખાડો ! મેં મુરાકેબો કર્યો, પછી માથુ ઉઠાવીને કહ્યું કે આંખો બંધ કરો ! શું જુએ છે કે મારા સહિત સૌ ખાનાએ કા'બામાં ઉભા છે ! થોડોક સમય ત્યાં રહીને પાછા આવ્યા. તો દુરવેશોએ સ્વીકાર કર્યો કે હા ! આ પણ દુરવેશ છે. પછી મેં તથા શયખ સાહબે દુરવેશોને કહ્યું કે અમે અમારું કામ કરી ચૂક્યા, હવે તમો પણ કાંઈક દેખાડો ! દુરવેશોએ માથાં ખિર્કામાં કર્યાં અને ગુમ થઈ ગયા, ખિર્કા ખાલી રહ્યા !

પછી શયખુલ ઈસ્લામે મારી તરફ સંબોધીને ફર્માવ્યું કે મૌલાના નિઝામુદ્દીન ! જે અલ્લાહ તઆલાના કામમાં હોય છે, અલ્લાહ તઆલા તેના કામમાં હોય છે. એટલે કે જે અલ્લાહ તઆલાની ખિદમતમાં કમી નથી કરતો અને જેમાં દોસ્તની રઝા છે તે જ કામ કરે છે અને નફસની સાથે નાઝીઓની જેમ પેશ આવે છે, તો અલ્લાહ તઆલા પણ તે ચીજ મૌજૂદ કરી આપે છે જેમાં તેના બંદાની રઝા (ચાહત) હોય છે.

# ગલતફહમીઓ
## તથા તેની સુધારણા

### વુઝૂ વગર અઝાન પઢવાનો મસ્અલો

વુઝૂ વગર અઝાન પઢવી જોઈએ નહીં પરંતુ તેમ છતાં જો કોઈ અઝાન પઢી લે તો અઝાન થઈ જાય છે અને તે અઝાન પછી જે નમાઝ પઢવામાં આવશે તે પણ દુરૂસ્ત (બરાબર) છે, પરંતુ વુઝૂ વગર અઝાનની આદત પાડવી મુનાસિબ (યોગ્ય) નથી.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે "વુઝૂ વગર અઝાન પઢવી જાઈઝ છે. એ અર્થમાં કે અઝાન થઈ જશે પરંતુ એવું કરવું જોઈએ નહીં" *(ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૫, પેજ–૩૭૩)*

ખુલાસો એ જ કે ક્યારેક ક્યારેક વુઝૂ વગર પણ અઝાન પઢી શકાય છે, પરંતુ બેહતર અને સારો તરીકો એ જ છે કે બા વુઝૂ (વુઝૂની સાથે) અઝાન પઢવામાં આવે.

### આ જમાનાની એક મોટી નેકી

જો તમે તમારી, તમારા પુત્રની અથવા ભાઈની શાદી કરવા ઈચ્છો છો અને તમારા સંબંધીઓમાંથી, નજીકના સગા વહાલાઓમાંથી અથવા મહોલ્લાવાસીઓમાંથી કોઈ ગરીબ છોકરી છે જેનાથી તમારું સગપણ શરઅન (શરીઅતની રૂએ) જાઈઝ છે તો તેની સાથે ખર્ચાઓ કરાવ્યા વગર, બારાત ચઢાવ્યા વગર અને દહેજ લીધા વગર એકદમ સાદગીપૂર્વક નિકાહ (શાદી) કરો, જે પ્રમાણે રસૂલુલ્લાહ ﷺએ કરી હતી અને તેને ઈજ્જતની સાથે પત્ની બનાવીને ઘરમાં રાખો, એ આ જમાનાની સૌથી મોટી હમદર્દી અને નેકી છે અને આવું કરવાવાળાઓને "જેહાદ"નો સવાબ મળશે. આજકાલ લોકો બિન જરૂરી સહાનુભૂતિઓ તો બતાવે છે, મિત્રો, સંબંધીઓ, અને ખાનદાનવાળો તરફથી લડવા ને મરવા તૈયાર થઈ જાય છે, પરંતુ જવાન છોકરીઓ ઘરોમાં ઉછરી રહી છે (મોટી થઈ ગઈ છે) તેનાથી લોકો પરેશાન છે અને આ તેમના રિશ્તા (સગપણ) મંજૂર કરતા નથી. હમદર્દી (સહાનુભૂતિ) તેનું નામ છે કે તમારા સંબંધીને જે પરેશાની છે તેને દૂર કરવામાં આવે અને એ તમારા વશની વાત છે. આ ક્યાંની હમદર્દી, રિશ્તાદારી (કૌટુંબિકતા) અને નજીકી છે કે તમે દોલત અને માલદારીને કારણે અહીં તહીં સગપણ ગોતી રહ્યા છો અને તમારા મિત્ર અથવા ઓળખીતા તેમની (કુંવારી) છોકરીને કારણે પરેશાન અને દુઃખી છે ?!

### સૌથી બેહતર (શ્રેષ્ઠ) મુસલમાન

આજકાલ કેટલાક લોકો તો એવા છે કે દુનિયાના કામ ધંધાઓમાં વ્યસ્ત રહીને દીનને તદ્દન ભૂલાવી બેઠા છે, જેમ કે તેમને દુનિયામાં હમેશાં માટે રહેવાનું છે અને કેટલાક એ લોકો છે કે દીનદાર બન્યા તો કામ ધંધા છોડી દીધા અને આળસુ, સુસ્ત અને આરામપ્રિય થઈ ગયા ! અથવા એવા વિચારોમાં રહે છે કે આ દીનદારીના નામ ઉપર લોકો અમને (પૈસા) આપતા જાય. આ બન્ને પ્રકારના લોકો વડે ઈસ્લામની સાચી તરજુમાની (સાચુ પ્રતિધિનિત્વ) થતી નથી. બધાથી બેહતર મુસલમાન તે છે જે પોતાનો કોઈક કામ ધંધો કરતો હોય અને તેની સાથે સાથે નમાઝ રોઝાનો પાબંદ અને દીનદાર મુસલમાન હોય તેમજ હલાલ અને હરામમાં તફાવત રાખતો હોય.

### ઈસ્લામમાં બધાથી શ્રેષ્ઠ કામ

ઈસ્લામમાં બધાથી શ્રેષ્ઠ કામ પાંચે સમયની નમાઝની પાબંદી છે, અને મસ્જિદને બનાવવી અને તેને અઝાન અને નમાઝથી આબાદ કરવી અને આબાદ રાખવા માટે પ્રયાસો કરવા. મસ્જિદના સર સામાન, લોટા, ચટાઈ, વુઝૂની સગવડતા અને તેની સારસંભાળ, મસ્જિદની સફાઈ કરવાવાળાઓ, અઝાન આપવાવાળા મોઅઝ્ઝિનો અને નમાઝ પઢાવવાવાળા ઈમામોનું ધ્યાન રાખવું અને તેમને દરેક રીતે ખુશ રાખવા, એ શ્રેષ્ઠ કામો છે અને આ સંદર્ભમાં જે કંઈ ખર્ચાઓ થાય તે શ્રેષ્ઠ ખર્ચાઓ છે.

આ'લા હઝરત મૌલાના અહમદ રઝાખાન બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે" "ઈમાન પછી પહેલી શરીઅત નમાઝ છે." *(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ–૫, પેજ–૮૩, પ્રકાશન લાહોર)*

# ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ


**અઝ** : મુહક્કિકે મસાઈલે જદીદા (હપ્તો : ૧૦) :: **અનુવાદક** ::

**હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદીન રઝવી** (સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર)

**હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** (સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)


## (૭) બાળકીઓને સ્ત્રીઓને લખતાં શિખવવું મના કે મુબાહ ?

બાળકીઓ અને સ્ત્રીઓને લખતાં શિખવવું શરીઅતમાં મના છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એક સવાલના જવાબમાં લખે છે :–

સ્ત્રીઓને લખતાં શિખવવું શરીઅતમાં મના અને ઈસાઈઓનો તરીકો અને હજારો ફિત્નાઓના દ્વાર ખોલવું, મસ્તાને અશશાહના હાથોમાં તલ્વાર આપવું છે. જેનાં સખત નુકસાનો પર તાજા અનુભવો સાક્ષી છે. વિવિધ હદીષો તેની મનાઈમાં વર્ણન થયેલ છે. જેમનામાં અમુકની સનદ તેહકીકના આધારે ખુદ મજબૂત છે અને અસલ મતને હદીષના મશ્હૂર અને સુરક્ષિત હોવાનો ઈમામ બયહકીએ ઈફાદો કર્યો અને પછી વિવિધ તરીકાઓથી રિવાયત થયેલ હોવું બીજી કુવ્વત, અને ઉમ્મતનો અમલ તથા ઉલમાનું (તેને) કબૂલ કરવું એ ત્રીજી કુવ્વત, અને (તેમાં) સાવચેતી (હોવી) અને ફિત્નાને રોકવું એ ચોથી કુવ્વત. તો હદીષ કમસે કમ હસન છે અને મનાઈમાં તેનું નસ્સે સરીહ હોવું ખુદ સ્પષ્ટ છે.

તેમજ ફત્વાના છેવટમાં છે :–

''શોધખોળ બાદ કેવળ અમુક સ્ત્રીઓની કિતાબત વિશે માલૂમ થવું જ બતાવી દે છે કે આગળ અને પાછળના ઉલમા તથા આમ મો'મિનોનો અમલ તેના ત્યજવા પર જ રહ્યો છે. પુરૂષ દરેક જમાનામાં લાખો કાતિબ થયા અને સ્ત્રીઓ ૧૩૦૦ વરસમાં અમુક થઈ. સ્પષ્ટ રીતે કિતાબત એક મહાન નફાકારક ચીજ છે અને તેને સ્ત્રીઓના લખવામાં વાંધો ન હોતો તો જમહૂર ઉમ્મત, પૂર્વજ બુઝુર્ગોથી લઈને આજ સુધી તેના ત્યજવા પર કેમ સંમતિ ન કરતા ?! સારાંશ કે સલામતીનો રસ્તો એમાં જ છે, માટે આ મહાન ઉલમાએ કિરામ ઈમામ હાફિઝુલ હદીષ અબૂ મૂસા તથા ઈમામ અલ્લામા તોરપુશ્તી તથા ઈમામ ઈબ્ને અષરી જઝ્રી તથા અલ્લામા તૈબી, ઈમામ જલાલુદ્દીન સ્યૂતિ, અલ્લામા તાહિર પટની, શૈખ મુહક્કિક મૌલાના અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہم اجمعین વગેરેએ આને પસંદ ફર્માવ્યો કે તેઓ દરેક રીતે આપણાથી અધિક ઈલ્મવાળા હતા. હવે જે જાઈઝ કરવા તરફ જાય (તે) ક્યાં તો જમાનાની હાલતથી ગાફેલ છે અથવા તો ઉમ્મતે મર્હૂમાની ખૈર ખ્વાહીથી ગાફેલ છે.

**પરંતુ આજના ઉલ્માએ અહલે સુન્નતનો અમલ તેનાથી વિપરિત એ છે કે** તેઓ પોતાની બાળકીઓને દીની અને દુનિયવી દર્સગાહોમાં અન્ય જ્ઞાન વિદ્યાઓની સાથે લખતાં શિખવા અને શિખવવાની પણ તા'લીમ અપાવે છે. જેનાથી જાહેર એ જ છે કે તેમનું મંતવ્ય જાઈઝ હોવાનું છે બલ્કે પચ્ચીસ ત્રીસ વરસની અંદર તાલિબાત માટે ઘણા મદ્રસા ઉલ્માએ સ્થાપ્યા જેમાં લખવાનું પણ શિખવવામાં આવે છે, અને તે મદ્રસાઓને અવામ

તથા ખાસ લોકોની સહાય, ટેકો અને સરપરસ્તી પણ પ્રાપ્ત છે. અમે અહીંયાં અમુક ઉલ્માના નામ વર્ણવીએ છીએ :–

**(૧)** બહરુલ ઉલૂમ હઝરત મુફતી અબ્દુલ મન્નાન સાહબ કિબ્લા رحمۃ اللہ علیہ.

**(૨)** મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા સાહબ કિબ્લા.

હઝરત **બહરુલ ઉલૂમ** એક લાંબા અરસા સુધી દારુલ ઉલૂમ અહલે સુન્નત શમ્સુલ ઉલૂમ ઘોસીના શૈખુલ હદીષ અને જલીલુશ્શાન મુફતી હતા. આપના જમાનામાં જ શમ્સુલ ઉલૂમનો મદ્રસએ નિસ્વાં કોઈ ઈન્કાર વિના સ્થાપિત થયો અને તે શાનથી ચાલી રહ્યો છે.

અને હઝરત **મુહદ્દિષે કબીર** તો પોત જ કુલ્લિયતુલ બનાત સ્થાપિત કરેલ છે જેમાં દૂરની તાલિબાતના રહેવા ખાવાનો પણ યોગ્ય બંદોબસ્ત છે અને ક઼ાયદેસર દારુલ ઉલૂમની રીતે હઝરત તેને ચલાવી રહ્યા છે.

એક આધેડ બુઝુર્ગ છે અલ્હાજ શૈખ ઈસ્માઈલ જાની જેઓ ઉલ્માની સંગતથી ખૂબ ફૈઝયાબ છે અને આ'લા હઝરત رحمۃ اللہ علیہ તથા ફતાવા રઝવિય્યહ્‌ના તો આશિક઼ છે. તેમણે પોતે મહારાષ્ટ્રના એક શહેર રત્નાગીરીમાં "દારુલ ઉલૂમ ઈમામ અહમદ રઝા"ના નામથી એક મોટી સંસ્થા સ્થાપી છે અને તેમાં છોકરીઓની તા'લીમની ઉચ્ચ વ્યવસ્થા છે અને તે તા'લીમમાં લખતાં શિખવવું પણ સામેલ છે. તે દારુલ ઉલૂમ જેની નિસ્બત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની તરફ હોય તેમાં જાહેરી રીતે આપના જ ફત્વા વિરુદ્ધ સ્ત્રીઓને લખવાની તા'લીમ આપવામાં આવે, આ નામ અને કામમાં આપ કોઈ વિરોધાભાસ અનુભવી રહ્યા છો ?!

**શું આ તમામ હઝરાત ફતાવા રઝવિય્યહ્‌થી વિમુખ થઈ ચૂકેલા છે ?** આમ કહેવું ઘણી બેઅદબી થશે. જેની ઈચ્છા હોય અમારા હાલના ઉલ્માથી સંપર્ક કરી લે, તેઓ ઈન્શાઅલ્લાહુ તઆલા સંતુષ્ટ કરી દેશે કે **જમાનાના હાલાત બદલાવાને કારણે અથવા અન્ય દીની અને ક઼ૌમી લાભાર્થે આવું પગલું લેવામાં આવ્યું છે અને જ્યારે જમાનાના હાલાત અથવા મસ્લેહતો બદલાય છે તો હુકમો પણ બદલાય જાય છે.**

## (૮) હવે વાદીએ મુહસ્સરમાં રોકાવાની ઈજાઝત

જે લોકો હજ્જ માટે જાય છે તેમના પર વાજિબ છે કે સુબ્હ સાદિક઼ના તુલૂઅથી લઈને તુલૂએ આફતાબથી થોડાક સમય પહેલાં સુધી મુઝદલ્ફામાં રોકાઈને અલ્લાહ عزوجل નું ઝિક્ર અને ઈબાદત કરે. તેને ફિક્હની પરિભાષામાં "વુકૂફે મુઝદલેફા" કહેવામાં આવે છે. મુઝદલેફાની સાથે જ એક વાદી છે "વાદીએ મુહસ્સર". અહીંયાં અસ્હાબે ફીલ પર અબાબીલનો અઝાબ નાઝિલ થયો હતો, જેનું વર્ણન اَلَمْ تَرَ كَيْفَ فَعَلَ رَبُّكَ بِاَصْحٰبِ الْفِيْلِ માં છે. આ વાદી મુઝદલેફાનો ભાગ નથી કારણ કે જે સ્થળે ખુદાએ ક઼હ્‌હારનો અઝાબ નાઝિલ થયો ત્યાંથી ઝડપથી પસાર થઈ જવાનો હુકમ છે પછી તે જગ્યા ઝિક્ર અને ઈબાદત માટે રોકવાનું સ્થળ કેમ કરીને બની શકે છે ?! એટલા જ માટે (હનફી) મઝહબના ફક઼ીહોએ હાજીઓને ત્યાંથી જલ્દી પસાર થવાનો હુકમ આપ્યો છે અને રોકવાની ઈજાઝત નથી આપી. આ જ હનફીઓનો મશ્હૂર મઝહબ છે અને તેના પર જ ફત્વો છે. તેનાથી વિપરિત એક હનફી ફક઼ીહ સાહિબે બદાએઅ્‌ની પોતાની રાય છે કે "વાદીએ મુહસ્સરમાં પણ રોકાવું કરાહતની સાથે જાઈઝ છે." પરંતુ મઝહબના (અન્ય) ફક઼ીહોએ તેને ઈખ્તિયાર ન ફર્માવ્યું અને ખુદ ફક઼ીહે બેમિષાલ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અને સદરુશ્શરીઅહ્‌ બદરુત્તરીક઼હ હઝરત મૌલાના અમજદ અલી رحمۃ اللہ علیہએ પણ તેની અવગણના કરીને મશ્હૂર ક઼ોલ પર જ અમલનો હુકમ આપ્યો, ફતાવા રઝવિય્યહ્‌ રિસાલા "અન્વારુલ

બશારહ''ના શબ્દો આ છે :–

''જ્યારે વાદીએ મુહસ્સરમાં પહોંચો, ૫૪૫ હાથ બહુ જલ્દી ઝડપથી ચાલી નીકળી જાવ પરંતુ ન તે ઝડપ જેનાથી કોઈને તકલીફ થાય, અને તે દરમિયાનમાં આ દુઆ કરતા જાવ :–

اَللّٰهُمَّ لَا تَقْتُلْنَا بِغَضَبِكَ وَ لَا تُهْلِكْنَا بِعَذَابِكَ وَعَافِنَا قَبْلَ ذٰلِكَ

**(ભાવાર્થ)** : ઈલાહી ! પોતાના ગઝબથી અમને કત્લ ન કર અને પોતાના અઝાબથી અમને હલાક ન કર ! અને તેનાથી પહેલાં અમને આફિયત આપ.''

''વાદીએ મુહસ્સર'' શું છે ?! તેના વિશે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''આ મિના, મુઝદલેફાના વચમાં એક નાળુ છે, બંનેવની હદોથી બહાર મુઝદલેફાથી મિના જતા જમણા હાથે જ પહાડ આવે છે તેની ચોટીથી શરૂ થઈ ૫૪૫ હાથ સુધી છે, અહીંયાં અસ્હાબુલ ફીલ આવીને રોકાયા હતા અને તેમના પર ''અઝાબે અબાબીલ'' ઉતર્યો હતો, ત્યાંથી જલ્દી પસાર થવું અને અઝાબે ઈલાહીથી પનાહ માંગવી જોઈએ.''

આ'લા હઝરત رحمۃ اللہ علیہનું ફિક્હ અને તેહક્રીકનું સ્થાન અત્યંત બુલંદ છે એટલા માટે આપે જે લખી દીધું એને અમે ચુંચા વિના સ્વીકારીએ છે. પરંતુ હવે શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા–બરેલી શરીફનું મંતવ્ય તેના વિરુધ્ધ એ છે કે કોઈ મોટી મજબૂરી હોય તો વાદિએ મુહસ્સરમાં રોકાય શકાય છે, ફૈંસલાના અસલ શબ્દો આ છે : ''સેમિનારમાં ભાગ લેનારા પણ આના પર જ સહમત છે. મોટી મજબૂરીની સ્થિતિમાં બદાએઅ્ના ક્રૌલ પર અમલ કરી શકે છે.''

''બદાએઅ્નો ક્રૌલ'' ઉપર વર્ણન થઈ ચૂક્યો કે : ''વાદીએ મુહસ્સરમાં રોકાવું કરાહત સાથે જાઈઝ છે.''

તો શરઈ કાઉન્સિલના ફૈંસલાની ઈબારત (લખાણ)નો અર્થ એ થયો કે : મોટી મજબૂરી હોય તો વાદીએ મુહસ્સરમાં રોકાય શકે છે. આનાથી વાજિબ કરાહતની સાથે અદા થઈ જશે.

વુક્રૂફે મુઝદલેફામાં શરઅન ઉઝ્રનો એ'તેબાર છે અને ખુદ આ'લા હઝરત رحمۃ اللہ علیہના ઈર્શાદ મુજબ શરીઅતે મુજબૂરીવાળાઓનો એટલી હદે લેહાઝ રાખ્યો છે કે તેમનાથી ''વક્રૂફે મુઝદલ્ફા''ને આકિત (માફ) ફર્માવી દીધું છે. આપે લખે છે :–

''અને સ્ત્રીઓ અને ખૂબ કમજોર પુરૂષો અને બીમારોને ભીડના ભયના કારણે ખુદ શરીઅત પણ રાતથી જ ચાલી નીકળવાની ઈજાઝત અતા ફર્માવે છે, તેમને કોઈ દંડ દેવો પડશે નહીં.''

પરંતુ હવે શાયદ કોઈ ''મોટી મજબૂરી'' એવી ઉપસ્થિત થઈ ગઈ છે જેના આધારે ''વક્રૂફે મુઝદલ્ફા'' છોડયા વગર વાદીએ મુહસ્સરમાં રોકાવાની ઈજાઝત આપવામાં આવી છે. હું તો હુસ્ને ઝન (સદ્ગુમાન)ના આધારે એ જ સમજું છું કે જમાનાના હાલાત બદલાવાથી કોઈ ખાસ પ્રકારના માઝૂરને ''વાદીએ અઝાબ''માં રોકવાની ઈજાઝત આપવામાં આવી છે અને હક્રીકતે હાલ ખુદાએ અલીમો ખબીરને ખૂબ માલૂમ છે.


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક્રીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક્ર વિશે, ક્રસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૫૦/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૪૧૧

# ઈઝરાઈલ આતંકવાદની માતૃભૂમિ તથા પાઠશાળા

(કાર્યાલય)

સંસ્થાનવાદ દરમ્યાન ફ્રાંસમાં લોહિયાળ ક્રાંતિ થઈ. તેમાં હજારો નિર્દોષ લોકોને રહેંસી નાખવામાં આવ્યા. એશિયા તથા આફ્રિકાના સમૃદ્ધ દેશોને ગરીબ, કંગાળ, મુફલિસ, નાદાર તથા ચીંથરેહાલ બનાવી યુરોપના દેશો ધનિક બનતા ગયા. અનુચિતની સમૃદ્ધિ તેમને રાસ ન આવી. તેથી અંદરોઅંદર બાથ ભીડવા લાગ્યા, જેથી બે વિશ્વયુદ્ધો વિશ્વની શાંતિપ્રિય પ્રજાને જોવા મળ્યાં. આ પહેલાં હજારો વર્ષોના માનવ ઈતિહાસમાં કોઈ વિશ્વયુદ્ધ નોંધવામાં આવ્યું ન હતું. **વિશ્વયુદ્ધ જેવી ભયાનક ઘટના પણ યુરોપની જ ભેટ છે.** આ વિશ્વયુદ્ધ દરમ્યાન **લાખો નિર્દોષોના લોહી રેડાયાં** હદ તો ત્યાં થઈ જ્યારે **અમેરિકાએ હીરોશીમા** તથા **નાગાસાકી** ઉપર **અણુબોંબ ઝીંકી,** માનવ ઈતિહાસમાં **સૌથી કરૂણ ઘટના** અંજામ આપી. અમેરિકામાં પણ **યુરોપની લોહી તરસી પ્રજાએ** જ વસવાટ કર્યો હતો એટલે તેની પાસેથી માનવતા કે ઈન્સાનિયતની આશા રાખી શકાય જ નહીં.

અણુબોંબના કારણે લાખો નિર્દોષો માર્યા ગયા તથા તેમની કેટકેટલીયે પેઢીઓ વર્ષો સુધી અપંગ બની. માનવતા તથા લોકીશાહીનો ઝંડો લઈ દુનિયામાં ફરતા અમેરિકાનો તથા યુરોપિયનોને જરા સરખી દયા પણ ન આવી. જે કાર્ય કરતાં હેવાન પણ ખચકાટ અનુભવે તેવું કાર્ય આ ગોરીપ્રજાએ કર્યું. નિર્દોષો ઉપર અણુબોંબ ઝીંકતા પહેલાં અનેક વિકલ્પો તેમની પાસે હતા. જો તેમનામાં સહેજ પણ ઈન્સાનિયત હોત તો અણુબોંબ ઝીંકતા પહેલાં સો વાર વિચાર કર્યો હોત. અરે ! ભલા માણસો તમને અણુબોંબ ચકાસવાનો એટલે જ અભરખો હતો તો પહેલાં કોઈ વસ્તી વગરના નાના ટાપુ ઉપર તેનો અખતરો કરી શક્યા હોત. અને આમ છતાં જો હિટલર શરણે આવ્યો ન હોત તો ઓછી વસ્તીવાળા નાના ટાપુ ઉપર અણુબોંબ ફેંકીને હિટલરને શરણે આવવા મજબૂર કર્યો હોત.

લાખો નિર્દોષોની હત્યાનો પરવાનો તમે ક્યાંથી લઈ આવ્યા ? માનવતાની સૂફિયાણી વાતો કરવી અને વાસ્તવમાં તેની ઉપર અમલ કરવું તમારી કરણીમાં છે જ નથી. આતંકવાદ તમારા લોહીમાં જ વહે છે. હદ તો ત્યાં થઈ કે તમને આજે પણ આ વિશ્વના સૌથી ગમખ્વાર બનાવ માટે સહેજ પણ દુ:ખ, ગમ, અફસોસ, શરમિંદગી, પ્રાયશ્ચિત કે ગ્લાની નથી ! તમારા દેશોની માનવતાવાદી સરકારો પોતાના સ્વાર્થ ખાતર આજે પણ આખા વિશ્વમાં યુદ્ધો પાછળ અબજો રૂપિયા ખર્ચી રહી છે. હજારો શાંતિપ્રિય તથા નિર્દોષ લોકોને રાહત છાવણીઓમાં આશ્રય લેવા મજબૂર કરી રહી છે. દુનિયાના દેશોને અણુશસ્ત્રો ઉત્પાદન બંધ કરવાની સુફિયાણી વાતો કરી રહ્યા છો. અરે ભલા માણસો ! તમે તો પહેલાં તમારા અણુબોંબ તથા શસ્ત્રોનો નાશ કરો ! ત્યારબાદ બીજાઓને શિખામણ આપો. તમારી નિયતમાં જ પથરા છે. તમારા લોહીમાં જ ખૂનામરકી, હત્યા તથા આતંકવાદ ભૂતકાળમાં હતો, આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે જ. હીરોશીમા તથા નાગાસાકીના હત્યાકાંડના દિવસે ફક્ત મીણબત્તીઓ સળગાવવાથી, પુષ્પાંજલી આપવાથી અથવા રેલીઓ કાઢવાથી કાંઈ વળવાનું નથી. વિશ્વ પ્રજામત તથા તમો તમામ યુધ્ધખોર સરકારો વિરુદ્ધ એકજૂથ થવાની તાકીદે પ્રાથમિક જરૂર છે.

હિટલર યહૂદીઓનો કટ્ટર દુશ્મન તથા હત્યારો હતો એ વાત વિશ્વ પ્રજામતના માનસમાં ઠસાવવામાં પશ્ચિમી ઈતિહાસકારો તથા લેખકો ૧૦૦ ટકા સફળ રહ્યા છે. પરંતુ તે તેમનો દુશ્મન કેમ બન્યો, તેના રાજકીય તથા આર્થિક કારણો આપવામાં ગલ્લા–તલ્લા કરે છે તથા આંખ આડા કાન કરે છે. રાજકીય કારણ એ હતું કે જર્મનીના યહૂદીઓ યૂરોપ તથા અમેરિકાને વધારે વફાદાર હતા મોટાભાગે સરકાર વિરૂદ્ધ હતા. આર્થિક કારણ એ હતું કે કટોકટી સમયે દેશની પડખે રહેવાની, જગ્યાએ પોતાનું સોનુ તથા સંપત્તિ ચોરી છૂપીથી યુરોપ તથા અમેરિકા ટ્રાન્સફર કરી રહ્યા હતા. આજે પણ સ્વીટઝર્લેન્ડ, અમેરિકા તથા યુરોપમાં યહૂદીઓની માલિકીની બેંકો સોનાથી છલકે છે. અમેરિકા તેના સહારે જ દુનિયાની આર્થિક જમાદારી કરી રહ્યું છે. અમેરિકા તથા યુરોપના મોટાભાગના ઉદ્યોગપતિઓ તથા રોકાણકારો યહૂદીઓ જ છે. દુનિયાની અડધા ઉપરની સંપત્તિ ઉપર તેમનો કબજો છે.

મોટાભાગના સમાચારપત્રો તથા માધ્યમો ઉપર તેમનો ઈજારો છે. ગરીબ તથા ચીંથરેહાલ યહૂદીઓને અમેરિકા તથા યુરોપે આશ્રય કેમ ન આપ્યો ? અમેરિકા, યુરોપ તથા ભારતમાં યહૂદીઓના હિમાયતીઓને જો પૂછવામા આવે કે તમે ગદ્દાર, મુલ્કફરોશ તથા દેશદ્રોહીઓને આવકારવા તથા ગળ લગાવવા તૈયાર છો ? રાષ્ટ્રવાદ એ પશ્ચિમની દેણ છે. તમે રાષ્ટ્રવાદી બની શકો તો હિટલર કેમ નહીં ? કહેવાતા બુદ્ધિજીવીઓને અલ્લાહ ઈશ્વર સન્મતિ આપે કે, તેઓ ખરા અર્થમાં ઈન્સાન બની વિશ્વનાગરિક બનવા માટે થનગને. નહીંતર ભાવિ પેઢી માટે આતંકવાદ જેવી સેંકડો સમસ્યાઓ માટે તૈયારી દાખવે. હિટલર આર્ય તથા યહૂદીઓ બિનઆર્ય હતા, તે ચાલાક યહૂદીઓની મનઘડત તથા ઉપજાવી કાઢેલ થીયરી છે.

આખી દુનિયાના ગરીબ તથા માધ્યમ વર્ગના યહૂદીઓ માટે મધ્યપૂર્વમાં બનાવટી ઈઝરાઈલ દેશની રચના કરવામાં આવી. યુનોના ચાર્ટરના ધજાગરા ઉડાડી કલમ ૧૧૦, ૧૧૧, ૧૧૨, તથા ૧૧૪ પ્રમાણે જનરલ એસેમ્બલીમાં ઠરાવ પસાર કરી નાખવામાં આવ્યો. જો કે આ સત્તા જનરલ એસેમ્બલીની કલમ ૭૭ એના કાર્યક્ષેત્રમાં જ નથી. તેનું કાર્ય તો ફક્ત સલાહ સૂચન જ છે. તેને આવો કોઈ અધિકાર જ નથી. આ સત્તા સલામતી સમિતિને જ છે. આ ઉપરાંત પેલેસ્ટાઈન એ બ્રિટિશ તાબા હેઠળનો દેશ હતો ત્યાં તેનો મેન્ડેટ ચાલુ હતો કોઈ પણ દેશ કબજો જમાવી શકે જ નહીં અથવા અન્યને તે સાંપી શકે જ નહીં.

યુનોના ચાર્ટરની કલમ ૭૭ એ વિરૂદ્ધ જઈ આ ઠરાવ પસાર કરવામાં આવ્યો. તે વખતે યુનોના મોટાભાગના સભ્યો અમેરિકા તથા યુરોપના જ હતા. ઠરાવ પસાર કરાવતી વખતે લગભગ ૧૦ (દસ) દેશોને ગેરહાજર રાખવામાં આવ્યા. લાઈબેરિયા તથા બાઈજીટી (હૈતી) જેવા દેશોને ધાક ધમકીથી ઠરાવની તરફેણમાં મતદાન કરાવવામાં આવ્યું. (જનરલ જેમ્સ ફોરેસ્ટલની ડાયરીના આધારે, જે અમેરિકી કોંગ્રેસની લાઈબ્રેરીમાં રેકોર્ડ રૂપે આજે પણ મૌજૂદ છે.) આમ કાવાદાવા તથા **બેઈમાનીથી ઈઝરાયલ દેશની રચના કરવામાં આવી.** અમેરિકા તથા યુરોપના દેશોને જો યહૂદીઓની સાચી હમદર્દી હોત તો અમેરિકામાં તેમને વસાવી શકત. આજે પણ ત્યાં વસ્તી ખૂબ નજીવી છે. ગરીબ તથા મધ્યમવર્ગના યહૂદીઓને તેઓ પોતાની સમૃદ્ધિમાં ભાગીદાર બનાવવા માંગતા જ ન હતા.

મધ્યપૂર્વમાં ઈઝરાઈલની સ્થાપના માટે રાજકીય તથા આર્થિક કારણ હતાં. રાજકીય કારણ એ હતું કે મુસ્લિમ વિશ્વમાં વચ્ચો વચ ખૂંટી દાટી મજબૂત થાણુ ઊભુ કરી શકાય અને તેમને કાબૂમાં રાખી શકાય. આર્થિક કારણ એ હતું કે પેટ્રોલનો સતત પ્રવાહ તેમને મળતો રહે જેથી તેમના ઉદ્યોગો ચાલતા રહે અને

આફ્રિકા, એશિયાઈ તથા લેટિન અમેરિકા દેશોનું સતત શોષણ કરી શકાય.

ઈઝરાઈલ રચના સાથે જ વિશ્વમાં આતંકવાદની પધરામણી થઈ. એમ કહેવામાં કાંઈ અતિશયોક્તિ નથી. વિશ્વભરના યહૂદીઓને પ્રવાહ ઈઝરાઈલમાં ઠાલવવામાં આવ્યો. ત્યાંના મૂળ રહેવાસીઓનો ઘરથી બહાર કાઢી મૂકી રાહત છાવણીઓમાં રહેવા માટે મજબૂર કરવામાં આવ્યા. નાના મોટા શહેરોમાં કર્ફ્યુ નાખી આતંક મચાવી યુવાનોને રહેંસી નાખવામાં આવ્યા, અહીં સુધી કે સ્ત્રીઓ તથા બાળકોને પણ માફ કરવામાં ન આવ્યા. આ સિલસિલો હજુ સુધી ચાલુ જ છે. યુનો તથા દુનિયાના કહેવાતા બુદ્ધિજીવીઓ, આ નગ્ન તમાશો મૂકપ્રેક્ષક બની જોઈ રહ્યા છે. યુવાનોને આતંકવાદી ઠરાવી એન્કાઉન્ટર કરી મારી નાખવામાં આવે છે. દુનિયાના ઘણાખરા દેશો તેના જ નકશેકદમ ઉપર જ ચાલી રહ્યા છે. પોતાના રાજકીય વિરોધીઓને આતંકવાદી જાહેર કરી રહેંસી નાખવામાં આવી રહ્યા છે.

**દુનિયામાં સૌ પહેલાં પ્લેનનું અપહરણ પણ ઈઝરાઈલ દ્વારા જ કરવામાં આવ્યું હતું.** હીટલરનો ખૂબ જ નજીકનો સાથી આઈકમેન યુરોપથી દક્ષિણ અમેરિકા જઈ રહ્યો હતો ત્યારે તેનું અપહરણ કરવામાં આવ્યું હતું. આમ ઈઝરાઈલ આતંકવાદની માતૃભૂમિ તથા પાઠશાળા છે, એમ કહેવામાં કાંઈ જ ખોટું નથી. યુરોપ તથા અમેરિકાના દેશો પોતાના કરતૂતો છુપાવવા માટે મુસ્લિમોને બદનામ કરી રહ્યા છે. તેના માટે મુસ્લિમ દેશોના આંતરિક વિખવાદ તથા નાઈત્તેફાકી પણ એટલી જ જવાબદાર છે. **સઉદી અરેબિયાએ જો પોતાના સ્વાર્થ તથા સત્તા માટે બ્રિટિશરોને સાથ ન આપ્યો હોત અને ખિલાફતને નાબૂદ ન કરી હોત તો આજે પણ વિશ્વનો નકશો જ કાંઈ ઓર હોત. કારણ કે બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકા તથા યુરોપના દેશો સંપૂર્ણ પાયમાલ થઈ ચૂક્યા હતા.**

દુનિયામાં યહૂદીઓના હમદર્દો તથા હિમાયતીઓ એવી દલીલ કરે છે કે પેલેસ્ટાઈન એ તેમની માતૃભૂમિ છે અને હજારો વર્ષોથી તેઓ ત્યાં વસવાટ કરી રહ્યા હતા. જો આ દલીલને માન્ય રાખવામાં આવે તો દ્રવિડો આખા ભારતખંડ ઉપર, ઈન્કા જાતિના લોકો આખા દક્ષિણ અમેરિકા ઉપર, તથા આર્યો આખા સેન્ટ્રલ એશિયા ઉપર, તેમજ આફ્રિકનોની અમુક મૂળ જાતિઓ આખા આફ્રિકા ખંડ ઉપર દાવો કરી શકે. યુનોએ તે મુજબના ઠરાવ પસાર કરી તેમને ત્યાં વસાવવાની જોગવાઈ કરવી પડે. એક એવી કમજોર તથા બાલિશ દલીલ કરવામાં આવે છે કે દુનિયામાં યહૂદીઓનો કોઈ સ્વતંત્ર દેશ જ નથી, જેથી ઈઝરાઈલની રચના કરવામાં આવી. આમ તો શીખો, પારસીઓ, કન્ફુસિયત, સીન્તો વગેરે એવા કેટલાય ધર્મો છે, જેમના કોઈ સ્વતંત્ર દેશો જ નથી. તો તેમના માટે પણ કાંઈ કરવામાં આવે અને દુનિયાને વધુમાં વધુ અશાંતિ, અરાજકતા તથા આતંક તરફ લઈ જવામાં આવે, દુનિયાના કહેવાતા બુદ્ધિજીવીઓ આજે નહીં તો કાલે અમારી વાત સાથે સંમત થશે જ અને ફક્ત માનવતા અને વિશ્વ નાગરિક બનવાની હોડમાં ઉતરશે.

દુનિયાના જૂઠા તથા અપ્રમાણિક ઈતિહાસકારો તથા લેખકો એનો દાવો કરે છે કે હિટલરે લગભગ ૬૦ લાખ યહૂદીઓની હત્યા કરી નાખી હતી. અરે ગાંડાઓ ! આખા વિશ્વમાં તેમની વસ્તી જ આટામાં નમક (નહીં) બરાબર છે. જો લાખોનું નિકંદન કાઢી નાખવામાં આવ્યું હોત તો આજે યહૂદી કોમનું અસ્તિત્વ જ ન રહેત ! તેમને જોવા માટે મ્યુઝિયમમાં જવું પડત.


**પોસ્ટકાર્ડ લખી મંગાવો**

**કિતાબ : કરામાતે સહાબા** (પેજીસ : ૯૬)


**સંપાદક** : મુહમ્મદ અમીન ચોલા નૂરી (જામનગર)

**પ્રકાશક** : કાદરી સુન્ની કમિટી, ૭–અતાએ શાહેઆલમ, દેના બેંક લાઈન, અલ નિયાઝ પાર્ક સામે, વિશાલા સર્કલ, જુહાપુરા, અમદાવાદ–૩૮૦૦૫૫, મો. ૯૯૧૩૭ ૬૮૫૫૩



# મોબાઈલથી ઈસ્તેફ઼ાદ઼ાએ ખબર વડે

# ચાંદની સાબિતી



**અઝ** : મુહક્કિ઼કે મસાઈલે જદીદા મુફ઼તી **મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી** *(સદર મુફ઼તી વ પ્રિન્સિપાલ જામિઆ અશરફિયા–મુબારકપુર)*

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*પ્રસ્તુત સવાલ તથા જવાબ આ વરસે (હિ.સ. ૧૪૩૭) ઉર્સે હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના મોક઼ા પર ઉલમા, મુફ઼તી, હુફ઼્ફ઼ાઝ વગેરેની દસ્તારબંદીના પ્રસંગે મુહક્કિ઼કે મસાઈલે જદીદા મુફ઼તી **મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** સાહબને જલસા દરમ્યાન કરવામાં આવેલ સવાલોના જવાબોમાંથી છે. ખૂબ જ સરળ ભાષામાં મસ્અલાની આપે છણાવટ કરી છે. બરકાતે ખ્વાજા (માસિક)ના વાંચકોના ફાયદા ખાતર અત્રે રજૂ કરીએ છીએ. –તંત્રી :*

**સવાલ** : અમને એ ખબર મળી છે કે આપ ટેલીફોન તથા મોબાઈલ થકી ઈસ્તેફાદાની સાબિતીને માનવાવાળા છે, જ્યારે કે ફતાવા રઝવિય્યહ, ભાગ–૪, પેજ નં.–૫૨૮ પર છે કે, "ટેલીફોન કરનાર જો સાંભળનારની નજરો સમક્ષ ન હોય તો શરઈ બાબતોમાં એનો કોઈ એતબાર નથી, ભલે અવાજ પહેચાની લેવામાં આવે, કેમ કે અવાજ મલતો જુલતો અવાજ પણ હોય છે. જો તે કોઈ શહાદત (ગવાહી) આપે તો વિશ્વાસપાત્ર ગણાશે નહીં, અને જો કોઈ વાતનો ઈકરાર (સ્વીકાર) કરે તો સાંભળનારને એના પર ગવાહી આપવાની ઈજાઝત નથી." આ લખાણથી પુરવાર થાય છે કે મોબાઈલ વગેરેથી ચાંદ સાબિત નથી થઈ શક્તો.

**જવાબ** : જેમણે પણ આ સવાલ કર્યો છે, સારો કર્યો છે ! અને એનાથી ઈન્શાઅલ્લાહુ તઆલા એક ગલતફહમી દૂર થઈ જશે. જુઓ ! બે ચીજો છે : એક છે **ખબર** અને એક છે **શહાદત (ગવાહી)**. ખબરને શહાદતનો દરજો નથી આપી શકાતો, અને શહાદત (ગવાહી)ના માટે કેવળ ખબરની શરતો પૂરતી નથી. **ખબર** અને **શહાદત** આ બે ચીજો છે. શહાદતનો અર્થ આવે છે, રૂબરૂ હોવું, નજરો સમક્ષ હોવું, સામે હોવું. શાહિદ જેને ગવાહ કહે છે તેનો અર્થ છે હાજર, રૂબરૂ, નજરો સમક્ષ, આપની સામે હોય, જે સામે હશે, હાજર હશે તે જ શાહિદ (ગવાહ) થશે. નજરો સમક્ષ ન હોય તે ગવાહ થઈ શકશે નહીં. શહાદતનો અર્થ છે રૂબરૂ સામે હોવું, હાજર હોવું, જે સામે હશે હાજર હશે તે જ શાહિદ થશે. નજર સામે ન હોય તે શાહિદ (ગવાહ) નથી થઈ શક્તો. જે નજરો સામે જ ન હોય તે ગવાહ કેવી રીતે થશે અને તેનું બયાન ગવાહી કેવી રીતે ગણાશે ?!

આ'લા હઝરત علیہ الرَّحمۃ و الرِّضوان એ જે ફર્માવ્યું તે ૧૦૦% હક્ક઼ છે. આમન્ના વ સદક઼ના. આ'લા હઝરત علیہ الرَّحمۃ و الرِّضوانના લખાણને સમજવું જરૂરી છે. ફતાવા રઝવિય્યહ જો પઢવામાં આવે તો તેને સમજવાની કોશિશ પણ કરવામાં આવે. કેવળ ફતાવા રઝવિય્યહનું નામ લઈ લેવું પૂરતુ નથી ! મેં ઘણીવાર મારી દર્સગાહોમાં અને મજમાઓમાં ઉલમાની સમક્ષ કહ્યું છે કે આજે સૌથી મોટો મુફ઼તી તે છે જે ફતાવા રઝવિય્યહને સૌથી અધિક સમજે છે. ફતાવા રઝવિય્યહનુ નામ લેવું અલગ છે અને સમજવું અલગ છે. આ'લા હઝરત علیہ الرَّحمۃ و الرِّضوان શું ફર્માવે છે કે આ લખાણનો સંબંધ શહાદતથી છે ખબરથી નથી. એનો મતલબ

એ થયો કે શરઈ બાબતોમાં શહાદત ત્યારે વિશ્વસનીય થશે જ્યારે ફોન કરનાર નજરો સમક્ષ હોય, સામે નહીં હોય તો શહાદત વિશ્વાપસપાત્ર થશે નહીં. નજરો સમક્ષ હોવાની શરત ખબરમાં હોતી જ નથી ! એ કેવળ શહાદતમાં હોય છે. એ જ કારણે આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ એના પછી વર્ણન કરતાં ફર્માવે છે કે, "જેથી જો કોઈ શહાદત આપે છે તો શહાદત વિશ્વસનીય થશે નહીં, કોઈ ફોન કરે છે તો સાંભળનાર એની ગવાહી નથી આપી શક્તો કે ફલાણાએ ઈકરાર કર્યો છે. કેમ કે અવાજ મુશાબિહ (મલતો જુલતો) અવાજ હોય શકે છે. આ પૂરા ફત્વાનો સંબંધ શહાદત સાથે છે. આમને સામને હોવું શાહિદ (ગવાહ) માટે જરૂરી હોય છે, ખબર માટે નથી. અને ઈસ્તેફાદાનો સંબંધ ખબર સાથે છે શહાદત સાથે નથી. હવે એ વાતને આપ સમજી લો કે ઈસ્તેફાદાનો સંબંધ ખબર સાથે છે. શહાદત (ગવાહી) સાથે નથી.

જરા એક વાત આપ લોકો વિચારો ! આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ ફર્માવે છે કે શરઈ બાબતોમાં ટેલીફોનનો કોઈ એતબાર નથી જ્યારે કે ટેલીફોન કરનાર સામે ન હોય, નજરો સમક્ષ ન હોય. એ વાતને દિમાગમાં રાખીને આપ વિચારો કે **જો એનો સંબંધ ખબર સાથે હોય તો** શું આજે દુનિયામાં કોઈ પણ આ ફત્વા પર અમલ કરે છે ? ! આજે આપણી પાસે સેંકડો ઉલમા મૌજૂદ છે અને દુનિયામાં હજારો ઉલમા મૌજૂદ છે અને હું સમજુ છું કે જેટલા ઉલમા છે સર્વ ઉલમાની પાસે શરઈ બાબતોમાં પોતાના દીની મસાઈલ સમજવા માટે લોકો ફોન કરે છે અને આ આપણા ઉલમાએ કિરામ એમને જવાબ આપે છે અને ઉલમાએ કિરામ ફોન પર જે જવાબ આપે છે તે જવાબ વિશ્વસનીય તથા ભરોસાપાત્ર ઠરાવવામાં આવે છે. **આ શરઈ બાબતોમાં ટેલીફોનનો કે મોબાઈલનો એતબાર થયો કે ન થયો ?!** અને આજે જે આલિમ જેટલો મોટો છે તેને એટલા જ વધુ પ્રમાણમાં ફોન પર સવાલો કરવામાં આવે છે. આજે અમેરિકાથી અનેક લોકો સવાલો કરે છે આપણા મોટા ઉલમાને અને અહીં હિંદુસ્તાનથી આપણા મોટા ઉલમા જવાબ આપે છે તો ત્યાં એમના ફત્વાના પ્રમાણે હુકમ લાગુ કરી દેવામાં આવે છે, અને તેના પર અમલ કરવામાં આવે છે. **શરઈ બાબતોમાં આ ટેલીફોનનો એતબાર થયો કે ન થયો ?** રોજ લાખો વાર શરઈ બાબતોમાં ટેલીફોનનો એતબાર ઉલમાના બતાવેલ મસાઈલ પર વિશ્વાસ કરવામાં આવી રહ્યો છે. જો આ વાત હક્ક છે તો દિમાગને કસવું જોઈએ કે ઈમામ અહમદ રઝા رَضِیَ اللہُ عَنْہُના આ લખાણનો શો મતલબ છે ? આ લખાણનો મતલબ ફક્ત એ જ છે કે જે મેં અર્ઝ કર્યો છે કે **આ લખાણનો સંબંધ ખબર સાથે નથી બલ્કે શહાદત સાથે છે.** આપણે મસાઈલ જે બતાવીએ છીએ ટેલીફોન પર, આપણે મસાઈલ જે બતાવીએ છીએ મોબાઈલ પર, એ સર્વ મસાઈલ ખબરના પ્રકરણથી છે અને ખબરના બારામાં એ ઉલમાની ખબરનો એતબાર છે, ખબરના બારામાં સાલેહીનની ખબરનો એતબાર છે, ખબરના બારામાં નેક લોકોની ખબરનો એતબાર છે, ખબરના બારામાં હાફિઝોની ખબરનો, કારીઓની ખબરનો, ઉલમાની ખબરનો, દીનદાર હાજીઓની ખબરનો, સૌની ખબરનો એતબાર છે.

જ્યારે હવે આ વાત સમજી લીધી તો હવે સાંભળો ! **ચાંદની સાબિતી કેવળ શહાદત (ગવાહી)થી જ નથી થતી. શહાદતથી પણ થાય છે અને ઈસ્તેફાદાથી પણ થાય છે.** ઈસ્તેફાદા શું ચીજ છે ? ઈસ્તેફાદાનો અર્થ છે : "સાચી તથા પાકી ખબરનું મશહૂર થઈ જવું." અમારા એક આલિમે ચાંદ જોઈ લીધો દિલ્હીમાં અને તેમણે અમને ફોન કર્યો કે હું અલ્લાહની કસમ ખાયને કહું છું કે મેં પોતે મારી આંખો વડે રમઝાનનો ચાંદ જોયો. મુંબઈથી બીજા આલિમે પણ એ જ પ્રકારનો ફોન કરી આપ્યો. કલકત્તાથી ત્રીજા આલિમે ફોન કરી આપ્યો. મદ્રાસથી ચોથા આલિમે ફોન કરી આપ્યો, હુબ્લીથી પાંચમા આલિમે ફોન કરી આપ્યો... સારાંશ કે ૧૨ શહેરોએથી ૧૨ આલિમોએ, હાફિઝોએ, કારીઓએ, નેક લોકોએ ફોન કરી આપ્યો. તો પણ

આપણે આ તરફથી ફોન કરીને ત્યાંના દીનદાર લોકો સાથે તેહકીક઼ કરી લીધી કે આ લોકો સાચા પાકા છે ?! તો ત્યાંથી આપણા દીનદાર ઉલમાએ તસ્દીક઼ (સમર્થન) કરી આપી કે એઓ સાચા છે, સાલેહ છે, નેક છે, એમની સદાક઼ત (સચ્ચાઈ)માં જરા બરાબર કોઈ શંકા નથી કરી શકાતી. અને વળી તેઓ અલ્લાહની ક઼સમ ખાયને બયાન આપી રહ્યા છે કે તેમણે પોતે પોતાની આંખો વડે ચાંદ જોયો, તો આ ખબર સાચી પણ છે, પાકી પણ છે. અને જ્યારે દસ, બાર, ચૌદ લોકો ખબર આપી રહ્યા છે તો આ ખબર શોહરત (ખ્યાતી)ની હદે પહોંચી પણ ગઈ છે. હવે એને ફિક઼હની બોલીમાં શું કહીશું ? ''ઈસ્તેફાદ઼ા, ઈસ્તેફાદાએ ખબર'' **જ્યારે શરઈ બાબતોમાં ખબરના બાબમાં સાચી તથા પાકી ખબરનો એતબાર દરરોજ કરવામાં આવે છે તો હજારોવાર કરવામાં આવે છે. આખી દુનિયાને લક્ષમાં રાખી જોવામાં આવે તો લાખોવાર કરવામાં આવે છે. તો રમઝાનના મોક઼ાએ તથા ઈદના મોક઼ાએ જો ઉલમા, હાફિઝો, ક઼ારીઓ, તથા નેક લોકો ચશ્મદીદ (પોતાની આંખો વડે જોયેલ) ખબર આપે તો આ સાચી તથા પાકી ખબરનો એતબાર કેમ નહીં કરવામાં આવે ?!** એના બારામાં જો ફતાવા રઝવિય્યહના લખાણને પેશ કરવામાં આવે છે તો આપ તુરંત જ કહી આપો કે આ લખાણનો સંબંધ ગવાહી સાથે છે ન કે ખબર સાથે, ઈસ્તેફાદ઼ાનો સંબંધ ખબર સાથે છે, શહાદત સાથે નથી. **''ઈસ્તેફાદ઼ાએ ખબર'' એ ચાંદની સાબિતીના તરીક઼ાઓમાંથી એક મજબૂત તરીક઼ો છે.** આ'લા હઝરત عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَان એ ફતાવા રઝવિય્યહ, ભાગ–૪માં લખ્યું છે કે, **''શહાદત (ગવાહી)થી પણ મજબૂત તરીક઼ો છે.''** જ્યારે શહાદતથી ચાંદ સાબિત થઈ જાય છે તો ઈસ્તેફાદ઼ાએ ખબરથી એથી પણ અધિક કક્ષાએ ચાંદની સાબિતી થઈ જશે. એટલા માટે ''જામિઆ અશ્રફિયા (મુબારકપુર)''ના ઉલમાએ મજલિસે શરઈમાં અન્ય હિંદુસ્તાનના ઘણા બધા ઉલમાની રાયની એકમતિએ એ ફૈંસલો બહાર પાડયો કે ''ઈસ્તેફાદ઼ાએ ખબર'' થઈ જાય ચાંદના બારામાં તો એનાથી પણ ચાંદની સાબિતી થઈ જશે. અને આજે આસાની માટે એના પર ફત્વો આપવામાં આવે છે અને એના પર અમલ કરવામાં આવે છે.

આપ કહી શકો છો કે તો પછી કાલ સુધી એના પર અમલ કેમ કરવામાં ન આવ્યો, અને આજે એવું શાથી થયું ?! આપના દિલમાં એ વાત પેદા થઈ શકે છે, અને નહીં પેદા થાય તો જ્યારે આપ અહીંથી બહાર જશો તો કેટલાક લોકો આપના દિલમાં એ વસવસો પેદા કરશે ! કેમ કે વસવસો પેદા કરનારા ઘણા લોકો છે, તેઓ જે પ્રકારના પણ હોય, તો એ વસવસાને પણ દૂર કરતા ચાલો. કાલે મોબાઈલ હતો નહીં. આ'લા હઝરત رحمۃ اللہ علیہના જમાનામાં, હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના જમાનામાં, હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના જમાનામાં મોબાઈલ ન હતો. ટેલીફોન હતો પણ એ ખૂબ જ મર્યાદિત હતો. જો પૂરા દેશમાંથી ચાંદની ખબર આવતી તો તેની તેહકીક઼ થઈ શક્તી ન હતી કે ખબર આપનાર સાચુ બોલી રહ્યો છે કે જૂઠુ બોલી રહ્યો છે, જેથી ખબર ન સાચી હોય શક્તી હતી ન પાકી. પણ આજે અલહમ્દુલિલ્લાહ ! અમારી સાથે આઠ દસ જણની ટીમ બેસી જાય છે અને પૂરા હિંદુસ્તાનમાં છાનબીન કરી લેવામાં આવે છે કે ક્યાં ક્યાંની ખબર સાચી છે, પાકી છે અને ક્યાં ક્યાંની ખબર ગલત છે. ક્યાં ક્યાં હાફિઝોએ, ચાંદ જોયો, ક઼ારીઓએ ચાંદ જોયો, નેક લોકોએ ચાંદ જોયો..... અલ્હમ્દુલિલ્લાહ ! ઉલમા, હાફિઝો, ક઼ારીઓ, નેક લોકોના ક઼સમપૂર્વકના બયાનને લઈને એના પ્રમાણે જ્યારે સાચી પાકી ખબર ચાંદની મશ્હૂર થઈ જાય છે તો ''ઈસ્તેફાદ઼ાએ ખબર''ના રૂપે ચાંદ થઈ જવાનો ફૈંસલો તથા એલાન કરી દેવામાં આવે છે. અને અલ્હમ્દુલિલ્લાહ ! પૂરા પૂર્વ યુ.પી.માં એના પર અમલ થઈ રહ્યો છે તથા પશ્ચિમ યુ.પી.માં પણ એના પર અમલ થઈ રહ્યો છે બલ્કે અલ્હમ્દુલિલ્લાહ ! અહીંથી નીકળીને અન્ય રાજ્યોમાં પણ લોકો અમારાથી જોડાઈ ચૂક્યા છે અને એના પર અમલ કરી રહ્યા છે.

# ચાંદની સાબિતીના

## વિવિધ તરીક઼ાઓ વિશે પ્રશ્નોત્તરી

રજૂકર્તા : **મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** *(સદર મુફ્તી દારુલ ઈફ્તા, દારુલ ઉલૂમ અશ્રફિયા–મુબારકપુર)*

પ્રશ્નકર્તા તથા અનુવાદ : **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**સવાલ નં ૧ : સામાન્યતઃ લોકોમાં એવો ખયાલ પ્રવર્તે છે કે ચાંદની સાબિતી "ચાંદ જોવાથી" કે "ગવાહી મળવાથી" જ થઈ શકે છે.** એના સિવાય બીજા તરીક઼ાઓ વિશે સામાન્ય પબ્લિકમાં અજાણતા પ્રવર્તે છે. તો વિનંતિ છે કે ચાંદની સાબિતીના કેટલા તરીક઼ા છે અને કયા કયા તે દર્શાવશો.

**જવાબ નં ૧** : ચાંદની સાબિતીના **નવ તરીક઼ા** છે :–

**૦૧.** રૂયતે આમ : એટલે મોટાભાગે લોકોનું ચાંદ જોવું.

**૦૨.** રૂયતે ખાસ : ખાસ કોઈ પુરૂષ કે સ્ત્રીનું ચાંદ જોવું. ખાસ રમઝાનના ચાંદ માટે શરીઅતે ખાસ સ્થિતિમાં "રૂયતે ખાસ"ને દલીલ માની છે.

**૦૩.** શહાદતે રૂયત : એટલે ચાંદ જોવાની ગવાહી.

**૦૪.** શહાદત અલશ્શહાદત : એટલે ચાંદ જોવાની ગવાહી પર ગવાહી.

**૦૫.** શહાદત અલલ ક઼ઝા : એટલે કે ક઼ાઝીના ફેંસલા પર ગવાહી.

**૦૬.** કિતાબુલ ક઼ાઝી અલલ ક઼ાઝી : એટલે એક શહેરના ક઼ાઝીનો પત્ર બીજા શહેરના ક઼ાઝીના નામે.

**૦૭.** ઈસ્તેફ઼ાદા : ચાંદની સાચી તથા પાકી ખબરની ખ્યાતિ.

**૦૮.** ઈકમાલે ઈદત : એટલે મહીનાના ૩૦ દિવસ પૂરા કરી લેવા.

**૦૯.** ચાંદ સાબિત થતાં ટોપ (ફોડીને) તથા ઢંઢેરો પીટીને વગેરે વડે એલાન.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ આ નવ તરીક઼ાઓને પોતાના સમૃધ્ધ તથા સંક્ષિપ્ત શબ્દો વડે સાત તરીક઼ાઓમાં સમાવી આપેલ છે જે આપની કિતાબ "તુરુક઼ે અષ્બાતે હિલાલ"માં વિગતવાર વર્ણન થયેલ છે.

હદીષે પાકમાં ચાંદ જોઈને રોઝા રાખવા અને ચાંદ જોઈને રોઝા છોડવાનો હુકમ આપવામાં આવ્યો છે. સાથોસાથ જ આ હિદાયત પણ આપવામાં આવી છે કે કોઈ કારણે ૨૯ તારીખે ચાંદ ન જુઓ તો ત્રીસ તારીખો પૂરી કરી લો.

આ રીતે જોવામાં આવે તો હદીષે નબવીમાં ચાદની સાબિતીના ત્રણ તરીક઼ા વર્ણન થયેલ છે : રૂયતે આમ (આમ લોકોનું ચાંદ જોવું), રૂયતે ખાસ એટલે ખાસ લોકોનું ચાંદ જોવું, અને ઈકમાલે ઈદત એટલે ૩૦ની ગણત્રી પૂરી કરવી. બાકીના તરીક઼ાઓનો તાબઈન તથા મુજતહીદ ફક઼ીહોએ વધારો કર્યો, અને નવમો તરીક઼ો તો અલ્લામા ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہએ એક શાફઈ મઝહબના ફક઼ીહથી નક઼લ કર્યો, જેને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ માન્ય રાખ્યો. એટલા માટે આપણે પણ એને માનીએ છીએ, નહીં તો આપણા મઝહબ (હનફી)ની કિતાબોમાં એનો ઉલ્લેખ નથી. હા ! જેટલા તરીક઼ાઓ બાદમાં ઉમેરાયા હક઼ીક઼તમાં એ સર્વથી ચાંદ દેખાયાની જ સાબિતી થાય છે. એટલા માટે એ તમામે તમામ હદીષે નબવી પર જ અમલની વિવિધ સ્થિતિઓ છે અને હદીષે પાકની રૂહ દરેક જગાએ કાર્યરત છે.

પબ્લિકને જરૂરત પ્રમાણે જેટલું બતાવવામાં

આવ્યું એટલું જ તે જાણે છે, પણ જરૂરત છે કે ઈલ્મે દીનને આમ કરવામાં આવે અને આ'લા હઝરત رحمۃ اللہ علیہની તેહકીકાતને ઘેર ઘેર પહોંચાડવામાં આવે જેથી તેઓ અજ્ઞાનતાના કારણે કોઈ શરઈ મસ્અલાનો ઈન્કાર ન કરી બેસે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**સવાલ નં ૨ :** "કિતાબુલ કાઝી અલલ કાઝી" એટલે શું ? મોબાઈલ થકી એક જગાના ચાંદની ખબર ત્યાંના કાઝી થકી બીજા શહેરના કાઝીને પહોંચાડે તો તે કાઝીને એલાનનો અધિકાર મળશે ? અથવા ફેક્સ અથવા ઈ મેઈલ થકી એક કાઝીથી બીજા કાઝીને ખબર પહોંચાડીને ચાંદની સાબિતી થઈ શકશે ?

**જવાબ નં ૨ :** "કિતાબુલ કાઝી અલલ કાઝી"નો અર્થ છે : "એક જગાના કાઝીનો પત્ર બીજી જગાના કાઝીના નામે" અને જાહેર છે કે મોબાઈલ થકી એક જગાના ચાંદની ખબર બીજી જગાના કાઝીને આપવી એ "કાઝીનો પત્ર કાઝીના નામે" નથી, બલ્કે એ કેવળ ખબર છે, અને ચાંદની સાબિતીના બારામાં એવી ખબર તદ્દન અવિશ્વસનીય છે જેમ કે ફતાવા રઝવિય્યહ, ભાગ–૪માં એની સ્પષ્ટતા છે. હા ! ફેક્સ, ઈ મેઈલ તથા એસ. એમ. એસ. (મેસેજ) પોતાનામાં શાબ્દિક લેહાઝથી "કાઝીનો પત્ર કાઝીના નામે" ખયાલ કરી શકાય છે, પણ શરઈ દૃષ્ટિબિંદુથી એમની હૈસિયત "કાઝીનો પત્ર કાઝીના નામે" નથી, ન ચાંદની સાબિતીના પ્રકરણમાં એનો એતબાર થશે. એક જગાના કાઝીનો પત્ર બીજી જગાના કાઝીના નામે તે સમયે દલીલ બને છે જ્યારે બે શરઈ ગવાહો થકી એમના સુધી પહોંચાડવામાં આવે. અને ફેક્સ, ઈ મેઈલ, એસ.એમ.એસ. શરઈ ગવાહ સાથે નથી જતા. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**સવાલ નં. ૩ :** "ઈસ્તેફાદા" માટે શું જરૂરી છે કે મોબાઈલ પર જે લોકો કાઝીને ચાંદની ખબર આપી રહ્યા છે તે સૌને કાઝી જાણતો હોય ? તેમજ ખબર આપનારાઓની કેટલી સંખ્યા હશે તો "ઈસ્તેફાદા" સાબિત થશે ?

**જવાબ નં. ૩ :** એ જરૂરી નથી કે જે લોકો કાઝીને ચાંદના બારામાં ખબર આપી રહ્યા છે તે સૌને કાઝી ઓળખતો જાણતો હોય. હા ! ચાંદની સાબિતીના બારામાં એ જરૂરી છે કે કાઝીએ શરીઅતને જે શખ્સના બારામાં એ ઈત્મિનાન થાય કે તે તકવાવાળો આલિમ કે હાફિઝ અથવા કારી છે તો તે ચાંદની ખબર આપનારાઓના બારામાં બતાવે કે તેઓ સાચા અને શરીઅતના પાબંદ છે. અને દરેક શખ્સ એ બયાન આપે કે તેણે પોતાની આંખો વડે ફલાણા મહિના ફલાણા સનનો ચાંદ જોયો. વળી આ ખબર આપવાવાળા એટલા અધિક પ્રમાણમાં હોય કે કાઝીને સંપૂર્ણપણે ઈત્મિનાન થઈ જાય કે આ લોકો સાચી પાકી ખબર આપી રહ્યા છે.

ખબર આપનારાઓ જો ઉપર જણાવેલ ખૂબીઓ (સિફતો)થી સજ્જ હોય તો એવી નવ (૯) વ્યક્તિઓની ખબર પણ ઈસ્તેફાદાના માટે પૂરતી થઈ શકે છે, નહીં તો અધિક સંખ્યા પણ જરૂરી થશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**સવાલ નં. ૪ :** શું મોબાઈલ પર ખબર આપનાર સૌએ પોતે જ ચાંદ જોયેલો હોવો જોઈએ કે અન્યના ચાંદ જોયાની ખબર મશહૂર થતાં તેના આધારે ખબર આપી શકાય ?

**જવાબ નં. ૪ :** એ જરૂરી નથી કે દરેક ખબર આપનારે પોતે ચાંદ જોયો હોય, બલ્કે ઉપર દર્શાવી તેવી સિફતોવાળા ચાંદ જોનારાઓથી સાંભળીને તેમના હવાલાથી ખબર આપવી પણ પૂરતી છે. લખનાર (મુફતી નિઝામુદ્દીન સાહબ)નો નિયમ એ છે કે કેવળ ચાંદ જોનાર વ્યક્તિઓથી કસમપૂર્વકનું બયાન લઉં છું અને કોશિશ કરું છું કે તે ઉલમાએ દીન હોય અને અમુક ઉપરોક્ત સિફતોથી સજ્જ હોય. જ્યારે વિવિધ સ્થળો તથા શહેરોએથી આવા પંદર સોળ વર્ણવેલ ખૂબીઓવાળી વ્યક્તિઓનું ચશ્દીદ કસમપૂર્વકનું બયાન મળી જાય છે તો ફક્ત સમર્થનના માટે અમુક બીજા પ્રકારના લોકોનાં બયાનો પણ લેવામાં આવે છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**સવાલ નં. ૫ :** શું ફક્ત બાશરઅ લોકોની

આપેલ ખબર જ માન્ય થશે કે ફાસિક઼ વ્યક્તિઓની પાસેથી પણ ખબર લઈ શકાશે ? અને એવી કેટલી વ્યક્તિઓની ખબર પર ઈસ્તેફાદ઼ા થશે ?

**જવાબ નં ૫** : બાશરઅ, દીનદાર, સાલેહીનથી બયાનાત લેવામાં આવશે અને જ્યારે એવા અધિક પ્રમાણના હઝરાતનાં બયાનો ગુજરી જાય તો સમર્થનના ખાતર છેવટમાં એવા ફાસિક઼ોથી પણ બયાનો લઈ શકાય છે જેમના સાચા હોવા પર વિશ્વાસ અધિક હોય. ''ખબરે ઈસ્તેફાદ઼ા''ના માટે એ જરૂરી નથી કે સર્વ ખબર આપનારા બાશરઅ હોય. પણ ઈત્મિનાન તથા સંતોષના ખાતર નવ, દસના બદલે અધિક વ્યક્તિઓની ખબરની જરૂર રહેશે. વલ્લાહુ તઆલા અઅ્લ.

**સવાલ નં ૬** : ચાંદ કમિટી ઘણે ઠેકાણે બને છે તો એ કમિટીઓના એલાન પર ચાંદ થયાનું કઈ રીતે માનવામાં આવશે ? એનો શો તરીક઼ો રહેશે ?

**જવાબ નં ૬** : ચાંદના બારામાં બાશરઅ, દીનદાર વ્યક્તિઓની ખબરો ક઼ાઝીએ શરીઅતને મળે જેથી તે પૂરો સંતોષ તથા ઈત્મિનાન હાંસલ થયા બાદ ચાંદની સાબિતીનો ફેંસલો બહાર પાડી શકે. ચાંદ કમિટી જો ઉલમા પર આધારિત હોય તો તે ક઼ાઝીએ શરીઅતના દરજામાં છે. એ જ પ્રમાણે જે આલિમે દીન જરૂરતના મસાઈલ કિતાબોથી પોતે કાઢી શકે અને એના પ્રતિ મુસલમાન સામાન્યતઃ રુજૂઅ થતા હોય તે પણ તે ઈલાક઼ાનો ક઼ાઝીએ શરીઅત થાય છે. એ જ પ્રમાણે આલિમ કે ચાંદ કમિટી અથવા ક઼ાઝીએ શરીઅતની પાસે બાશરઅ વ્યક્તિઓ ચાંદ થયાની ખબરો આપે તો શોહરત (ખ્યાતિ)ની સ્થિતિમાં તે ખબર ઈસ્તેફાદા ગણાશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**સવાલ નં ૭** : આથી પહેલાં આપણા અગ્રગણ્ય (અકાબિર) ઉલમાએ ફોન પર ચાંદની સાબિતીને અવિશ્વાસપાત્ર માની છે તો પછી અત્યારે શાથી એને માન્ય ઠરાવવામાં આવી શકે ?

**જવાબ નં. ૭** : એ સહીહ છે કે આપણા પહેલાના ઉલમાએ ટેલીફોનની ખબરને ચાંદની સાબિતીના બારામાં અવિશ્વસનીય માની, પણ એ એ જ પ્રમાણે છે કે જેવી રીતે કોઈ માણસની ખબરને ચાંદની સાબિતીમાં અવિશ્વસનીય ઠરાવવામાં આવે છે. હા ! ચાંદની ખબર સાચી, પાકી હોય તથા ઘણા માણસો એક ઝબાને તેની ખબર આપે તો શોહરત (ખ્યાતિ)ના કારણે એકમતિએ ''ઈસ્તેફાદ઼ાએ ખબર'' થઈ જાય છે જેનાથી ચાંદનો શરઈ સબૂત હાંસલ થાય છે. એ જ પ્રમાણે ટેલીફોન કે મોબાઈલ થકી અધિક્તર પ્રમાણમાં માણસો ચાંદની સાચી, પાકી ખબર આપે તો અહીં પણ શોહરતની બિના પર ''ઈસ્તેફાદ઼ાએ ખબર'' થઈ જશે જેનાથી ચાંદનો શરઈ સબૂત હાંસલ થશે.

વળી કાલ તથા આજનામાં એક ફરક પણ છે કે ટેલીફોન તથા મોબાઈલની વ્યવસ્થા આજે જેટલા પ્રમાણમાં બેહતર છે તેવું કાલે હરગિઝ ન હતું. કાલે જો કોઈ ટેલીફોન વડે આ ખબર આપતો કે તેણે ચાંદ જોયો છે તો સરળતાપૂર્વક તદન તેહક઼ીક઼ થઈ શક્તી ન હતી, અને આજે અડધા કલાકમાં એવી બેશુમાર ખબરોની સંપૂર્ણપણે તેહક઼ીક઼ કરી લેવામાં આવે છે. તો કાલ સુધી તેની તેહક઼ીક઼ તથા સમર્થન મેળવવું મુશ્કેલ હતું અને આજે ખૂબ જ સરળ છે. ''ઈસ્તેફાદ઼ા''ના માટે ખબર સાચી હોવી એ સૌ પ્રથમ જરૂરી છે. અને સાચી હોવા પછી અધિક્તર પ્રમાણમાં ખબરો વડે શોહરત (ખ્યાતિ) તથા ઈસ્તેફાદ઼ાનો માર્ગ સરળ થઈ જાય છે. કાલે એ મુશ્કેલ હતું અને આજે શક્ય છે બલ્કે થઈ શકે છે.

તદ્ ઉપરાંત ફતાવા રઝવિય્યહ્‌ને પઢી લો તો ઈત્મિનાન હાંસલ થશે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ટેલીફોન વડે ઈસ્તેફાદ઼ાના તહક્કુક઼ (સમર્થન પામવાનો) ઈન્કાર નથી કર્યો. વલ્લાહુ તઆલા અઅ્લમ.

લખનાર : **મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**

*(સદર મુફ્તી વ સદરુલ મુદર્રિસીન જામિઆ અશ્રફિયા)*

મુબારકપુર, ૮–રબીઉન્નૂર, હિ.સ. ૧૪૩૭,

ઈ.સ. તા. ૨૦–૧૨–૨૦૧૫

# રાહે ખુદામાં ખર્ચ કરો
## દુનિયા વ આખેરતની ભલાઈ પામો

(કાર્યાલય)

દરેક ઈમાનવાળો આખુ જીવન સદકા તથા ઝકાત અદા કરે છે અને અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે. તો એને કેવળ રસમ પૂરતુ ન સમજે બલ્કે દુનિયા તથા આખેરતમાં તે શું શું ભલાઈઓ પામશે તેની એક ઝલક અત્રે રજૂ કરીએ છીએ એને વાંચો અને કમને નહીં પણ દિલી ઈત્મિનાન સાથે ખૈરાત, ઝકાત તથા સદકા અદા કરો.

- ✦ ઝકાત તથા સદકા અદા કરવા અલ્લાહની રાહમાં ખર્ચ કરવું છે.
- ✦ અલ્લાહ તથા તેના રસૂલ ﷺના હુકમનું પાલન છે.
- ✦ કંજૂસાઈ જેવી ખતરનાક તથા મૂઝી બીમારીથી બચાવે છે.
- ✦ નેકી તથા તકવાના કામોમાં આપસમાં સહકાર છે.
- ✦ સાહિબે ઈમાન હોવાની દલીલ છે.
- ✦ એનાથી નફસ પાક તથા સાફ રહે છે.
- ✦ એનાથી નેકીમાં વધારો થાય છે.
- ✦ માલ તથા દૌલત જેવી નેઅમતની શુક્રગુઝારી તથા કદરદાનીનો એહસાસ જાગૃત થાય છે.
- ✦ ગુનાહોની બુરાઈઓને નષ્ટ કરવાનો તથા લગ્ઝિશો તથા ખતાઓની આગને ઠંડી કરવાનો ઝરીયો છે.
- ✦ આખેરતમાં માલના વબાલથી સલામતીનો ઝરીયો છે.
- ✦ એનાથી એહસાન તથા નેકીનો દરજો નસીબ થાય છે.
- ✦ અખ્લાકે હસના તથા નેક અમલોમાં પ્રોત્સાહનનો સબબ છે.
- ✦ સખત ગભરાહટના દિવસે ખૌફથી અમ્નો અમાનનો ઝરીયો છે.
- ✦ ઘણી બીમારીઓની દવા છે.
- ✦ મુસીબતો તથા અકસ્માતો તથા તમામ બીમારીઓથી ઈન્સાનની રક્ષાનો ઝરીયો છે.
- ✦ લોકોની વચ્ચે પ્યાર મહોબ્બતનો ઝરીયો છે.
- ✦ વાયદો છે કે જે કાંઈ તમે રાહે ખુદામાં ખર્ચ કરશો તેનો પૂરે પૂરો બદલો તમને અદા કરી દેવામાં આવશે.
- ✦ એનાથી લોકો વચ્ચે હસદ, કીનો તથા અદાવતનો માદ્દો કમજોર થઈ જશે.
- ✦ અલ્લાહની રાહમાં ખર્ચ કરવાથી બંદો શરીફ લોકો તથા ફઝ્લો કમાલવાળા લોકોના વર્તુળમાં આવી જશે.
- ✦ રહમતે બારાંનો નુઝૂલ (વર્ષાનું આગમન) થાય છે અને ઝકાત તથા સદકા રોકી લેવાથી રહમતે બારાં અટકી પડે છે.
- ✦ એની અદાયગી હશ્રના મેદાનમાં કામયાબી, જન્નતમાં પ્રવેશ અને જહન્નમથી છૂટકારાનો સબબ છે.
- ✦ કબ્રના અઝાબથી નજાતનો ઝરીયો છે.
- ✦ કયામતના દિવસે અલ્લાહ તબારક વ તઆલાનો કુર્બ તથા અર્શે ઈલાહીનો સાયો હાંસલ થવાનો ઝરીયો છે.
- ✦ આપનાર અલ્લાહ તઆલા તરફથી પ્રશંસાને પાત્ર ઠરશે.
- ✦ ઈન્સાનને બુરી મૌતથી બચાવે છે.
- ✦ એનાથી માણસમાં આજીજી તથા નમ્રતા આવે છે અને ઘમંડ તથા રિયાકારી ખત્મ થઈ જાય છે.
- ✦ દિલમાં અલ્લાહ તઆલાની મહોબ્બત પેદા કરે છે.
- ✦ એના કારણે ઈન્સાન અલ્લાહ તઆલાની નેઅમતોની નાશુક્રીથી બચે છે.

- એનાથી બુરાઈના ૭૦ દરવાજા બંધ થઈ જાય છે.
- દુઆની કૃબૂલિયત અને મુસીબતો દૂર કરવાનો ઝરીયો છે.
- એનાથી રોઝીમાં વિશાળતા તથા અધિકતા થાય છે.
- એના સબબે દુશ્મનો વિરૂધ્ધ અલ્લાહ તરફથી મદદ આવે છે.
- તંગી બાદ અધિકતા (રોજીમાં) તથા આસાનીનો સબબ છે.
- એને અદા કરવાવાળાને અલ્લાહના હુકમોનું પાલન કરવા માટે તૈયાર કરે છે.
- દુનિયવી કામોના અંજામ આપવામાં આસાનીનો સબબ બને છે.
- આમ બર્બાદી તથા દુકાળમાં સપડાવાથી બચવાનો એક મહત્વનો ઝરીયો છે.
- પાબંદી સાથે અદા કરવાવાળાના માલમાં બરકત થાય છે અને તેની ઉમર તથા ઔલાદ વધે છે.
- યતીમોનું ભરણપોષણ કરનારા શખ્સને જન્નતમાં નબી અકરમ ﷺનો સાથ નસીબ થશે.
- અલ્લાહ તઆલા આપવાવાળાના ખાવા, પીવા તથા રહેવાનો ઈન્તેઝામ કરે છે.
- તેનો અજરો સવાબ મૃત્યુ પછી પણ ચાલુ રહે છે.
- જે શખ્સ પોતાના માલથી મસ્જિદ બનાવે છે, અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં ઘર બનાવે છે.
- અદા કરનારો શખ્સ જન્નતના ઉપલા માળોમાં રહેઠાણ પામશે.
- ભલે જાનવરો તથા પક્ષીઓ પર ખર્ચ કરવામાં આવે પણ તેનો સવાબ તેને મળશે.
- અધિક તથા નાણાકીય તંગીઓનો હલ છે.
- ઉમ્મતે મુહમ્મદિયાની વચ્ચે સંબંધ જોડવાનો સબબ છે.
- સંગદિલો (કઠણહૃદયી)ઓના દિલોની કઠોરતાનો ઈલાજ છે.
- બંદાને કૃયામતના દિવસે ગંજા (બોડા) સાપથી બચાવશે, અને આ બોડો સાપ એક મજબૂત ખતરનાક અજગર છે.
- બંદાને મુનાફિક઼ોની ખાસિયતો સાથે જોડાવાથી બચાવે છે.
- અલ્લાહ તઆનાની નિકટતા પ્રાપ્ત કરવાનો સબબ છે. જેમ કે રબ તઆલાનું ફર્માન છે : (અર્થ) ''અલ્લાહ તે લોકો સાથે છે જેઓ તક઼વાથી કામ લે છે અને એહસાન પર અમલ કરે છે. *(સૂ. નહલ–૧૨૮)*

*–(માહનામા નૂરુલ હબીબ–પાક, એપ્રિલ–૧૬)*

## મની ઓર્ડર કરનારાઓને ખાસ અપીલ !

**બરકાતે ખ્વાજા (માસિક)** પર મની આર્ડર પોસ્ટથી કરો તો તમારું સરનામુ લખો ત્યાં કૌંસમાં **નવા ગ્રાહક** અથવા જૂના હોય તો **ગ્રાહક નંબર** તથા પોસ્ટના તમારા સરનામામાં તમારો મોબાઈલ નંબર અવશ્ય લખશો. એ જ પ્રમાણે **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** અથવા **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** પર મેમ્બર ફી કે ઈમદાદ, ઝકાત, સદક઼ા...વગેરે મોકલો તો તેમાં મની ઓર્ડર ફોર્મમાં તમારા સરનામા સાથે કૌંસમાં લિલ્લાહ કે ઝકાત લખશો તથા તમારો મોબાઈલ નંબર અવશ્ય લખશો જેથી તે અમારા સુધી આવતાં જરૂરત પડે તો સંપર્ક કરી શકીએ. બેંકના ખાતામાં પૈસા નાખનાર પણ કયા ખાતા નંબરમાં તથા કેટલી કેવી રકમ (લિલ્લાહ, ઝકાત.....) મોકલી તેનો SMS કરે અથવા ફોનથી જરૂર જણાવે કે તાત્કાલિક પત્ર લખીને જણાવે એવી નમ્ર વિનંતિ છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા–(મંથલી)*

ઉર્સ : ૧-રમઝાનુલ મુબારક

# ખાતૂને જન્નતની દીન માટે કુર્બાનીઓ અને આપણે

કાર્યાલય

*અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત બાદ કાઈનાતમાં જેનો સૌથી મહાન મર્તબો છે, જે અલ્લાહના સૌથી પ્યારા નબી છે, જે નબીઓ રસૂલોના સરદાર છે, તેમની ચહીતી પુત્રી જે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ની જ છત્રછાયામાં ઉછેર પામી તેની મહાનતા, પાકીઝગી, તક્વા તથા તવક્કુલ તથા સબ્રનો આલમ સારા જગતના માનવોથી કેમ વિશિષ્ટ તથા ઉચ્ચ ન હોય ?! ત્યારે જ તો નબી કરીમ ﷺ એ આપની ચહીતી પુત્રી હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا ને "જન્નતની ઔરતોની સરદાર" દર્શાવેલ છે. તેમના મહાન મર્તબાની શું વાત થઈ શકે છે ? હઝરત જિબ્રઈલ علیہ السلام જેમની ખિદમત માટે તશરીફ લાવે તે મહાન મર્તબાવાળાં નબી પાક ﷺ નાં લખ્તે જિગર, પાકીઝા ખાતૂન હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا એ દીને ઈસ્લામ પર પાબંદી કેવી કેવી મુસીબતો વેઠીને જાળવી તેનો સૌ મો'મિન ભાઈઓ વિશેષતઃ બહેનો અભ્યાસ કરે અને પોતાના જીવનને એમના માર્ગે ચલાવીને બંને જહાન માટે કામયાબીનો સબબ બનાવે. આજે યુવાનો યુવતીઓ પોતાના જીવન માટે હીરો, હીરોઈન કે મોડેલો એવી બેશરમ, બેહયા સ્ત્રીઓ પુરૂષોને આઈડિયલ બનાવી, સ્વચ્છંદી જીવન જીવીને દુનિયા તથા આખેરતને બર્બાદ કરે છે, તેઓ જરા વિચારે કે તેઓ જન્નતનો માર્ગ છોડી જહન્નમીઓના માર્ગે ચાલશે તો શું પામશે ? સબ્ર, દીન, અખ્લાક શિખવા હોય તો ખાતૂને જન્નતનું જીવન ચરિત્ર વાંચો અને એના પર અમલ કરો.*

*—તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### હઝરત ફાતેમા તથા અલી અને ભૂખ

તિબ્રાની શરીફમાં છે, હઝરત ફાતેમા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે એક દિવસ હુઝૂરે મારી પાસે આવીને પૂછયું, મારા બંને બેટા હસન અને હુસૈન رضی اللہ تعالیٰ عنہما કયાં છે ? હઝરત ફાતેમાએ ફર્માવ્યું, સવારમાં અમારા ઘરમાં એટલી ચીજ પણ ન હતી જેને કોઈ ચાખવાવાળો ચાખે. તો હઝરત અલીએ ફર્માવ્યું, હું આ બન્ને બાળકો લઈ જાઉં છું એવું ન થાય કે તેઓ ખાવા માટે રડે અને તમારી પાસે કંઈ નથી. હુઝૂર ﷺ ત્યાં તશરીફ લાવ્યા તો જણાવ્યું કે તેઓ ફલાણા યહૂદીના ત્યાં લઈ ગયા છે. નબીયે પાક ﷺ તે તરફ તશરીફ લઈ ગયા. બંને બાળકોને જોયાં કે એક હોઝ પર રમી રહ્યા છે અને તેમના સામું થોડી ખજૂરો રાખેલી છે. આપે ફમાવ્યું, અય અલી ! ગરમી સખ્ત થાય ત્યાર પહેલાં તેમને ઘરે પાછાં લઈ જાવ ! હઝરત અલીએ અર્ઝ કરી કે સવારથી ઘરમાં ખાવા માટે કંઈ નથી. અય અલ્લાહના રસૂલ ! ﷺ તમે થોડીવાર માટે થોભો તો હું ઝાડ નીચે પડેલી ખજૂરો હઝરતે ફાતેમા માટે પણ લઈ લઉં. હુઝૂર ﷺ એટલી વાર માટે થોભી ગયા કે હઝરત અલી رضی اللہ عنہ એ હઝરત ફાતિમા رضی اللہ عنہا માટે ખજૂરો લઈ કપડામાં રાખી અને ચાલી નીકળ્યા. બન્ને બાળકોમાંથી એકને હુઝૂર ﷺ એ ઉચકયું અને એકને હઝરત અલીએ ઉચકયું પછી બંનેને ઘરે લઈ આવ્યા.

કન્ઝમાં હઝરતે અતા ફર્માવે છે કે મને જાણ

થઈ કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ફર્માવ્યું કે અમારી ઉપર કેટલાક દિવસો એવા પસાર થયા જેમાં ન તો અમારી પાસે અને ન તો રસૂલુલ્લાહ ﷺ પાસે કંઈ હતું. હું નીકળીને ચાલવા લાગ્યો તો રસ્તામાં એક દીનાર પડેલો મળ્યો. થોડીવાર તો મેં વિચાર્યું કે ઉઠાવું કે ન ઉઠાવું ! અંતે મેં તેને લઈ લીધો કારણે કે હું અતિ કષ્ટિમાં હતો. તેને લઈને દુકાનદાર પાસે આવ્યો અને આટો લઈને હઝરત ફાતેમા પાસે ગયો અને કહ્યું, આને ગુંદીને રોટલી બનાવ! તેમણે ગુંદવાનું શરૂ કર્યું. ભૂખથી લઈને તેમની કમજોરીની એ હાલત હતી કે તેમની પેશાનીના વાળ કુંડા સુધી પહોંચી રહ્યા હતા. સારાંશ એ કે તેમણે રોટલી બનાવી, મેં હુઝૂરની ખિદમતમાં હાજરી આપી તે વાતની ખબર કરી. આપે ફર્માવ્યું, તે ખાઈ લો ! અલ્લાહ પાકે તમને રોજી આપી છે. (એટલે કે એ દીનાર જે તમને મળ્યો અલ્લાહ ત્આલા તરફથી તમારી ગયબી મદદ હતી, એનો માલિક શોધવો જરૂરી નથી.)

મારી બહેનો ! આ હતી નબીયે પાક ﷺની પ્યારી બેટી હઝરત ફાતેમા ઝોહરા ખાતૂને જન્નતની રબની રેઝામાં પ્રાપ્ત કરેલી ગરીબીનો હાલ કે ભૂખથી તેમનું બદન કમજોર થઈ ગયું હતું અને તેમણે પોતાના ઘરનું દરેક કામ પોતાના હાથે કરવું પડતું હતું. પાણી ખેંચીને ઊંચકી લાવવાનું, ઘંટીમાં આટો હાથથી દળવાનો, ઘર સફાઈનું કામ જાતે કરવાનું, બાળકોની દેખભાળ કરવાની અને ઉપરથી ભૂખની કમજોરી ! **આટલું આટલું કરવા છતાં શરીઅતની પાબંદી, નમાઝની પાબંદી અને પળ પળ અલ્લાહ ત્આલાની યાદ ! ત્યારે જ તો આપને ખાતૂને જન્નત કહેવામાં આવ્યાં.** જાણવા મળ્યું કે દુનિયા અલ્લાહની બારગાહમાં પ્રિય ચીજ નથી, નહીં તો તે પોતાના મહબૂબ બંદા અને બંદીઓને તેમાંથી વધુ ભાગ અતા ફર્માવતો. પરંતુ સ્પષ્ટ છે કે દુનિયા પ્રિય નથી, તેનો અંજામ ફના થવું છે. તો માણસે દુનિયા તરફ પૂરતું ધ્યાન કેન્દ્રિત ન કરતાં આખેરતને વધુ લક્ષમાં રાખવી જોઈએ અને દુનિયાની તકલીફો અને મુસીબતોમાં નબી અને તેમના ઘરવાળાઓની સીરત અને જીવન ચરિત્ર ભૂલવું ન જોઈએ.

આ'લા હઝરત ઈમામે ઈશ્કો મહબ્બત ઈમામ અહમદ રઝા ફર્માવે છે :–

**કુલ જહાં મિલ્ક ઔર જવકી રોટી ગિઝા**
**ઉસ શિકમકી કનાઅત પે લાખોં સલામ**

**હઝરત ફાતેમા رضی اللہ عنہا માટે જન્નતી લિબાસ !**

હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا એ ગરીબી પોતાની પસંદથી ઈખ્તિયાર કરેલી હતી, નહિ તો આપ નબીની સાહબઝાદી હતાં, આપ રબની બારગાહમાં જો માલ દોલતની દુઆ કરતાં તો સઘળી દુનિયાના ખજાનાઓ સમેટાઈને આપના કદમોનું ચુંબન કરી લેતા, પરંતુ આટલી આટલી તકલીફો અને મુસીબતો હોવા છતાં રિવાયતોમાં એ જોવા નથી મળતું કે તેમણે દુનિયા વધુ મળવાની દુઆ કરી હોય. કારણ કે જ્યારે નબીએ અકરમ ﷺ એ પોતે ભૂખા રહીને અને પેટ પર પથ્થર બાંધીને દુઆ ન કરી હતી, અને દુનિયા પસંદ ન કરવાની તાલીમ આપી હતી, પછી આપના ઘરમાં જન્મ લેનાર પોતાના મુખેથી એવી દુઆ શી રીતે કરી શકે છે જેનાથી એ અનુમાન થાય કે આપને દુનિયાથી મહોબ્બત હતી.

યહૂદી ઔરતોએ જ્યારે જોયું કે હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا પાસે ફાટેલાં થીંગડાં મારેલાં જાુનાં કપડાં છે અને આપણી પાસે અકેથી એક કિમતી વસ્ત્રો છે તો આપણે તેમને આપણા ત્યાં શાદી પ્રોગ્રામમાં દાવત આપીશું અને બધાની વચમાં પોતાના કિમતી વસ્ત્રો બતાવી તેમનું અપમાન કરીશું, પરંતુ અલ્લાહ

ત્આલા પોતાના મહબૂબ બંદા અને બંદીઓનું અપમાન શી રીતે વેઠી શકે છે. જયારે હઝરતે ફાતેમાએ દાવત કબૂલ કરી લીધી અને દાવતમાં જવાનો સમય નિકટ થયો તો અલ્લાહ ત્આલા તરફથી તેમના માટે જન્નતી વસ્ત્રની વ્યવસ્થા થઈ. જે અલ્લાહ દાવતમાં જવા માટે જન્નતી વસ્ત્રની વ્યવસ્થા ફર્માવે છે તે શું તેમના માટે દરેક સમયે સારાં સારાં ભોજન અને કિંમતી કિંમતી વસ્ત્રો અતા ન ફર્માવી શકતો હતો ! પરંતુ અલ્લાહ ત્આલાએ દુનિયાની ઔરતો માટે હઝરત ફાતિમાના જીવનને માર્ગદર્શક બનાવ્યું હતું એટલે તેમને દુનિયા અતા ન ફર્માવી અને તેઓને તકલીફમાં રાખી તેમના જીવનને લોકો માટે દલીલ બનાવી કે કોઈ મુસલમાન ગમે તેવી તકલીફ અને મુસીબતમાં હોય પરંતુ તે નબી અને તેમના અહલે બૈતની તકલીફોની હદીષો પઢી સબ્ર અને સહનશીલતાથી કામ લે.

નુઝહતુલ મજાલિસમાં છે કે એક યહૂદીની છોકરીની શાદી કરવામાં આવી જે ઘણી માલદાર અને ધનવાન હતી. તેની શાદીમાં અનેક યહૂદી ઔરતો આવી તેમણે કિંમતી કિંમતી વસ્ત્રો પહેરેલા હતા, તેમણે પોતાની દિલી ખ્વાહિશ પ્રગટ કરતાં કહ્યું કે ફાતેમાને આપણી મહેફિલમાં બોલાવો જેથી આપણે તેની ગરીબી જોઈએ. યહૂદીની છોકરીએ હઝરતે ફાતેમાને બોલાવવા મોકલ્યાં. આપે તેના શાદી પ્રસંગે હાજરી આપવાનો વાયદો કર્યો. હજુ થોડો સમય પણ ન થયો હતો કે હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والسلام જન્નતની જોડ લઈને આવ્યા અને નબીયે પાક ﷺ એ તે જોડ હઝરત ફાતેમાને પહેરવા માટે આપી. આપે તે જન્નતી વસ્ત્ર પહેરી યહૂદીની છોકરીની શાદીમાં પધરામણી કરી. જ્યારે આપ તે ઔરતોમાં બેઠાં તો આપના વસ્ત્રથી નૂરની ચમકાર થવા લાગી. યહૂદી ઔરતો આપના વસ્ત્ર જોઈ અચરજમાં પડી ગઈ અને કહ્યું, ફાતેમા ! આ વસ્ત્ર તમારી પાસે કયાંથી આવ્યા ? ફમાવ્યું, મારા અબ્બાના ઘરેથી ? પૂછયું, તમારા અબ્બાને કોણે આપ્યાં ? ફમાવ્યું, જિબ્રઈલે ! પૂછયું, જિબ્રઈલ કયાંથી લાવ્યા ? ફર્માવ્યું, જન્નતથી ! આ વાત સાંભળીને સૌઅ સર્વસંમતિએ કલ્મો પઢી લીધો.

આ વાકયાથી એ જાણવા મળ્યું કે હઝરત ફાતેમા ખાતૂને જન્નત જેમને અલ્લાહ ત્આલાએ જન્નતી વસ્ત્ર અતા ફર્માવ્યાં અને યહૂદી ઔરતોમાં આપનું અપમાન થાય તેનાથી ફિહાઝત ફર્માવી, તો જેમને અપમાનથી બચાવવા માટે અલ્લાહ ત્આલા જન્નતી વસ્ત્ર અતા ફર્માવે, તેમને બીજાું શું અતા નથી કરી શકતો ! પરંતુ અલ્લાહ ત્આલાને આપ અધિક પ્રિય હતાં એટલે અલ્લાહ ત્આલાએ તેમને દુનિયાવી માલ વધારે અતા ન ફર્માવ્યો, કારણ કે અલ્લાહ ત્આલા તેઓની દુનિયાથી એવી હિફાઝત ફર્માવે છે જેમ કે બીમારને પાણીથી બચાવવામાં આવે છે, જેનો ઉલ્લેખ થઈ ગયો છે.

હઝરત ફાતેમા ખાતૂને જન્નત رضی اللہ عنہا ની દુઆમાં કેટલી તાસીર હતી કે જ્યારે તેમણે નબીયે પાક ﷺની દાવતની વ્યવસ્થા કરવા ઈચ્છયું અને તેમની પાસે ખાવા પીવા કંઈ જ ન હતું તો તેમણે રબથી દુઆ માંગી તો અલ્લાહ ત્આલાએ ગૈબથી ખાણું અતા ફર્માવ્યું, અને આમ રસૂલે પાક ﷺની દાવતની વ્યવસ્થા કરી. જે અલ્લાહ દાવત પર દુઆ કરવાથી તૈયાર ખાણું અતા કરી શકે છે શું તે દરેક વખતે નથી અતા કરી શકતો ? જરૂર કરી શકતો હતો ! પરંતુ તેમણે પોતાની જરૂરત માટે દુઆ નથી કરી કારણ કે તેમનો મકસદ એક જ હતો કે જેમાં અલ્લાહ રાજી તેમાં આપણે રાજી.

**ખાતૂને જન્નતના ઘરે દાવતમાં જન્નતી ખાણુ !**

જામેઉલ મોઅજેઝાતમાં છે, એક દિવસ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા અને અર્ઝ કરી, અય અલ્લાહના રસૂલ ! આજે આપની મારા ઘર દાવત છે. હુઝૂરે તેમની દાવત કબૂલ ફર્માવી અને પોતાના સહાબા સાથે હઝરત ઉષ્માને ગનીના ઘરે પધાર્યા. હઝરત ઉષ્માન ગની હુઝૂરની પાછળ પાછળ ચાલવા લાગ્યા, અને હુઝૂરે પાકનું ડગલુ ડગલુ ગણવા લાગ્યા. હુઝૂરે પૂછયું, ઉષ્માન ! મારા ડગલાં કેમ ગણો છો ? હઝરત ઉષ્માને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારા મા–બાપ તમારા પર કુર્બાન ! હું ઈચ્છું છું કે હુઝૂરે પાકની તાઝીમમાં દરેક પગલાંના બદલે એક ગુલામ આઝાદ કરું. અને આપે આમ જ કર્યુ કે જેટલાં ડગલાં તેમના ઘર સુધી પહોંચવામાં થયા એટલા ગુલામ આઝાદ ફર્માવ્યા.

આ દાવત થઈ ગયા બાદ હઝરત અલી رضی اللہ عنہ પોતાના ઘરે તશરીફ લાવ્યા તો હઝરત ફાતિમાએ હઝરત અલીને ફિકર ચિંતામાં ડૂબેલા જોયા. પૂછયું, તમે આટલી ફિકર શા માટે કરો છો ? ફર્માવ્યું, ફાતેમા ! આજે મારા ભાઈ ઉસ્માન ગનીએ રસૂલે પાકની જોરદાર દાવત કરી હતી અને હુઝૂરના દરેક પગલાના બદલામાં એક ગુલામ આઝાદ કર્યો છે. આપણે પણ આ પ્રમાણેની દાવત કરતે તો કેટલું સારું ? હઝરત ફાતેમાએ અર્ઝ કરી, ગભરાવો નહિ ! જાવ ! અને તમે પણ દાવત દઈ આવો. હઝરત અલીએ ફર્માવ્યું, પરંતુ આટલી મોટી વ્યવસ્થા આપણાથી શી રીતે થઈ શકશે ? ફર્માવ્યું, ઈન્શાઅલ્લાહ ! બધી વ્યવસ્થા થઈ જશે ! હઝરત અલી બારગાહે રસૂલમાં હાજર થયા અને પોતાના ઘરે દાવત અર્ઝ કરી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કબૂલ ફર્માવી અને પોતાના સહાબા સાથે હઝરત ફાતેમાના ઘરે પધાર્યા. હઝરત ફાતેમાએ સરકારે દો આલમ અને આપના સહાબાને બેસાડયા અને પોતે એકાંતવાસમાં જઈ સિજદામાં પડી રબ તબારક વ ત્આલાથી અર્ઝ કરવા લાગ્યાં, અય અલ્લાહ ! તારી બંદી ફાતેમાએ તારા હબીબ અને તેમના સહાબાને આમંત્રણ આપ્યું છે અને તારી બંદીનો તારા પર ભરોસો છે. ઈલાહી તારી બંદીની લાજ રાખ અને દાવતના ખાણાની વ્યવસ્થા તુ ફર્માવ !

આ દુઆ માંગીને હઝરત ફાતેમાએ હાંડલીને ચૂલા પર ચડાવી અને રડી રડીને અલ્લાહ ત્આલાથી દુઆ કરી, મૌલા ! તારી બંદી ફાતેમાને રૂસ્વા ન કરતો. અલ્લાહ ત્આલાના કરમનો દરિયો જોશમાં આવ્યો અને તેણે હાંડલીને જન્નતના ખાણાથી ભરી દીધી. હઝરત ફાતેમાએ તે હાંડલીમાંથી બધાને ખાણું મોકલવાનું આરંભ કર્યુ, હુઝૂર ﷺ અને આપના સહાબાએ ખાવા ખાઈ લીધું પરંતુ હાંડલીમાંથી થોડું પણ ઓછું ન થયું.

હુઝૂર ﷺ એ પોતાના સહાબાને પૂછયું, તમને ખબર છે આ ખાવા કયાંથી આવ્યું હતું ? અર્ઝ કરી, નહીં ! અય અલ્લાહના રસૂલ ! ફર્માવ્યું, આ ખાવા અલ્લાહે આપણા માટે જન્નતથી મોકલાવ્યું હતું ! સહાબાએ કિરામ આ વાત સાંભળીને ઘણા ખુશ થયા.

હઝરત ફાતેમા رضی اللہ عنہا ફરી એકાંતવાસમાં ગયાં અને દુઆ કરવા લાગ્યાં,

અય અલ્લાહ ! ઉષ્માન ગનીએ તારા હબીબના એક એક પગલાના બદલામાં એક ગુલામ આઝાદ કર્યો હતો અને તારી બંદીમાં એટલી માલી શક્તિ નથી. મૌલા ! જયારે તેં ખાણું મોકલીને મારી લાજ રાખી અને તારા હબીબની દાવતની વ્યવસ્થા

ફર્માવી તો મૌલા તારા હબીબ જેટલાં ડગો ચાલીને મારા ઘરે આવ્યા છે તેટલા તારા હબીબના ઉમ્મતીઓમાંથી ગુનેહગારને દોઝખથી આઝાદ ફર્માવ !

હઝરત ફાતેમા ઝોહરા رضی اللہ عنہا જયારે દુઆથી ફારેગ થયાં તો હઝરત જિબ્રઈલ અમીને બારગાહે રસૂલમાં હાજર થઈ અર્ઝ કરી, અય અલ્લાહના રસૂલ ! અલ્લાહ ત્આલાએ મને આ ખુશખબર આપીને મોકલ્યો છે કે એક એક હજાર ગુલામ દોઝખથી આઝાદ ફર્માવ્યા.

આ વાકયાથી જાણવા મળ્યું કે હઝરત ફાતેમા ઝોહરા رضی اللہ عنہا ની દુઆમાં એ તાસીર હતી કે આપના કહેવા પર અલ્લાહ ત્આલાએ જન્નતથી ખાણું મોકલ્યું તો તે અલ્લાહ દરેક સમયે તેમને ખાવા માટે પણ ગૈબથી મદદ ફર્માવી શકતો હતો, પરંતું આપે કયારેય પણ પોતાના માટે દુઆ ન કરી હતી, કારણ કે જ્યારે નબીએ દુનિયા પ્રિય ન રાખી તો આપની દિકરી તેને કેમ કરી પ્રિય રાખી શકે છે ?

## ભૂખની પીડા અને નબી ﷺની દુઆ

બયહકી શરીફમાં છે હઝરત ઈમરાન બિન હુસૈન رضی اللہ تعالیٰ عنہما ફર્માવે છે કે હું હુઝૂર ﷺ પાસે હતો. હઝરત ફાતેમા رضی اللہ عنہا રસૂલે પાકની ખિદમતમાં પધાર્યાં તે સમય આપનો ચહેરો પીળો પડી ગયેલ હતો. સરકારે મદીના જોઈને સમજી ગયા કે ભૂખથી આમ થયું છે. આપે પોતાનો મુબારક હાથ તેમના ગળા નીચે હાર રાખવાની જગાએ આંગળીઓ પહોળી કરીને રાખ્યો અને ફર્માવ્યું, અય અલ્લાહ ! ભૂખ્યાઓનું પેટ ભરનાર અને પડેલાને ઉઠાવનાર ફાતેમા બિન્તે મુહમ્મદ ﷺને બુલંદ ફર્માવ ! હઝરત ઈમરાને કહ્યું કે હું તેમની તરફ જોઈ રહ્યો હતો કે તેમના ચહેરા પરથી ભૂખના ચિન્હો ચાલ્યાં ગયાં અને તેના પછી ઘણા દિવસે મેં હઝરત ફાતેમાથી મુલાકાત કરી અને ભૂખની બાબત પૂછયું તો આપે ફર્માવ્યું, ત્યાર બાદ મને ક્યારે પણ ભૂખથી તકલીફ નથી થઈ.

આ વાકયાથી એ જાણવા મળ્યું કે હઝરત ફાતેમા رضی اللہ عنہا ના ચહેરાનો રંગ ભૂખથી બદલાઈ ગયો હતો અને આપ ઘણાં અશક્ત થઈ ગયાં હતાં. તો પણ સરકારે દો આલમ ﷺએ એવી દુઆ ફર્માવી કે અય અલ્લાહ ! તું ફાતમાને બુલંદ ફર્માવ ! અને તે દુઆની તાસીરથી આપને ત્યારબાદ ભૂખ લાગી નહિ. પરંતુ આપે એ દુઆ ન કરી કે અય અલ્લાહ ! ફાતેમા પાસે ખાવા નથી, તું એને ખાવા અતા ફર્માવ ! અય અલ્લાહ ! ફાતેમા પાસે ધન દૌલત નથી તો તું એને માલદાર અને ધનવાન બનાવી દે ! એટલા માટે જ કે આપને દુનિયા પ્રિય ન હતી અને આપે પોતાની નેક દુખ્તર માટે પણ દુનિયાની માલદારી પસંદ ન ફર્માવી નહીં. તો આપ તે નબી છે કે આપના હાથોમાં રબતઆલાએ દુનિયાના સઘળા ખજાનાઓની ચાવીઓ અતા ફર્માવી હતી, આપની બારગાહમાં કઈ ચીજની કમી રહી શકતી હતી ?! પરંતુ આપે એટલા માટે જ દુનિયામાં સાદગીવાળુ જીવન પસંદ ફર્માવ્યું કે આપના ઉમ્મતીઓ દુનિયાની મહોબ્બતમાં આખેરતની કામયાબીથી વંચિત ન રહે અને આપે પોતાની નેક દુખ્તર માટે સાદગીવાળા જીવનને ઉત્તમતા એટલા માટે આપી હતી કે આપની નેક દુખ્તરનું સાદગીભર્યું જીવન કિ્યામત સુધીની મુસલમાન ઔરતો માટે માર્ગદર્શક બની જાય.

*(તોહફાએ નજાત, ભાગ : ૬માંથી સાભાર)*

## આશિક઼ાને અહલે બયતને અંતિમ સંદેશ

તદ્ઉપરાંત શર્મો હયા તથા શરીઅતની પાબંદીમાં હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا અજોડ હતાં. આજે ઈસ્લામી બહેનો તથા પોતાને ખાતૂને જન્નત رضی اللہ عنہا ની કનીઝા કહેનારીઓ કેવી કેવી ફેશનોમાં જીવે છે કે

શરમ પણ તેમને જોઈને શરમાતી હશે ! જ્યારે હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا ને એકવાર નબી કરીમ ﷺ એ પૂછયું કે, "સ્ત્રી માટે સૌથી શ્રેષ્ઠ શું છે ?" તો ખાતૂને જન્નતે જવાબ આપ્યો કે, **"સ્ત્રી માટે સૌથી શ્રેષ્ઠ ચીજ એ છે કે કોઈ ગૈર મહરમ તેણીને ન જોઈ શકે."** એટલે કે એવો પોશાક તથા પર્દો ગૈરોથી કરવામાં આવે. જ્યારે આજે અહલે બયત તથા ખાતૂને જન્નતની મહોબ્બતનો દમ ભરનારા પુરૂષો પોતાની સ્ત્રીઓને જાહેરમાં કેવી ફેરવે છે તથા સ્ત્રીઓ કેવી અંગ પ્રદર્શન કરતી ફરે છે તે કહેવાની જરૂરત નથી!

વળી હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا ની શર્મો હયાનો આલમ તો જુઓ કે જીવનભર તો ગૈર મેહરમ પુરૂષોથી પર્દો કર્યો પણ મૃત્યુ બાદ પણ ગૈર મેહરમની નજર તેમના કફન પર પણ ન પડે એની પણ વ્યવસ્થા કરતાં ગયાં. પહેલાં જનાઝા હાલ જેવા બનતા ન હતા, પણ આપે લાકડીઓ ગોઠવી બતાવ્યું કે આવી રીતે જનાઝો બનાવી મને તેમાં સૂવાડી તેના પર ચાદર રાખજો કે મારા જનાઝાને પણ કોઈ જોઈ ન શકે ! આજના બેશરમ સ્ત્રી પુરૂષો માટે એમાં ઘણો બોધ સમાયો છે કે આપણી ભલાઈ શામાં છે.

મહોબ્બતનો તકાઝો એ છે કે જ્યારે ભારે ભારે મુસીબતોમાં પણ ખાતૂને જન્નત તથા અહલે બયતે સબ્રથી કામ લઈ દીન તથા શરીઅત પર અડગતા અપનાવી, તો આપણે પણ એમના જ નક્શે કદમ પર ચાલીએ તો સાચા ચાહક તથા આશિક઼ ઠરીશું.

## હઝરત શાહ મુરાદ બુખારી رحمۃ اللہ علیہ

(બઝ્મે ઔલિયા)

રજૂકર્તા : અનવારૂલહક્ક઼ બુખારી-મુંદરા

આપનું નામ હઝરત શાહ મુરાદ છે. આપના વાલિદનું નામ સૈયદ અલી અસ્ગર છે. આપનાં વાલિદાનું નામ બીબી રહમત ખાતૂન છે. આપનો શજરએ નસબ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને ૩૩મી પેઢીએ જઈને મળે છે. આપ બલ્ખ-બુખારાના બાદશાહ હતા. અમુક ઈતિહાસકારોએ આપને બુખારાના અમીર તરીકે લખ્યા છે. ઈ.સ. ૧૬૫૬માં આપ હજ્જે બયતુલ્લાહના ઈરાદાથી મદીના તશરીફ લાવ્યા. *(તારીખે બુખારા)* આપને તે સમયના ક્રૂર શાસનકર્તા "ઝાર-આઈવોન-ધ-ટેરીબલ" અને તુર્કીના સુલતાન મુરાદખાં (ત્રીજા)ના સમકાલિન ગણવામાં આવે છે કે ઈ.સ. ૧૬૬૨માં હિંદુસ્તાન (કચ્છ) આવતા એક વહાણમાં આપ આવ્યા. તે વખતે કચ્છમાં ખજૂરની આરબ દેશોથી આયાત થતી એવા એક વહાણમાં મુન્દ્રામાં આપની આમદ થઈ. તે વખતે કચ્છમાં રાવશ્રી તમાચીજીનું શાસન હતું

કચ્છનાં બંદરોએ તે વખતે હાજીઓને મફત સગવડો આપવામાં આવતી હતી, જેના લીધે ઈ.સ. ૧૬૧૭માં બાદશાહ જહાંગીરે કચ્છની ખંડણી માફ કરી હતી. આ માફ કરેલી ખંડણી લેવા અમદાવાદનો સૂબો મોઅઝીમ બેગે કચ્છ ઉપર ચડાઈ કરી અને આ બાદશાહને લડાઈ કરવાનું કહ્યું, તે વખતે કચ્છ ઉપર મોટી આફત આવતાં રાજા હઝરત શાહ મુરાદ બુખારીની પાસે આવ્યા, અને મુશ્કેલીની રજૂઆત કરી.

આપે તે જ વખતે મોઅઝીમ બેગને સમજાવીને પરત મોકલાવ્યો. આપે રાતના ખ્વાબમાં મોઅઝીમ બેગનો પલંગ દરિયા વચ્ચે પડેલો છે એવો ખ્વાબ જોયો. આ ખ્વાબ જોતાં મોઅઝીમ બેગ પરત વળી ગયો અને કચ્છ એક મોટી આફતથી બચી ગયું. (આપની આ કરામત ગુજરાત-કચ્છના ૨૬થી વધારે પુસ્તકોમાં વિસ્તૃત નોધેલી છે) ઉપરાંત આપની કચ્છમાં ઘણી કરામતો જાહેર થઈ.

કચ્છ કાઠિયાવાડનાં વહાણવટીઓ અને માછીમારોની ૧૧૦ કબીલાઓ જે અલગ અટકોથી ઓળખાતા, તે સર્વે આપના હાથે ઈસ્લામની દૌલતથી માલામાલ થયા, ત્યારબાદ સિંધનાં અમુક મેમણ કુંટુંબો પણ આપના હાથે ઈસ્લામ કબૂલ કર્યો અને ત્રીજા નંબરે સમેજા ક઼ૌમ પણ આપના હાથે મુસ્લિમ થઈ. *(કચ્છ-કાઠિયાવાડના મશહૂર ઔલિયા)* કચ્છમાં તે વખતે બહારવટીયાઓની ખૂબ રંજાડ હતી. તેમાંના ચાપસિંહ રાઠોડને આપે ઈસ્લામની દૌલતથી માલામાલ કરી તેમનું નામ મુહમ્મદ ક઼ાસિમ રાખ્યું, જેમની દરગાહ સેડાતા (ભૂજ) મધ્યે છે. આપનાં તબર્રુકાતોમાં આપનો રથ, અને જબ્બો અને ગોદડી મુબારક આજે પણ દરગાહ શરીફમાં ઝીયારત માટે રાખેલાં છે. આપની વફાત ઈ.સ. ૧૬૮૦માં ૧૨-રબીઉલ અવ્વલમાં થઈ હતી. આપનો મઝાર આજે પણ મરઝએ ખલ્ક઼ છે. આપના હુજરામાં આપના નાના ભાઈ હઝરત શાહ અબ્દુલ્લાહનો પણ મઝાર છે જેઓ આપની પાછળ બુખારાથી આવ્યા હતા.

# બ્રિટનમાં રમઝાન ઓફરના નામે

## હરામ ચીજોનું વેચાણ !

કાર્યાલય

બ્રિટનની સુપર માર્કેટ ચૈન મોરીસને રમઝાન શરીફના આગમન પર કંપનીના બે સેલ સ્ટોર્સ પર રમઝાન ઓફરમાં સુવ્વરનો ગોશ્ત પણ સામેલ કરી આપ્યો. ખરીદનારાઓને **"રમઝાનુલ કરીમની મુબારકબાદી"** સ્ટીકરની સાથે સુવ્વરનો ગોશ્ત અને એના વડે તૈયાર થયેલ ખાણાઓ બર્ગર, સેન્ડવીચ, રોલ વગેરેની અડધી કિંમતમાં ઓફર ચાલુ છે. મોરીસનના પશ્ચિમ લંડનના એક સ્ટોર્સ પર રમઝાનુલ કરીમના સેક્શનમાં રાખવામાં આવનાર ખાણાઓના કબાટમાં સુવ્વરનો ગોશ્ત તથા એના વડે બનેલી પ્રોડક્ટસ્ જોઈને મુસલમાનોના હોશ ઉડી ગયા. અનેક ગ્રાહક મુસલમાનોએ ઓન લાઈન ચળવળ થકી કંપનીને આ શરમજનક તથા દિલને રંજાડનાર હરકતના વિશે ખબરદાર કરી કે ન કેવળ રમઝાનુલ કરીમના કબાટને પાક તથા સાફ કરવામાં આવે બલ્કે બ્રિટનના મુસલમાનોની એના બદલ પોતાની ઉઘાડી ભૂલની માફી માગવામાં આવે.

## સુવ્વરનો ગોશ્ત ખવડાવવાનું ષડયંત્ર !

બ્રિટનના વર્તમાન પત્ર "ડેઈલી એક્સપ્રેસ"એ પોતાના અલગ ફ્રેશ રિપોર્ટમાં બતાવ્યું છે કે લગભગ બે મહિનાના ગાળામાં આ ત્રીજો અતિ ગંભીર બનાવ છે, જેના થકી મુસલમાનોને બ્રિટનમાં સુવ્વરનો ગોશ્ત મિક્સ કરીને ખવડાવવાનું ષડયંત્ર ઉઘાડુ પડી ગયું છે. રમઝાનના પ્રથમ અઠવાડિયામાં સુપર સ્ટોર ચૈન "ટેસ્કો"ના લીવરપુલ સ્ટ્રીટ પર આવેલા સ્ટોર્સમાં મુસલમાન ગ્રાહકોએ રમઝાનુલ કરીમની ઓફરમાં સામેલ અડધી કિંમત પર વેચાણ પામતી વસ્તુઓમાં સુવ્વર (ભૂંડ)ની ચરબીમાં તળવામાં આવતા બટાકાઓની ચિપ્સ Pringlesને વેચાણના કબાટમાં જોયી. જેના પર મુસલમાનોએ "ટેસ્કો" પર સખત વિરોધ દર્શાવ્યો કે તે મુસલમાનોને સુવ્વર શા માટે ખવડાવી રહેલ છે ?! જેના પર "ટેસ્કો"એ માફી માગી અને એ રમઝાન ઓફરમાંથી એ હરામ ખાણાને કાઢી નાખ્યું.

મુસલમાનોના દિલને રંજાડવાના બનાવને ઉઘાડો કરતાં ૧૭–૫–૨૦૧૫ના જ "ડેઈલી એક્સપ્રેસ"એ ઉલ્લેખ કર્યો હતો કે બ્રિટનના સુપર માર્કેટ ચૈન "એલ્ડી"ની તરફથી પોતાના સ્ટોરો પર "ઈન્ડિયન પકોળા મિક્સ"ના નામથી "પેડિંગ પકોળા"નો તૈયાર સીલબંધ ડબ્બો "હલાલ"ના લેબલ સાથે વેચવામાં આવી રહેલ છે, જ્યારે કે એમાં સુવ્વરના ગોશ્તની રગો તથા ખીમાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આશ્ચર્યજનક મામલો એ પણ છે કે કંપનીના તરફથી ખરીદવામાં આવનારી આ પ્રોડક્ટસ્ની ઉપર સ્પષ્ટપણે લખવામાં પણ આવેલું છે કે આ પકોળા મિક્સ ડબ્બામાં સુવ્વરનો ગોશ્ત વાપરવામાં આવ્યો છે. પરંતું તેમ છતાં કંપનીએ એને હલાલનું લેબલ લગાડયું ! અને ખુદ કંપનીનું માનવું છે કે આ પકોળા મિક્સને કેટલાયે મુસલમાન ખરીદીને ઘરે લઈ ગયા હતા. પરંતુ એક મુસલમાન સ્ત્રીએ એ પકોળા મિક્સ કબ્બાની રીત અને મિક્સ ચીજો બાબતે વાંચ્યું તો તેના આશ્ચર્ય તથા ગુસ્સાની સીમા ન રહી કે એ પકોળા મિક્સ ડબ્બામાં સુવ્વરનો ગોશ્ત વાપરવામાં આવે છે ! જેના પર મુસલમાનોએ "એલ્ડી"ની વિરૂધ્ધ સખત વિરોધ પ્રદર્શિત કર્યો, અને આ રીતે મુસલમાનો તરફથી ધ્યાન દોર્યા બાદ "એલ્ડી"એ એ પ્રોડક્ટસને પાછી લઈ લીધી. આ "બ્લેક પેડિંગ પકોળા" એક સ્થાનિક ઈન્ડિયન કંપની તરફથી તૈયાર કરવામાં આવેલ છે જેના માલિક બે હિંદુ છે, પરંતું એની વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં ન આવી.

## રમઝાન ઓફરમાં સુવ્વરની વાનગીઓ !

રમઝાનના મુબારક મહિનામાં નવુ સ્કેન્ડલ

(ષડયંત્ર) મોરીસન કંપનીનું સામે આવ્યું છે જેના તરફથી તેના બે મહત્વના આઉટ લેટ્સ પર "રમઝાનુલ કરીમ ઓફર"માં સુવ્વરનો ગોશ્ત સામેલ કરવાનો મામલો બહાર પડયો છે. મોરીસનના સુવ્વરના ગોશ્તને રમઝાન ઓફરમાં સામેલ કરવામાં આવવાના હવાલાથી બ્રિટનના પત્રકાર એલેકઝેન્ડર સિમ્ઝએ બતાવ્યું કે **મુસલમાનોના ધાર્મિક હુકમોના હેઠળ સુવ્વર તેમજ અન્ય હરામ ઠરાવવામાં આવેલ જાનવરોનો ગોશ્ત સખત મના (હરામ) છે** અને અને મુસલમાનો આ બાબતે સખત પરહેઝ કરે છે. લંડનમાં વસેલ એક મુસલમાન તથા માનવ અધિકારના વકીલ શોએબ એમ. ખાને રમઝાન ઓફર હેઠળ અમુક માલ ખરીદવાનો ઈરાદો કર્યો. જ્યારે તે પશ્ચિમી લંડનના એક મોરીસન સ્ટોર પર પહોંચ્યો તો એ જોઈને એમના આશ્ચર્ય તથા ગુસ્સાની સીમા ન રહી કે રમઝાન ઓફરના હેઠળમાં સુવ્વરનો ગોશ્ત અને એના વડે બનેલી પ્રોડક્ટસ્નો સામાન પણ કબાટમાં સજાવીને રાખવામાં આવ્યો છે ! અને મુસલમાનોને એ સામાન ખરીદવાની ઓફર કરવામાં આવે છે ! આ પ્રસંગે શોએબખાને ન કેવળ સ્ટોરના વ્યવસ્થાપકોને ઉધડા લીધા બલ્કે એના પર સખત વિરોધ પણ પ્રદર્શિત કર્યો, કે લંડનના એક આટલા મોટા સ્ટોરના વ્યવસ્થાપકો કેવી રીતે મુસલમાનોને તેમના પવિત્ર મહિનામાં સુવ્વરનો ગોશ્ત ખવડાવી રહ્યા છે ?! કંપનીના વ્યવસ્થાપકોએ શોએબખાનથી માફી ચાહી અને એમને બતાવ્યું કે આ એક ભૂલ છે, અને કંપનીનો મુસલમાનોના જઝબાતને ઉશ્કેરવાનો કોઈ ઈરાદો નથી. પરંતું એ વખતે શોએબખાને પોતાના Twitter એકાઉન્ટ વડે તાત્કાલિક આ ખબર આપી દીધી જે લંડનભરમાં જંગલની આગની જેમ ફેલાઈ ગઈ અને મુસલમાનોએ મોરીસન કંપની વિરૂધ્ધ Email તથા સોશિયલ સાઈટ્સ અને કંપનીની ઓફિસિયલ વેબ સાઈટ પર વિરોધની શરૂઆત કરી દીધી.

બ્રિટનના વર્તમાન પત્ર "ડેઈલી મેલ" ઓન લાઈનના પ્રમાણે મોરીસને મુસલમાનોથી પોતાની ગલતીની માફી માગી લીધી છે અને ભવિષ્યમાં આવો બનાવ ફરીવાર ન થવા દેવાની બાંહેધરી આપી છે. તે ઉપરાંત લંડનની જ એક અન્ય રહેવાસી મુસલમાન સ્ત્રી જમીલ અહમદનું કહેવું છે કે તેમણે કંપનીના અન્ય સ્ટોરમાં આ જ મામલો જોયો, જેના પર તેમણે મોરીસનથી માગણી કરી કે આ આયોગ્ય સ્થિતિને સત્વરે દુરુસ્ત કરવામાં આવે. *(કન્ઝુલ ઈમાન મંથલી ઉર્દૂ, જુન-૨૦૧૬)*

## ગમે ત્યાંથી ગોશ્ત કે તેની આઈટમ ન ખરીદો!

અંતમાં એ પણ જાણી લો અને ઈસ્લામ તથા શરીઅતથી આપને ખરેખર મહોબ્બત હોય, અને તમારી ઈબાદતોને, તેના પાછળ થતી મહેનતોને, મુબારક માસમાં થતી દુઆઓને બેકાર ન જવા દેવી હોય તો રમઝાનુલ મુબારકમાં રેસ્ટોરેન્ટો તથા દુકાનો પરથી ગોશ્ત, તંદૂરી, ચિકન ટીક્કા, બિર્યાની, સમોસા, વગેરે મટનની આઈટમો લેતાં પહેલાં જરૂરથી ચકાસી લો કે જાનવર ઝબહ કરનાર, ખાટકીને ત્યાંથી લાવનાર, પકવનાર, પીરસનાર વગેરે કોણ છે ? જો તેમાંનો કોઈ એક પણ સુન્ની નથી બલ્કે વહાબી દેવબંદી, શીઆ વગેરે છે તો તે ગોશ્ત **મુરદાર** તથા **હરામ** છે અને **હરામ** લુકમો પેટમાં જશે તો ન ઈબાદતો કૂબૂલ છે ન નમાઝો ન દુઆઓ. માટે **આ બાબતે પણ રમઝાન મુબારકમાં ખાસ અને સામાન્યતઃ અન્ય મહિનાઓમાં પણ કાળજી રાખશો.** મસ્જિદો પર ઈફતારી માટે **મટનની આઈટમો મોકલનારાઓ** સવાબ ચાહતા હોય તો તૈયાર ચીજો આવી દુકાનો પરથી ખરીદીને ન મોકલી આપે, નહીં તો સવાબના બદલે અઝાબના પાત્ર ઠરશો. આટલી ગંભીર શરઈ હુકમની બાબત છતાં આ બાબતે ખૂબ જ ગફલત બલ્કે બેપરવાઈ સુન્ની ભાઈઓ બહેનો વર્તે છે ! જે આવે તે ઓઈયાં કરી જાય છે ! જેથી આ બાબતે દુનિયાભરમાં વસતા સુન્ની મુસ્લિમો કાળજી લે એવી નમ્ર અપીલ છે.

# બરકાતે ખ્વાજાની ટપાલ

## :: શાદી મુબારક ::

**ભરૂચ** : ખાતે જનાબ મુનીરઅહમદ મુહમ્મદખાન પઠાણ (લાકડાવાલા, અમન ફેમેલી)ના નેક ફરઝંદ ઝુબેર અહમદની નિકાહખ્વાની ગુલામ સાબિરભાઈની નેક દુખ્તર સાથે (ચીકાગો પેલેસ–ફુરજા) ખાતે તા. ૩૦–૪–૨૦૧૬ શનિવારે ૧૧ વાગ્યે રાખવામાં આવી. બરેલીખો ખાતે ૧–૫–૨૦૧૬ રવિવારે વલીમાની દા'વત કરવામાં આવી.

**ચાંચવેલ** : મુક઼ામે એસ.ડી. પટેલના નેક ફરઝંદ શકીલના નિકાહ સેગવા ખાતે તા. ૧૦–૫–૨૦૧૬ સોમવારે ઈકબાલ ઈસ્માઈલ મોટાની નેક દુખ્તર મેહઝબીન સાથે રાખવામાં આવ્યા. આ મુબારક પ્રસંગ નિમિત્તે ચાંચવેલ ખાતે જશ્ને શાદીનો પ્રોગ્રામ તા. ૯–૫–૨૦૧૬ રવિવારે ઈશા બાદ રાખવામાં આવ્યો જેમાં જનાબ ક઼ારી મક઼સૂદ કાવીવાળા સાહબે ક઼િર્અત તથા નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. છેવટમાં મુંબઈથી આવેલા હઝરત મૌલાના સાદિક઼ રઝવી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ ખૂબ જ ઈસ્લાહી અંદાઝમાં શાદીના સંબંધી બયાન કર્યું હતું તથા ગલત રસમો, ગલત પહેરવેશ વગેરેથી બચવા અપીલ કરી હતી. ૧–શાબાન હિ.સ. ૧૪૩૭નો દિવસ હોવાથી હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા ની શાનમાં તેમજ ફઝાઈલે શાબાનમાં પણ શરૂઆતમાં બયાન કર્યું હતું.

**આમોદ** : ખાતે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજાના મુદર્રિસ મૌલાના આસિફ મિસ્બાહી (S/o.મુશ્તાક અહમદ કારીગર)ના નિકાહ તા. ૧૧–૫–૨૦૧૬ બુધવારે ૧૦ વાગ્યે "મસ્જિદે રઝા" આમોદમાં વડોદરા નિવાસી દાઉદ પટેલની નેક દુખ્તર સલમાબાનુ સાથે રાખવામાં આવ્યા.

**સૂરત** : ખાતે જનાબ મક઼સૂદભાઈ રાજવાનીની નેક દુખ્તર આમિનાના નિકાહ જાવેદ ભાડેલિયાના નેક ફરઝંદ મુહમ્મદઉવૈસ સાથે તા. ૧૩–૫–૨૦૧૬ જુમ્આની નમાઝ બાદ મસ્જિદે અમીન ખાતે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબના હસ્તે, સાદાત, ઉલમાની હાજરીમાં પઢાવવામાં આવ્યા. એ જ રાત્રે હઝરત સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) તથા હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબનાં ઈમાન અફરોઝ બયાનો થયાં. રિસેપ્શન તથા ડિનર ૧૩–૫–૨૦૧૬ રાત્રે નવ વાગ્યે અઝીઝ મુહમ્મદ કોમ્યુનિટી હોલમાં રાખવામાં આવેલ.

**ખોજબલ** : ખાતે પટેલ ગુલામ યૂસુફ (ઉર્ફ ગફૂર) સૂફીની નેક પૌત્રી શબનમના નિકાહ કોસાડ (સૂરત)ના નિવાસી પટેલ નઝીર યૂસુફના નેક ફરઝંદ અ. રઝઝાક સાથે તા. ૧૭–૫–૨૦૧૬ મંગળવારના રોજ ઝોહર બાદ રાખવામાં આવ્યા. જેમાં જનાબ ક઼ારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ પોતાના મધૂર અંદાઝમાં ક઼િર્અત તથા નઅતના તોહફા પેશ કર્યા હતા.

*ઉપરોક્ત સર્વે દુલ્હા દુલ્હન તથા બંને પક્ષના કુટુંબીજનોને સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તઆલા તેના હબીબ ના સદક઼ામાં બંને પક્ષના કુટુંબીજનોને બંને જહાનની ખુશીઓ નસીબ ફર્માવે. –તંત્રી*

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચમાં જશ્ને દસ્તારબંદી

**ભરૂચ** : મુકામે દારુલ ઉલૂમ ગુલશને અજમેર ખાતે તા. ૧૪–૫–૨૦૧૬ શનિવારે રાત્રે ઈશાની નમાઝ બાદ દારુલ ઉલૂમના કંપાઉન્ડમાં ચાલુ વરસે ફારિગ થનાર ૧–આલિમ, ૪–કારી, ૫–હાફિઝની દસ્તારબંદીનો જશ્ન રાખવામાં આવ્યો હતો. જેમાં મહમાને ખુસૂસી તથા મુકર્રિરે ખુસૂસી ઔલાદે ગૌષે આ'ઝમ, ખતીબે ઝી શાન હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ખશિય્યતે ઈલાહી પર તથા ઉલમાની ફઝીલત પર રિક્કતઅંગેઝ બયાન ઈમામે આ'ઝમ رضی اللہ عنہ તથા અન્ય મહાન ઉલમા બુઝુર્ગોના હવાલાથી કર્યું હતું. હઝરત સૈયદ સાહબની ગુલપોશી સંસ્થાના પ્રમુખ જનાબ સૈયદ મકબૂલહુસૈન બાપુએ તથા જનાબ હફીઝુલ્લાહ શેખે કરી હતી. જનાબ મૌલાના સૈયદ મન્સૂરઅલી (આમોદ)ની ગુલપોશી સૈયદ શબ્બીર એમ. ચોકવાલાએ કરી તેમજ અન્ય સાદાતે કિરામ, ઉલમા હઝરાતની ગુલપોશી દારુલ ઉલૂમના અન્ય સભ્યોએ કરી હતી. બયાન બાદ સાદાત તથા ઉલમાના મુબારક હાથો વડે હાફિઝ થનાર તલબાની દસ્તરબંદી થઈ. અંતમાં સલાતો સલામ દુઆ પર જલસો ખત્મ થયો. બહોળી સંખ્યામાં વડીલો, નવયુવાનો તેમજ પર્દાનશીન મા બહેનોએ હાજરી આપી હતી.

## દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદમાં દસ્તારબંદી

**આમોદ** : ખાતે સુન્ની દા'વતે ઈસ્લામી સંચાલિત દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજામાં ફારિગ થનાર ત્રણ આલિમો તથા નવ હાફિઝોની દસ્તારબંદીનો શાનદાર જશ્ન તા. ૨૯–૪–૨૦૧૬ના રોજ જુમ્આના દિવસે ઈશા બાદ રાખવામાં આવ્યો. જેમાં શરૂઆતમાં કારી રિયાઝુદીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ બેહતરીન અંદાઝમાં કિર્અત બાદ નઅતે પાકના તોહફા પેશ કર્યા. ત્યારબાદ માજી પ્રિન્સિપાલ જામિઆ અશ્રફિયા મુબારકપુર, હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબે ખત્મે બુખારી કરાવી જેમાં ખૂબ ઈલ્મી ગુફતગૂથી હાજરજનોને મેહઝૂઝ કર્યા હતા. બાદમાં ખતીબે ઝી શાન હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ સહાબાના મર્તબા પર તથા હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની શાનમાં સનદી બયાન કર્યું. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબે આંખ તથા ઝબાનની હિફાઝત સંબંધી કુર્આન હદીષની રોશનીમાં બોધદાયક બયાન કર્યું હતું. છેવટે સાદાતે કિરામ તથા ઉલમાએ કિરામના મુબારક હાથોએ આલિમ, હાફિઝ થનારા તલબાની દસ્તારબંદી કરવામાં આવી હતી. ગુજરાતીમાં પ્રસિદ્ધ થયેલ તેહરીકે સુન્ની દા'વતે ઈસ્લામીની દર્સી કિતાબ ''બરકાતે શરીઅત''નો રસ્મે ઈજરા સૈયદ અમીનઅલી કાદરી તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીના હાથે કરવામાં આવ્યો. અંતમાં સલાતો સલામ દુઆ સાથે જશ્ન ખત્મ થયો હતો.

## દયાદરામાં ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہની શાનમાં બયાનો

**દયાદરા** : ખાતે ઈમામે આ'ઝમ હઝરત નોઅમાન બિન ષાબિત رضی اللہ عنہના વિસાલ (૨–શાબાન)નો મહિનો ચાલતો હોય રવિવારે અસર બાદ તા. ૮–૫–૨૦૧૬, તા. ૧૫–૫–૨૦૧૬ના ''સુન્ની દા'વતે ઈસ્લામી''ના ઈજતેમાઓમાં તેમજ બે જુમ્આના ખિતાબોમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہની શાનમાં વિવિધ પાસાંઓ પર ખૂબ માલૂમાતી તથા ઈલ્મી બયાનો પેશ કરી સુન્ની અવામના ઈલ્મમાં ખૂબ જ વધારો કર્યો હતો.

## હઝરત અલ્લામા મિસ્બાહી સાહબનું ભરૂચમાં આગમન

સદરૂલ ઉલમા, ખૈરૂલ અઝકિયા હઝરત અલ્લામા મુહમ્મદઅહમદ મિસ્બાહી સાહબ (માજી પ્રિન્સિપાલ જામિઆ અશરફિયા–મુબારકપુર) અમારી વિનંતિ સ્વીકારી દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે દસ્તારબંદીના જલસામાં ખત્મે બુખારી માટે તશરીફ લાવ્યા હતા. ૨૭–૫–૨૦૧૬ની સાંજે અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યા બાદમાં અહમદાબાદના મશહૂર અવલિયાએ કિરામ હઝરત મૂસા સુહાગ رحمۃ اللہ علیہના મઝાર પર, ત્યાંથી હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી رحمۃ اللہ علیہના મઝાર પર જ્યાં સજ્જાદાનશીન હઝરત સૈયદ ઈકબાલ બાવા સાહબની પણ મુલાક઼ાત કરી, ત્યાંથી હઝરત શૈખ અહમદ ખટ્ટુ رحمۃ اللہ علیہના મઝાર પર હાજરી આપી થોડીવાર દારૂલ ઉલૂમ શેખ અહમદ ખટ્ટુના અસાતેઝાની મુલાકાત કરીને હઝરત શાહે આલમ رحمۃ اللہ علیہના મઝાર પર હાજરી આપી. રાતે મોડુ થયું હોવાથી અધિક આસ્તાનાઓ પર હાજર ન થઈ શક્યા. તા. ૨૮/૨૯ બે દિવસો દરમ્યાન દારૂલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ તથા દારૂલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામમાં હાજરી આપી મૌલાના સાજિદ મિસ્બાહીને ત્યાં દાવત ખાધી. સવારમાં ભરૂચ ખાતે સિદ્દીક઼ભાઈ ચાંચવેલવાળાને ત્યાં દાવત હતી. બીજા દિવસે પટેલ શબ્બીર અલી રઝવીને ત્યાં સવારમાં દાવત હતી તેમજ હઝરતે ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાની ઓફીસે હાજરી આપી દુઆઓ આપી હતી. વોરાસમની મૌલાના ઈકબાલ મિસ્બાહી સાહબને ત્યાં તેમજ કુરચણના મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી સાહબને ત્યાં તેમના વાલિદ સાહબ અલ્લી મૂસાની તથા મૌલાના અક઼ીલ મિસ્બાહીને ત્યાં તેમજ આપના અનેક મિસ્બાહી શાગિર્દો, અક઼ીદતમંદોએ દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ આવીને મુલાકાતો કરી હતી. હઝરતે દારૂલ ઉલૂમના તલબાને અરબી ગ્રામર, સર્ફ નહવ પર મહેનત કરવાની શિખામણ આપી તેમજ ઉસ્તાદોને પણ ખૂબ જ અણમોલ નસીહતો કરી હતી અને કામનો તરીક઼ો સમજાવ્યો હતો : ૩૦મીની સવારે વડોદરા એરપોર્ટથી આપ મુબારકપુર જવા રવાના થયા હતા.

## જુનાગઢ ખાતે શાદીમાં થતી બદીઓની રોકથામનો ઠરાવ

## એક અનુસરણીય ક઼દમ

(તા. ૭–૪–૨૦૧૬)

**૦૧.** હવેથી જુનાગઢ શહેર કે આસપાસ વિસ્તારમાં લગ્ન, સગાઈ, ખત્ના કે અન્ય કોઈ ખુશીના પ્રસંગે સંગીત, વાજિંત્રો, બેન્ડબાજા, નાચ–ગાન, ડાંડીયા રાસ, ડી.જે. ડીસ્કો વગેરે શરીઅત વિરુદ્ધના કાર્યો કરવા નહીં.

**૦૨.** કોઈ પણ સ્ત્રી પુરૂષે જાહેરમાં કે ખાનગીમાં કોઈ પણ જાતના નાચગાન કરવા નહીં કે આવા પ્રોગ્રામમાં સામેલ થવું નહીં. જેમના ઘરે ખુશીનો પ્રસંગ હોય તેમણે પણ આવા હરામ કામોના કાર્યક્રમો યોજવા નહીં.

**૦૩.** શહેરમાં કોઈ પણ જાન બેન્ડબાજા કે ડી.જે. જેવા વાજિંત્રો સાથે નિકાહ પઢવા આવશે તો જુનાગઢના કોઈ પણ ઈમામ નિકાહ પઢાવશે નહીં. ઉપરોક્ત ત્રણેય ઠરાવોને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

**૦૪.** શહેરમાં આવેલા તમામ જમાતખાનાઓના માલિકો કે હોદ્દેદારોને પણ લેખિત વિનંતિ કરતો પત્ર લખી જાણ કરવામાં આવશે કે પોતાના તાબાના જમાઅતખાનામાં આવા નાચ–ગાન કરવા કે વાજિંત્રો નહીં વગાડવાનો નિયમ નક્કી કરી ઉપરોક્ત થયેલા ઠરાવને સંપૂર્ણ ટેકો આપી સંપૂર્ણપણે સાથ સહકાર આપે.

ઉપરોક્ત મુદ્દાઓ આજની આ મુબારક મજલિસમાં ઉપસ્થિત મુફ્તીઓ, આલિમો, મસ્જિદોના ઈમામો, બુદ્ધિજીવીઓ, જે તે જમાઅતના હોદ્દેદારો, સામાજિક કાર્યકરો અને ઉપસ્થિત મહાનુભવોની સર્વસંમતિથી ઠરાવવામાં આવે છે.

**હાજરજનોની સહીઓ** : (૧) હઝરત ગુલઝાર અહમદ બાપુ નૂરી (૨) મૌલાના મુહમ્મદ યાકૂબ સિદીક઼ી તથા અન્ય **પર** હઝરાત....

## ફૈઝે મુહમ્મદી (ત્રિમાસિક) શરૂ થયું

હઝરત સૈયદ મુહમ્મદ દાદામિયાં બાપુ કાદરી ફાતમી સાવરકુંડલાવાળા સાહબની છત્રછાયા હેઠળ "ફૈઝે મુહમ્મદી" ત્રિમાસિક શરૂ થયું છે. બે અંકો ડિસે.–૨૦૧૫થી મે–૨૦૧૬ સુધીના મળ્યા. ઈલ્મે દીનના પ્રચારમાં, શરીઅતના હુકમોને નિઃસંકોચ જાહેર કરવામાં ઉમ્મીદ છે આ ત્રિમાસિક જરૂર આગળ રહેશે અને સુન્ની અવામને જહાલત તથા ગુનાહોના માર્ગે જવાથી તથા ગુમરાહીથી બચાવવામાં ભરપુર રોલ ભજવશે. તંત્રી–સહતંત્રી નવયુવાન જણાય છે, જે શોખથી સુન્ની અવામને સાચુ માર્ગદર્શન મળે એવું કામ કરશે. શરૂઆતના લેખો સારા છે દીની જ્ઞાનની સાથોસાથ કરન્ટ ઈસ્યુઝ પર રોશની વેરી રહ્યા છે, જેના જરૂરથી મેમ્બર થશો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નામ** : ફૈઝે મુહમ્મદી (ત્રિમાસિક) પેજીસ–૪૬, (લાવાજમ–વાર્ષિક રૂા.નામ ૯૦/– કુરીયરથી રૂા. ૧૪૦)

**પ્રકાશક** : ફૈઝે મુહમ્મદી એજ્યુ. વેલ્ફેર એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ–દારૂલ ઉલૂમ ફૈઝે મુસ્તફા,( તંત્રી : અકબર અઝહરી, સહતંત્રી, શબ્બીર અઝહરી.

**પત્રવહેવાર** : દારૂલ ઉલુમ ફૈઝે મુસ્તફા, જુમ્આ મસ્જિદ સાવર કુંડલા, જિ. અમરેલી.

મો. ૯૪૦૯૨ ૫૭૮૬૭, ૯૮૨૪૬૪૬૭૧૨, ૯૫૧૨૩ ૬૯૬૧૨

## એક નવા સુન્ની માસિકનો ઉમેરો

નામ : **શાહમદાર** رحمۃ اللہ علیہ માસિક

તંત્રી તથા પ્રકાશક : હાજી રજબશાહ દિવાન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/–

**સંપર્ક કરો :**

શાહમદાર (માસિક), ઠે. કંડલા હાઈવે,

શાહમદાર બોર્ડિંગ,

મુા. વારાહી, તા. સાંતલપુર, જિ. પાટણ (ઉ.ગુ.)

૩૮૫૩૬૦,મો. ૯૮૯૮૯ ૧૯૯૧૭

## દયાદરામાં જશ્ને શબે મેઅરાજ

**દયાદરા** : ખાતે શબે મેઅરાજની આગલી રાત્રે મંગળવાર તા. ૩–૫–૨૦૧૬ના રોજ મોટા ચકલા પર "જશ્ને શબે મેઅરાજ" પર ઈમાનને મજબૂત કરતુ બયાન હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ કરીને નબી કરીમ ﷺની અતિ મહાન શાનને પ્રદર્શિત કરીને વહાબી દેવબંદીઓની રદ કરી તેમની હુઝૂર ﷺ પ્રત્યેની ગુસ્તાખીને પ્રદર્શિત કરી હાજરજનોનાં ઈમાન તાજાં કરી દીધાં હતાં. શરૂઆતમાં કિ્રઅત હાફેઝ મુશ્તાક દહેગામીએ પઢી અને નઅત શરીફ તથા સલાતો સલામ જનાબ કારી મક્સૂદ કાવીવાલાએ પઢી હતી.

## ★ ઈન્તેકાલ પુરમલાલ ★

**દયાદરા** : ખાતે તા. ૧૩–૫–૨૦૧૬, ૫–શાબાન હિ.સ. ૧૪૩૭ રોજ ઈબ્રાહીમભાઈ વૈદનો લગભગ ૮૫ વરસની વયે ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ ઈશા બાદ રાત્રે કરવામાં આવી.

**બોલ્ટન** : (યુ.કે.) ખાતે તા. ૧–૩–૨૦૧૬ના રોજ "બરકાતે ખ્વાજા"ના તંત્રીના સાળા જનાબ જુબેરભાઈ કડુજી નબીપુરવાળાની પુત્રી સાયમાનો ૧૫ વરસની ટૂંકી વયે ખૂબ જ દુઃખદ ઈન્તેકાલ થયો છે.

**ભરૂચ** : ખાતે તા. ૧૫–૫–૨૦૧૬ રવિવારના રોજ સિકંદર યૂસુફ કોદરિયા (દયાદરાવાળા)નો લગભગ ૬૬ વરસની વયે ઈન્તેકાલ થયો છે.

**નબીપુર** : મુકામે તા. ૩૦–૩–૨૦૧૬ના રોજ રાત્રે ૧૦:૩૦ કલાકે લિયાકત અહમદ ઘાસવાળાનો હાર્ટની ટ્રબલના કારણે અચાનક ઈન્તેકાલ થયો અને બીજા દિવસે સવારમાં દફનવિધિ કરવામાં આવી. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# :: સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ ::

**દયાદરા :** ખાતે દર રવિવારે અસરબાદ થતા અઠવાડિક સુન્ની તર્બિયતી ઈજતેમામાં મૌલાના સાજિદ મિસ્બાહી થામવાળાએ બે રવિવાર સુધી ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની જિંદગીની રોશનીમાં અક઼ાઈદે અહલે સુન્નત તથા વક઼્ત એહમિયત પર તેમજ જુમ્આમાં હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની શાનમાં બયાન તેમજ અન્ય રવિવારોએ મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામીએ દીની તર્બિયત કરતાં બયાનો કર્યા હતાં. દરરોજ અસર બાદ ''બરકાતે સુન્નતે રસૂલુલ્લાહ'' ﷺમાંથી પટેલ શબ્બીર અલી રઝવી દર્સ આપતા રહ્યા.

**પાલેજ :** ના મુબલ્લિગો જનાબ ઈમરાનભાઈ નૂરી, યૂસુફ નૂરી થકી કાફ઼લાની શક઼્લમાં પહોંચી ગશ્ત, દર્સ તથા તર્બિયતી પ્રોગ્રામો ક્રમે ક્રમે પાદરા, મોતીપુરા, ઉતરાજ, સાધલી, વેલુગામ, સાયર, લિલોર, હિંગલ્લા, આબાદનગર, નેત્રંગ, ડેડિયાપાડા, કેસરોલ, શંખવાડ, ગલેન્ડા, ખોજબલ, ડભોઈ, બોડેલી, શિનોર, સાંપા, ઉતરાજ, રાજપીપળા, વગેરે ગામો શહેરોમાં કર્યા.

**કોસંબા :** ખાતે મક઼બૂલભાઈ, ખલીલભાઈ વગેરેના થકી હપ્તાવારી ઈજતેમા, ચોક ઈજતેમા કરવામાં આવ્યા.

**વડોદરા :** ખાતે મુબલ્લિગો જાવેદભાઈ કુરૈશી, સુલ્તાન રઝા, અસ્લમભાઈ, ઉસ્માનગની વગેરે થકી હપ્તાવારી ઈજતેમા મર્કઝ નૂરાની મસ્જિદ–ભેંસવાડા ખાતે થયા તથા પાણીગેટ દરગાહ પાસે શબે મેઅરાજના ઈશાબાદ જનાબ અસ્લમ રઝાએ બયાન કર્યું અને ઝિક્ર દુઆ તથા સલાતુત્તસ્બીહ પઢાવાયી, અંતમાં જાવેદ કુરૈશીએ દુઆ ફર્માવી. તેમજ સુલ્તાન રઝા તથા ઈમરાન નૂરી (પાલેજ), હાફેઝ અ.રહીમ સાહબ થકી બે વાર અમદાવાદ નરોડા, બાપુનગર ખાતે તર્બિયતી પ્રોગ્રામો થયા.

**નબીપુર :** ખાતે આલિમા બહેનો થકી દર રવિવારે ઈશાબાદ મદ્રસા હોલમાં તર્બિયતી ઈજતેમાઓ કામયાબી સાથે થતા રહ્યા. જેમાં બહોળી સંખ્યામાં બહેનોએ હાજરી આપી દીની ઈલ્મ હાંસલ કર્યો.

**જંબુસર :** મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ, હાફિઝ અ.રહીમ બરકાતી, હાફેઝ મુશ્તાક સાહબ, મૌલાના ઈબ્રાહીમ થકી જંબુસરમાં દર સોમવારે હપ્તાવારી ઈજતેમા તેમજ દર બુધવારે દહેગામ, કાવીનો દૌરો કરી ત્યાં તર્બિયતી ઈજતેમા તેમજ મૌલાના ઝહીર મિસ્બાહી થકી જંબુસર જામા મસ્જિદમાં દર્સે હદીષ થાય છે.

**ભરૂચ :** ખાતે મૌલાના અલ્તાફ઼ મિસ્બાહી, તારીકભાઈ શેખ, મોઈનભાઈ, શફ઼ીભાઈ વગેરે થકી અઠવાડિક ઈજતેમાઓ વિવિધ મસ્જિદોમાં તેમજ ''ફયઝાને રઝા ઈબાદતગાહ'' (નૂરી તર્બિયતી સેન્ટર–પાંચ બત્તી પર ૨૧–૯–૨૦૧૬ થી ૨૯–૯–૨૦૧૬ સુધી સમર ક્લાસિસ તર્બિયતના રાખવામાં આવ્યા જેમાં સ્કૂલના વિદ્યાર્થિઓએ સળંગ રહીને અથવા આવજા કરીને દીની બેઝીક તાલીમ મેળવી.

## :: મદદની અપીલ... ::

**સરખેજ :** તરક્કીએ ઈસ્લામ, આયશા પાર્ક, સરખેજ–અમદાવાદ–૩૮૨૨૧૦ જ્યાં મદ્રસાએ ગુલશને બગદાદ ચાલી રહેલ છે, તેમને લિલ્લાહ, ઝકાત, સદક઼ા, વગેરેથી સહાય કરવા અપીલ છે. સંપર્ક : મો. ૯૪૨૯૯૨૦૪૧૯૭

**વઢવાણ સીટી :** ખાતે ''દારૂલ ઉલૂમ ફૈઝે મુફ઼્તીએ આ'ઝમ'' ૧૭ વર્ષથી ચાલે છે. નવા મકાનનું ઉદ્‌ઘાટન તા. ૨૭–૧૦–૨૦૧૬થી થયું છે જેમાં બહારના તલબા તાલીમ હાંસલ કરી રહ્યા છે તો લિલ્લાહ, ઝકાત, સદક઼ા વગેરે આપી સહાય કરવા અપીલ છે. (સંપર્ક : મો. ૯૨૨૮૪૩૪૧૦૨) સરનામુ : અબોલ પીર ચોક, વઢવાણ સીટી, જિ. સુ. નગર.

**મોરબી :** હુસૈની કમિટી (સુન્ની), ૮ લાટી પ્લોટ સામે, મોરબી.

**ગોંડલ :** સુન્ની મુસ્લિમ કમિટી, હવેલી શેરી, ગોંડલ.

ઉપરોક્ત બંને કમિટીઓ વર્ષોથી સુન્ની સાહિત્ય પ્રકાશનમાં અણમોલ ખિદમત આપી રહેલ છે. તેમને તમારી લિલ્લાહ, ઝકાત, ખૈરાત વગેરેની રકમો મોકલી સહાય કરશો.

## થામમાં દસ્તારબંદીનો જલસો

દારૂલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામમાંથી ફારિગ થનાર ૧૨ હાફિઝોની દસ્તારબંદી તથા જામિઆ આઈશા સિદ્દીકા અલ બનાતમાંથી ૪૪ છોકરીઓને સિવણ ક્લાસ તથા આલિમાની તથા ૨૩ છોકરીઓના ફાઝિલાની સનદની અર્પણવિધિ તા. ૧૫–૪–૨૦૧૬ રવિવારે સવારે નવ વાગ્યે રાખવામાં આવી. જેના શાનદાર જલ્સામાં ખતીબે ઝીશાન આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ મદ્રસાઓની સ્થાપ્નાનો મક્સદ તથા સૌ પ્રથમ મદ્રસો અને તેના તલબા મહાન સહાબા વિશે દૃષ્ટાંતો આપી અસરકારક બયાન કર્યું હતું. હઝરત સૈયદ હશ્મતઅલી બાવા (જંબુસર) તથા અન્ય સાદાતે કિરામ, ઉલમા, અઈમ્મા, મુબલ્લિગોએ હાજરી આપી હતી.

**રૂા. ૩૦માં કિતાબ મંગાવો**

નામ : **સચ્ચાઈનો સ્વીકાર** (પેજીસ–૬૪) સંપાદક : **મર્હૂમ હાજી અ. ગફ્ફાર ચોલા**
પ્રકાશક : **સુન્ની મિશન, મુહમ્મદ અમીન ચોલા નૂરી**
ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર–૩૬૧૦૦૧

જેમાં ૨૦મી સદીની શરૂઆતથી અરબ જગતમાં શું ફેરફારો થયા. સુન્ની ઉષ્માની તુકી હુકૂમત કેવી રીતે અંગ્રેજોના પાળેલા કૂતરા ગુસ્તાખે નબી સઊદી નજદી વહાબીઓએ બગાવત કરીને તોડી પાડી અને પોતાના હાથમાં સત્તા આવતાં સહાબા, અહલે બયત તથા અન્ય બુઝુર્ગોના મઝારોને તથા અનેક યાદગાર મસ્જિદોને સઊદી શૈતાનોએ તોડી પાડી તેના પર બુલડોઝરો ફેરવ્યાં એનો રિપોર્ટ દેવબંદી મોલ્વી શૌરિશ કશ્મિરીની કિતાબના જ હવાલાથી વાંચો અને વહાબીઓની અસલ હકીકત સમજી તેમનાથી દૂર રહી ઈમામ મજબૂત બનાવો. લેખક, પ્રકાશકને અલ્લાહ જઝાએ ખૈર આપે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ઈન્તેકાલ પુરમલાલ** **ભાવનગર** : ખાતે તા. ૧૬–૫–૨૦૧૬ સોમવારના સવારે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ અબ્દુર્રઝ્ઝાક પાંચાના વાલિદાનો ૭૦ વરસની વયે ઈન્તેકાલ થયો અને ઝહોર બાદ દફનવિધિ કરવામાં આવી. રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં મર્હુમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

આયોજિત જમવા રહેવા સાથે ૩ X ૨ લકઝરી બસ દ્વારા

**પ્રવાસના સ્થળો** : બોમ્બે–ગેટ વે ઓફ ઈન્ડિયા, ચોપાટી, હેગિંગ ગાર્ડન, હાજી અલી, મખ્દૂમશાહ બાવા (માહિમ), હાજી મલંગ, એસ્સેલ વર્લ્ડ, બાબાગોર (ઝઘડીયા) પરત ધોળકા

**આખી ટીકીટ** રૂા. ૩,૨૫૧/–
**અડધી ટીકીટ** રૂા. ૧,૭૦૧/–
**પ્રવાસ દિવસ** ૦૬

:: બસ ઉપડશે ::
તા ૦૮/૦૭/૨૦૧૬, શુક્રવારે

૧. આદર્શ હોટલ પાસે, સામરખા ચોકડી, આણંદ સમય : સાંજે : ૪ કલાકે
૨. તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, **ધોળકા** (જિ. અમદાવાદ) સમય : બપોરે : ૧૨ કલાકે

**આયોજક :** શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૨૭૧૭૪૦૦૨

**Bank A/c. No. 32996143540 SBI (Dholka Branch)**

**નોંધ** : ૧. રૂા. ૧૦૦૧/– ભરી મનગમતી સીટ બુક કરાવી શકાશે. ૨. રૂા. ૨૫૦/– ગાઈડ ફી તથા યાત્રીવેરો વિગેરે યાત્રિકોએ અલગથી આપવાનો રહેશે. ૩. બે અડધી ટીકીટ વચ્ચે ૧ સીટ આપવામાં આવશે. ૪. ૩ થી ૮ વર્ષના બાળકો અડધી ટીકીટ રહેશે.

## "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"ના આ વર્ષે પ્રકાશિત થયેલ અણમોલ કિતાબો

- **મુકાશફતુલ કુલૂબ :** (લેખક : હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ, અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, પેજીસ : ૭૬૦)
- **હદીષોના દુશ્મન** (લેખક : હઝરત અલ્લામા મુહમ્મદકલીમ રઝવી નૂરી–મુંબઈ અનુવાદક : હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી, પેજીસ : ૫૨)
- **નુઝહતુલ કારી (ભાગ : ૬)** (લેખક : હઝરત મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہ અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, પેજીસ : ૬૫૦)
- **સુખ શાંતિમય સમાજ રચનામાં ચિશ્તી બુઝુર્ગોનો ફાળો** (સંપાદક : હાફિઝ ઉષ્માન સાહબ કોલવનવી, પેજીસ : ૨૪)
- **સર્વ શ્રેષ્ઠ અખ્લાકવાળા આપણા નબી** صلی اللہ علیہ وسلم (સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, પેજીસ : ૩૬)
- **બરકાતે રમઝાન વ મસાઈલે ઝકાત** (સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, પેજીસ : ૮૮)
- **ગલતફહમીઓ અને તેની સુધારણા** (અઝ : હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી, અનુવાદક : મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ–પોરબંદર B.Sc. M.Ed. પેજીસ : ૧૭૨)
- **દેવબંદી હરગિઝ અહલે સુન્નત નથી !** (સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, પેજીસ : ૪૦)

**કુલ : ૨૨૨ પ્રકાશનો બહાર પડી ચૂક્યાં છે**

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** C/o. ફયઝાને રઝા મંઝિલ મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**અંજુમને રઝાએ મુસ્તફા** કે **ઈસ્લામિક વેલ્ફેર મિશન**ના ડોનરો કે મેમ્બરોએ પત્ર લખવાની જરૂર નથી તેમને ડાયરેક્ટ કિતાબો મળી જશે. મેમ્બર ફી **રૂા. ૫૦૦/–** ભરીને મેમ્બર થઈ શકાશે. ઉપરાંત આ પ્રકાશન કાર્યમાં સહાય માટે જરૂરથી આપના લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, કુર્બાનીની ખાલોની રકમો, ઉશ્ર વગેરેથી સહાય દયાદરા મોકલી સુન્ની સાહિત્યને ફેલાવવા સહકાર કરશો એવી વિનંતિ છે. **ઉપરોક્ત કિતાબોનો ખર્ચ લાખોમાં થાય છે તો આપની ઈમદાદ મોકલી સવાબના હક્કદાર થશો.**

### :: બેંકથી મદદ માટે એકાઉન્ટ નંબરો ::

- ❑ **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**(BOB Dayadara Branch, A/c. No. 34620100000302)
- ❑ **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** (BOB Dayadara Branch, A/c. No. 34620100000301)
- ❑ **પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરા** (BOB Dayadara Branch, A/c. No. 34620100000107)
- ❑ **મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ** (BOB Amod Branch, A/c. No. 16710100004533)

નોંધ : ડાયરેક્ટ બેંકના ખાતામાં જમા કરી અવશ્ય જાણ મેસેજ કે ફોનથી કરવી જેથી વિગતે રસીદ મોકલી શકાય.